Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

★ ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૧૫ ★

ॐ

# અનુભવપ્રકાશ

: લેખક :

સ્વ. પં. દીપચંદજી શાહ, કાસલીવાલ

: અનુવાદક :

શાહ સોમચંદ અમથાલાલ

કલોલ-ગુજરાત

મૂલ્ય : રૂા. ૨૦-૦૦

પ્રકાશક

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ-૩૬૪૨૫૦

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રથમ આવૃત્તિ — ૧૦૦૦
બીજી આવૃત્તિ — ૧૦૦૦
ત્રીજી આવૃત્તિ — ૧૦૦૦
ચોથી આવૃત્તિ — ૨૦૦૦
(વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર)
પાંચમી આવૃત્તિ — ૨૦૦૦
છઠ્ઠી આવૃત્તિ — ૧૦૦૦
સાતમી આવૃત્તિ — ૩૦૦૦ વિ. સં. ૨૦૫૪

મુદ્રક :
**જીનલ ગ્રાફીક્સ,** અમદાવાદ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been donated in memory of Pujya Shree Lalchandbhai A Modi by Rajesh & Jyoti Shah, London who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of
Anubhav Prakash (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 20 January 2010 | First electronic version |



• પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી •

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

## સાતમી આવૃત્તિ પ્રસંગે

# પ્રકાશકીય નિવેદન

આ અનુભવપ્રકાશ ગ્રંથના રચયિતા શ્રી દીપચંદજી કાસલીવાલ જૈપુરી છે. તેઓ આમેરના રહીશ હતા. તેઓ ઉત્તમ આધ્યાત્મિક વિદ્વાન હતા. તેમણે આ ગ્રંથ ઉપરાંત અનુભવવિલાસ છંદ, આત્મ-અવલોકન છંદ, ચિદ્વિલાસ વચનિકા, પરમાત્મપુરાણ છંદ, સ્વરૂપાનંદ બૃહત્ તથા લઘુ, જ્ઞાનદર્પણ, ગુણસ્તાનભેદ, ઉપદેશરત્ન છંદ, અધ્યાત્મપચીસી છંદ વગેરે રચેલાં છે.

તેમના સમય તેમજ જીવન સંબંધી જાણવાના સાધનના અભાવે કાંઈ વિશેષ લખી શકાતું નથી. પણ પુસ્તકના લખાણ અને શૈલી પરથી જણાય છે કે તેઓ ઘણા જ અધ્યાત્મપ્રેમી હતા.

આ અનુભવપ્રકાશગ્રંથ આત્મઅનુભવનો નાનો પણ ભાવવાહી સુંદર ગદ્યગ્રંથ છે.તેમાં આત્માનું સ્વરૂપ, સ્વરૂપપ્રાપ્તિનો ઉપાય, સાધ્ય-સાધકભેદ, અનુભવનું વર્ણન, સમાધિવર્ણન વગેરે વિષયોને સંક્ષેપમાં ચર્ચી, આત્મરસનું આસ્વાદન કરવાની રીત દર્શાવેલ છે.

આ વિષયના આધ્યાત્મિક ગ્રંથો-પરમાગમો-પૂર્વાચાર્યોએ અગાઉ લખેલા છે; તે વિષયોને પોતાની મૌલિક શૈલીમાં ગ્રંથકારે વર્ણવેલ છે.

સ્વાનુભૂતિથી વિભૂષિત, આત્મજ્ઞ, અધ્યાત્મરસની વર્તમાનમાં ક્રાંતિ જેમના દ્વારા થઈ રહી છે, એવા પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તેમ જ સ્વાત્માનુભવી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના સદ્દુપદેશપ્રતાપે જીવોમાં અધ્યાત્ની રુચિ જાગી, તત્ત્વ-પ્રસાર ભારતમાં વ્યાપક પ્રમાણમાં થયેલ અને પૂજ્ય બહેનશ્રીની સત્પ્રેરણાથી તે રુચિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ઘણો જ વેગ અને ગાઢપતા મળી; તદનુસાર સત્ સાહિત્યનું પ્રકાશન આ ટ્રસ્ટ દ્વારા થઈ રહ્યું છે. આ ગ્રંથની પ્રથમ છ આવૃત્તિઓ પ્રકાશિત થયેલ છે; તે ખપી જતાં ગ્રંથની પ્રિયતાને લઈને મુમુક્ષુઓને પ્રાપ્ય બની રહે તે હેતુથી તેની સાતમી આવૃત્તિ પ્રકાશિત પામે છે. મૂળ ગ્રંથ જૂની હિંદી (ઢૂંઢારી) ભાષામાં છે. ગુજરાતી જનતાને સમજવામાં સરળ થાય તેથી ગુજરાતીમાં અનુવાદ કરવા બદલ અનુવાદકનો આભાર માનવામાં આવે છે.

અનુભવપ્રકાશ હિંદી આવૃત્તિ ત્રીજી અને જૂના હિંદી અનુભવ-પ્રકાશના પુસ્તક પ્રમાણે મૂળ હિંદી સાથે મેળવતાં શ્રી અમૃતલાલ ઝાટકિયાએ હિંદી પ્રમાણે સંશોધન કરી આપ્યું છે. તે બદલ તેમનો આભાર માનવામાં આવે છે.

જીનલ ગ્રાફીક્સે (અમદાવાદ) ટૂંક સમયમાં છાપકામ કરી આપેલ છે, તે બદલ તેમનો આભાર માનવમાં આવે છે.

આવા અનુભવપ્રધાન ગ્રંથનું અમૃતપાન કરી મુમુક્ષુઓને અનુભવની પ્રાપ્તિ થાઓ તેવી ભાવના સાથે....

**દીપાવલી, વિ.સં. ૨૦૫૪**
**મહાવીર નિર્વાણદિન**
**તા. ૨૦-૧૦-૧૯૯૮**

**સાહિત્યપ્રકાશનસમિતિ**
**શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ - ૩૬૪૨૫૦.**

卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# વિષય સૂચિ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મંગલાચરણ | ૧ |
| આત્માનું સ્વરૂપ | ૧ |
| સ્વરૂપ-ચિંતવનરૂપ પરિણામ કેમ કરતો નથી? | ૨ |
| આત્મસ્વરૂપનો મહિમા | ૨ |
| અનુભવના વિલાસમાં ચિત્તને કેવી રીતે રમાડે? | ૩ |
| અનુભવમાં અનંતગુણના સર્વરસ | ૩ |
| ચેતનાગુણ | ૪ |
| સ્વરૂપજ્ઞાન કેવી રીતે થાય? | ૫ |
| પરપદાર્થમાં પોતારૂપપણાની માન્યતા કેમ મટે? | ૬ |
| નિજસ્વરૂપસુખ કેવી રીતે પમાય? | ૬ |
| નિજસ્વરૂપ-શ્રદ્ધા ક્યાંથી થાય? | ૭ |
| નિજસુખ દુર્લભ કેમ? | ૮ |
| આનંદકેલી નિજસ્વરૂપ શ્રદ્ધાથી કેમ થાય? | ૧૧ |
| પરિણામ સ્વરૂપમાં કેવી રીતે લાગે? | ૧૫ |
| જ્ઞાન તો જાણપણારૂપ છે (છતાં) આત્માને કેમ નથી જાણતું? | ૧૭ |
| પરનો નિવાસ અનાદિ કેવી રીતે? | ૨૩ |
| નિશ્ચયમોક્ષમાર્ગના બે પ્રકાર છે. | ૨૫ |
| તત્ત્વસુધા સેવવાનો માર્ગ ક્યો? | ૨૭ |
| સ્વસંવેદન-રસના આસ્વાદથી લાભ | ૩૨ |
| ચેતનાને જાણ્યે જ્ઞાતા જીવને કેવા ભાવ થાય? | ૩૮ |
| સાધક-સાધ્યભેદ જાણે તો વસ્તુની સિદ્ધિ થાય. | ૩૯ |
| મિથ્યાત્વ બીજા મિથ્યાત્વને કેવી રીતે સાધે? | ૪૦ |
| શુભોપયોગના ત્રણ ભેદ | ૪૩ |

| | |
|---|---|
| સાધકસાધ્યના અનેક ભેદ | ૪૫ |
| સ્વસંવેદનજ્ઞાનપરિણતિ વડે પરમાત્માનું પ્રાકટય | ૪૭ |
| અનુભવવર્ણન | ૫૧ |
| સ્વાનુભવ થતાં નિર્વિકલ્પ સમ્યક્તા | ૫૨ |
| પરિણામ શુદ્ધતામાં સર્વશુદ્ધતા | ૬૦ |
| દેવાધિકાર | ૬૨ |
| જ્ઞાનાધિકાર | ૬૫ |
| જ્ઞેયાધિકાર | ૬૭ |
| નિજધર્માધિકાર | ૬૯ |
| મિશ્રધર્માધિકાર | ૭૧ |
| નિશ્ચયવસ્તુસ્વરૂપ | ૭૪ |
| સમાધિવર્ણન | ૭૮ |
| શ્રી ગુરુપદેશામૃતપાનથી મોહ મટે | ૮૧ |
| જ્ઞાન વડે વિચાર | ૮૬ |

# : વચનામૃત :

૧. ગુપ્ત અને પ્રગટ એ અવસ્થાભેદ છે, "બંને અવસ્થામાં સ્વરૂપ જેવું ને તેવું છે." એવો શ્રદ્ધાભાવ સુખનું મૂળ છે.

૨. તારો નાથ નિજજ્ઞાનમહિમાને છૂપાવીને બેઠો છે. તેને તું પિછાણ. આ ગુપ્તજ્ઞાન થયું. એટલે તારો નાથ છૂપાયેલો રહેશે નહિ.

૩. મારું જ્ઞાન એ જ હું છું, પર-વિકાર પર છે. જ્યાં જ્યાં જાણપણું છે ત્યાં ત્યાં 'હું' એવો દૃઢભાવ તે સમ્યક્ત્વ છે.

૪. નરભવ તો સદા કાંઈ રહે નહિ. સાક્ષાત્ મોક્ષસાધનરૂપ જ્ઞાનકલા આ ભવ વિના અન્ય જગ્યાએ ઊપજતી નથી. તેથી વારંવાર કહેવામાં આવે છે કે - નિજબોધકલાના બલ વડે નિજસ્વરૂપમાં રહો. નિરતંર આ જ યત્ન કરો.

૫. શરીર જડ અનંતા છોડ્યા પણ દર્શન-જ્ઞાન સદાય સાથ રહ્યા કરે. વળી અત્યારે પણ દેખનાર-જાણનાર આ મારો ઉપયોગ તે જ મારું સ્વરૂપ છે. તેવી રીતે ઉપયોગી-અનુપયોગીને વિચારતાં જડ-ચેતનની પ્રતીતિ થાય.

૬. અનાદિના અજ્ઞાનથી જ્ઞાન ગુપ્ત થયું છે. શુદ્ધ-અશુદ્ધ બંને દશામાં જ્ઞાન શાશ્વત શક્તિને ધારે છે. ચિદ્વિકાર ભાવ ક્રોધાદિરૂપ થતાં થાય છે, તે જ ભાવને મટાડી પોતે નિર્વિકાર સહજભાવને પોતાનામાં આચરણવિશ્રામ-સ્થિરતાના પરિણામ કરી, કરો.

૭. ચિદાનંદ પોતાને ભૂલ્યો છે, પરમાં પોતાને જાણ્યો છે. પોતે પોતાની ભૂલ મટાડો. સદા ઉપયોગધારી આનંદરૂપ પોતે સ્વયમેવ જ યત્નવિના (સહજ) બન્યો છે, તેથી નિજને નિહાળવાનું જ કાર્ય છે. નિજની શ્રદ્ધા આવતાં નિજ અવલોકન થાય છે.

૮. કોઈ કહેશે કે આજના સમયમાં નિજ સ્વરૂપની પ્રાપ્તિ કઠણ છે, તેમ કહેનાર સ્વરૂપ પામવાની ચાહ મટાડનાર બહિરાત્મા છે.

૯. અવિદ્યારૂપ જડની અલ્પશક્તિથી તારી મહા શક્તિ ન હણાય જાય. પરંતુ તારી શુદ્ધ શક્તિ પણ મહાન, તારી અશુદ્ધ શક્તિ પણ મહાન.

૧૦. દેખો! દેખો! ત્રણ લોકનો નાથ ભૂલી નીચ એવા પરને આધીન થયો. પોતાની નિધિ ન પિછાણી, ભિખારી બની ફરે છે. નિધિ ચેતના છે. તે પોતે જ છે, દૂર નથી, દેખવું દુર્લભ છે. દેખે તો સુલભ છે.

**૧૧. સમ્યક્ત્વ વિનાનો શુભોપયોગ સંસારસુખ આપે, દેવપદ આપે કે રાજપદ આપે. ત્યાં દેવગુરુશાસ્ત્રનું નિમિત્ત હોય તેને લાભ થવો હોય તો થાય, નહિ તો ન થાય. કાર્યને કારણ નિયમ વગર છે, એવી રીતિ જાણવી.**

**-- અનુભવપ્રકાશ**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# અનુભવ પ્રકાશ

## મંગલાચરણ

(દોહા)

[1]ગુણ અનંતમય પરમપદ, શ્રીજિનવર ભગવાન;
જ્ઞેય લખત[2] હૈં જ્ઞાનમેં, અચલ સદા [3]નિજસ્થાન.

પરમદેવાધિદેવ, પરમાત્મા, પરમેશ્વર, પરમ પૂજ્ય,અમલ, અનુપમ, આનંદમય, અખંડિત, ભગવાન નિર્વાણનાથને નમસ્કાર કરી શ્રી [4]અનુભવ પ્રકાશ નામનો ગ્રંથ કરું છું, જેના પ્રસાદથી પદાર્થનું સ્વરૂપ (યથાર્થ પ્રકારે) જાણી નિજ આનંદ ઉત્પન્ન થાય.

પ્રથમ, આ લોક છ દ્રવ્યનો બન્યો છે. તેમાં પાંચ દ્રવ્યથી ભિન્ન સહજસ્વભાવરૂપ સચ્ચિદાનંદાદિ અનંતગુણમય ચિદાનંદ (આત્મા) છે. તે (ચિદાનંદ આત્મા) અનાદિના કર્મસંયોગથી અનાદિથી અશુદ્ધ થઈ રહ્યો છે. તેથી (તેણે) પરપદમાં પોતાને માની પરભાવ કર્યા તેથી જન્માદિ દુઃખ સહન કરે છે. આવી દુઃખ પરિપાટી પોતાના અશુદ્ધ ચિન્તવનથી થઈ છે. (પણ) જો તે પોતાના (સહજ) સ્વરૂપની સંભાળ કરે તો એક ક્ષણમાં સર્વ દુઃખનો નાશ થાય, જેવું કાંઈ શાશ્વત આનંદમય પરમપદ છે તેને પામે. (એ પદ કાંઈ અન્ય વસ્તુ નથી પણ પોતાનું જ સ્વરૂપ

---

૧. **અર્થ** :- શ્રી જિનવર ભગવાન અનંતગુણમય પરમપદસ્વરૂપ છે. તેઓ નિજસ્થાનમાં સદા અચલ રહ્યા થકા જ્ઞાનમાં જ્ઞેયને જાણે છે.

૨. પાઠાન્તર-'**लक्ष्य**' ૩. પાઠાન્તર-'**जिनस्थान**'

૪. પાઠાન્તર-'**अनुभौ**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે.) તેની સંભાળ કરતાં જ સ્વરૂપ પ્રાપ્તિ થાય છે, એનો ઉપાય દર્શાવીએ છીએ-જે પરિણામ ઊલટી (ગુલાંટ ખાઈ) પરમાં પોતાને માની સ્વરૂપનું વિસ્મરણ કરી રહ્યા છે તે જ પરિણામ સુલટી (સવળા થઈ) સ્વરૂપને પોતારૂપ માની પરનું વિસ્મરણ કરે તો મુક્તિકામિનીનો (મુક્તિરમણીનો) કંથ થાય.

**પ્રશ્ન** :- એવા પરિણામમાં કાંઈ કલેશ તો નથી (તો) એવા પરિણામ (ચિદાનંદ આત્મા) કેમ કરતો નથી ?

**સમાધાન** :- અનાદિકાળથી (આ જીવ) અવિદ્યામાં (મિથ્યાત્વમાં) પડયો છે. મોહની ગાંઠ નિબિડ (નિવડ) પડી છે. આત્મા અને પરનું એકત્વસંધાન થઈ રહ્યું છે. જેવી રીતે કોઈ પુરુષને અફીણનો અમલ ચઢ્યો છે, તે દુઃખ પામે છે પણ છૂટી શકતો નથી. શાથી? કે (અમલ) ઘણો ચઢ્યો છે, છૂટવાથી સુખ છે, કલેશ (દુઃખ) નથી, પણ તલપ લાગતાં તે લે ને લે જ. તેવી રીતે આ (જીવ) પરમોહથી બંધાઈ રહ્યો છે. છૂટવાથી સુખ છે, છતાં છૂટતો નથી. અનાદિના સંયોગથી છૂટતાં સુખ થાય છે છતાં જૂઠું જ દુઃખ માને છે. તેને મટાડવાને માટે પ્રજ્ઞાછીણીને, આત્મા અને પરના એકત્વસંધાનમાં નાખે, ચેતના અંશ-અંશને પોતાનો જાણે (કે) જેમાં જડનો પ્રવેશ નથી. કેવી રીતે જાણે તે કહેવામાં આવે છે.

જે આ (જ્ઞાન) પરમાં પોતાને જાણે છે તે આ જ્ઞાન નિજ વાનગી (છે). (જે જ્ઞાન પરમાં પોતાને જાણે છે તે જ્ઞાન જ નિજ વાનગી છે.) આ નિજ (જ્ઞાન) વાનગી ઘણા સંતો ઓળખી ઓળખીને અજરઅમર થયા, તે કહેવામાત્ર જ ન ગ્રહે, (તે માત્ર બોલવા પૂરતું જ ન રાખે), પણ ચિત્તને ચેતનામાં લીન કરે, સ્વરૂપ-અનુભવનો વિલાસ સુખનિવાસ છે તેને કરે. (સ્વરૂપ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુભવનો જે સુખરસ તેમાં ચિત્તને રમાવે.) તે કેવી રીતે કરે તે કહેવામાં આવે છે.

નિરંતર પોતાના સ્વરૂપની ભાવનામાં મગ્ન રહે, દર્શનજ્ઞાન-ચેતનાનો પ્રકાશ (પોતાના) ઉપયોગ દ્વારમાં દૃઢ ભાવે (ચિંતવે). ચિદ્‌પરિણતિથી સ્વરૂપરસ થાય છે. દ્રવ્યગુણપર્યાયને યથાર્થ અનુભવવા એ (જ) અનુભવ છે. અનુભવથી પંચ [1]પરમગુરુ થયા અને થશે. તે પ્રસાદ (કૃપા, પ્રભાવ) અનુભવનો છે. અરિહંત, સિદ્ધ (પણ એ) અનુભવ-આચરણને સેવે છે, (સ્વરૂપ) [2]અનુભવમાં અનંતગુણના સર્વરસ આવે છે. તે (અહીં) કહેવામાં આવે છે.

[3]જ્ઞાનનો પ્રગટ પ્રકાશ અનંત ગુણોને જાણે. જ્ઞાનરૂપી વિશેષ ગુણને પરિણતિ પરિણમે, વેદે, આસ્વાદે, ત્યાં અનુપમ આનંદફળ નીપજે. એ પ્રમાણે દર્શનને પરિણતિ પરિણમે, વેદે, આસ્વાદે, (અને) સુખફળ નપીજે. એ જ રીતે સર્વ ગુણોને (પરિણતિ) પરિણમે, વેદે, આસ્વાદે (જેમ) આનંદ, અનંત, અખંડિત, અનુપમરસ (સહિત) ઊપજે. તેથી સર્વ ગુણોના રસનો પરિણતિ-દ્વારા અનુભવ કરાવવામાં આવ્યો. એ જ પ્રમાણે દ્રવ્યને પરિણતિ પરિણમે, વેદે, આસ્વાદે, (અને) આનંદ પામે. ત્યારે પરિણતિ દ્વારા દ્રવ્યનો અનુભવ થયો. [4]અનુભવપ્રકાશ, ગુણપરિણતિ એકરસ થતાં, થાય છે. (એ જ) વસ્તુનું સ્વરૂપ છે. (જે સર્વગુણ રસના પુંજરૂપ છે) તે ચેતનાગુણનું સંક્ષેપમાત્ર (અહી) વર્ણન કરવામાં આવે છે.

---

૧. પંચ પરમગુરુ જે ભયે, જે હોંગે જગમાંહિ;
તે અનુભૌપરસાદ તૈં; યામેં ધોખો નાંહિ. ૧૫૪.

૨. ગુણ અનન્તકે રસ સબ, અનભૌ રસકે માંહિ;
યાતૈં અનુભૌ સારિખો, ઔર દુસરો નાંહિ. ૧૫૩. -જ્ઞાનદર્પણ

૩. પાઠાન્તર-**ज्ञानका प्रगट प्रकाश अनन्त गुणकौं परिणति परणवै वेदै, आस्वाद कैरै।**

૪. પાઠાન્તર-અનુભવનો રસ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વ ગુણોમાં જ્ઞાન (ગુણ) પ્રધાન છે. શાથી ? કે જ્ઞાન વિશેષ ચેતના છે. જ્ઞાન સર્વનું જ્ઞાતા છે. (તથા જ્ઞાન સૂક્ષ્મ છે) સૂક્ષ્મ ન હોત તો (તે) ·ઇન્દ્રિયગ્રાહ્ય હોત, તેથી સૂક્ષ્મતાવડે જ્ઞાનની સિદ્ધિ છે. સત્તાગુણ વિના સૂક્ષ્મ શાશ્વત ન હોત. વીર્યગુણ વિના સત્તાનું નિષ્પત્તિસામર્થ્ય ક્યાંથી હોત? અગુરુલઘુગુણ વિના વીર્ય હલકું ભારે થતાં, જડતાને ધારણ કરત. પ્રમેયગુણ વિના અગુરુલઘુગુણનું પ્રમાણ કયાંથી હોત ? અપ્રમાણ થતાં (તેને) કોણ માનત ? વસ્તુત્વ વિના પ્રમાણ કોનું કહીએ ? અસ્તિત્વ વિના વસ્તુત્વ કોના આધારે કહીએ ? પ્રદેશત્વ વિના અસ્તિત્વ કોનું નિરૂપીએ ? પ્રભુત્વ વિના પ્રદેશપ્રભુતા ક્યાંથી રહેત ? વિભુત્વ વિના પ્રભુતા સર્વમાં કેવી રીતે વ્યાપત ? જીવત્વ વિના વિભુત્વ અજીવ હોત. ચેતના વિના જીવત્વ ક્યાં વર્તત ? જ્ઞાન વિના ચેતનાનું વિશેષ જાણવામાં ન આવત. દર્શન વિના સામાન્ય વિશેષ જ્ઞાન ન રહેત. સર્વજ્ઞતા વિના દર્શનને કોણ જાણત? સર્વદર્શિત્વ વિના જ્ઞાનને કોણ દેખત ? ચારિત્ર વિના દર્શન-જ્ઞાનની સ્થિરતા કયાં રહેત ? પરિણામાત્મકત્વ (પરિણામસ્વરૂપપણા) વિના ચિદ્ (ચેતન) ચિદ્વિલાસને કયાંથી કરત ? અકારણ કાર્યત્વ વિના પર કાર્ય થતાં, નિજકાર્યનો અભાવ થાત્. અસંકુચિતત્વ વિના અવિનાશી ચેતનાનો વિલાસ સંકોચમાં આવત. ત્યાગોપાદાનશૂન્યત્વ વિના ગ્રહણત્યાગ લાગ્યો રહેત. અકર્તૃત્વ વિના કર્મનો કર્તા હોત. અભોકતૃત્વ વિના પરભાવને ભોગવત. અસાધારણ વિના ચેતન-અચેતનનો ભેદ ન પડત. સાધારણ વિના કોઇ પદાર્થ સત્ હોત, કોઇ અસત્ હોત. તત્ત્વ વિના વસ્તુ સ્વરૂપને ન ધરત. અતત્વે વિના પરનું તત્ત્વ (નિજમાં) આવત. ભાવ વિના સ્વભાવનો અભાવ હોત. ભાવભાવ વિના ભૂતકાળનો ભાવ ભવિષ્યકાળમાં ન રહેત. ભાવા ભાવ વિના પરિણમન સમયમાત્ર (સમય સમયનું) ન સંભવત. અભાવભાવ વિના અનાગત (ભાવિ, ભવિષ્યનું) પરિણમન ન આવત. અભાવ વિના કર્મનો સદ્ભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(પોતામાં) જાણવામાં આવ્યા કરત. [1]સર્વથા અભાવ-અભાવ વિના અતીતમાં (ભૂતકાળમાં) જે કર્મ અભાવરૂપ હતું તે અનાગત (ભવિષ્ય) કાળમાં અભાવરૂપ હોય એમ ન હોત. કર્તા વિના નિજકર્મનો કર્તા ન હોત. કર્મ વિના સ્વભાવકર્મનો અભાવ હોત. કરણ વિના પરિણમન વડે જે સ્વરૂપનું સાધન હતું તે ન હોત. સંપ્રદાન વિના પરિણતિ સ્વરૂપમાં પોતે સમર્પણ કરી ન શકત (ન કરત). અપાદાન વિના પોતાના દ્વારા પોતા વડે પોતે ન હોત. અધિકરણ વિના સર્વનો આધાર ન હોત. સ્વયંસિદ્ધ વિના પરાધીનતા આવત. અજ વિના ઊપજ્યા કરત. અખંડ વિના ખંડિતતા (ખંડખંડપણું) પામત. વિમલ વિના મલ હોત. એક વિના અનેક હોત. અનેક વિના અનેક ગુણનો અભાવ હોત. નિત્ય વિના અનિત્ય હોત. અનિત્ય વિના (ષડ્ગુણી વૃદ્ધિહાનિ ન હોય, ત્યારે (ષડ્ગુણીવૃદ્ધિહાનિ ન હોય તો વસ્તુમાં) અર્થ-ક્રિયાકારક સ્વભાવની સિદ્ધિ ન હોય. ભેદ વિના દ્રવ્યગુણ અભેદ હોય. અભેદ વિના એક વસ્તુ ન હોય. અસ્તિ વિના નાસ્તિ હોય. નાસ્તિ વિના (વસ્તુમાં) પરની અસ્તિતા હોય. સાકાર વિના નિજાકૃતિ ન હોય. નિરાકાર વિના પરાકાર ધરી (વસ્તુ) વિનાશ પામે, અચલ સ્વભાવ વિના ચલ હોય. ઊર્ધ્વગમન સ્વભાવ વિના ઉચ્ચપદ જાણવામાં ન આવત. ઈત્યાદિ અનંત વિશેષણનો જ્ઞાની અનુભવ કરે છે.

એવું નિજજ્ઞાન (નિજ સમજ, સ્વરૂપજ્ઞાન) કેવી રીતે થાય તે કહેવામાં આવે છેઃ-

પ્રથમ અનાદિથી (ચાલ્યો આવતો) પરમાં અહં-મમરૂપ [2]મિથ્યાત્વનો નાશ કરે, પછી પરરાગરૂપ ભાવનો વિધ્વંસ કરે. જ્યારે પરરાગ મટે ત્યારે વીતરાગ થાય. જ્યારે પરપ્રવેશનો અભાવભાવ થયો ત્યારે સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય અથવા પોતાનાં દ્રવ્યગુણ

---

૧. ક. મુ. પ્રતમાં '**सर्वथा**' પાઠ નથી. ૨. પાઠાન્તર-'**मिथ्या**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર્યાયનો વિચાર કરી નિજપદને જાણે અથવા **ઉપયોગમાં [1]જ્ઞાનરૂપ વસ્તુને જાણે.** અનંત મહિમાનો ભંડાર, સાર, અવિકાર, અપાર શક્તિથી મંડિત મારું સ્વરૂપ છે, એવો ભાવ પ્રતિતિ વડે કરે. ધ્યાન ધર્યે નિશ્ચલતા થાય એમ જ્ઞાન જાણે. નિજરૂપ જ્ઞાનને જ અનુપમ પદનું સર્વસ્વ જાણે. આ સ્વરૂપના જ્ઞાન વિના પરની માન્યતા કરી સંસારી દુઃખી થયા. તે પરની માન્યતા કેવી રીતે મટે ? તે કહેવામાં આવે છે :-

ભેદજ્ઞાન વડે પર અને નિજના અંશ અંશને ન્યારા ન્યારા જાણે. હું ઉપયોગી, મારું ઉપયોગિત્વ ગ્રંથો ગાય છે. હું દેખું જાણું છું. (હું દેખનાર-જાણનાર છું, જ્ઞાતા-દ્રષ્ટા છું. ) આ નિશ્ચય બરાબર (યથાર્થ) કરતાં આનંદ વધે. પર પરિણતિને (મેં) મારી કરી છે. (તે હું) ન કરું તો (એવી) માન્યતા ન થાય. મેં મારી પરમાં માન્યતા કરી, હવે હું નિજમાં (નિજરૂપ) માનું તો માનતાં વેંત જ મુક્તિની સાથે મારી સગાઈ થઈ. અવશ્ય વર થઈશ. કર્મના ભરમનો (ક્રમભાવમાં હું પણાનો ભ્રમ) વિનાશ થતાં નિજ સુખ થાય છે. એ નિજ સુખ કેવી રીતે થાય તે કહેવામાં આવે છે.

મારું અનંતસુખ મારા ઉપયોગમાં છે. તે મારો ઉપયોગ તો સદા હું ધરું છું. હું ઉપયોગને ભૂલી અનુપયોગમાં અનાદિથી રત થઈ સુખસ્થાનક ચેતના-ઉપયોગને ભૂલ્યો, (તેથી) સુખ ક્યાંથી થાય ?

હવે મેં એ ઉપયોગપ્રકાશ ને સાક્ષાત્ યોગ્યસ્થાનરૂપ કર્યો. શાથી ? કે 'હું નર.' એવી માન્યતા (આ) જડરૂપ મનુષ્યશરીરમાં તો ન થાય, (એ માન્યતા) મારા ઉપયોગથી થઈ છે; તો એવી માન્યતાનો કરનાર મારો ઉપયોગ અશુદ્ધ સ્વાંગ સજી (ધરી) બેઠો છે. જેવી રીતે કોઈ એક નટ બળદનો સ્વાંગ ધરી લાવ્યો છે, પરમાં પોતાને ભૂલ્યો છે, પરમાં પોતાને જાણ્યો છે. (તે) પૂછે છે કે

1. પાઠાન્તર-'**ज्ञान**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



'હવે હું મનુષ્યનો પર્યાય ક્યારે પામીશ ?' તે જૂઠું જ પૂછે છે, (પોતે) મનુષ્ય જ છે. ભૂલથી એ રીતિ થઇ છે; (ભ્રમણાથી આવું ભૂલ કરેલું આચરણ થયું છે.) તેવી રીતે ચિદાનંદ પોતાને ભૂલ્યો છે, પરમાં પોતાને જાણ્યો છે; પોતે પોતાની ભૂલ મટાડી, સદા ઊપયોગધારી આનંદરૂપ પોતે સ્વયમેવ જ યત્ન વિના (સહજ) બન્યો છે, તેથી નિજને નિહાળવાનું જ કાર્ય (કર્તવ્ય) છે, (સદા ઉપયોગધારી આનંદરૂપ સ્વયમેવ પોતે જ છે, પોતાનું કામ તો પોતાને નિહાળવા પૂરતું જ છે). નિજ-શ્રદ્ધા આવતાં નિજ અવલોકન થાય છે. આ શ્રદ્ધા ક્યાંથી થાય છે તે કહેવામાં આવે છે.

પ્રથમ સર્વ લૌકિક રીતિથી પરાંગમુખ થાય, નિજ વિચાર સન્મુખ થાય. ચિદાનંદ[૧] રાજા કર્મકંદરામાં (કર્મરૂપી ગુફામાં) છુપાયેલો છે. કર્મકંદરા ત્રણ છે. પહેલી (શરીરાદિ નોકર્મ ગુફા. બીજી (જ્ઞાનાવરણાદિ) દ્રવ્યકર્મ ગુફા, ત્રીજી (રાગદ્વેષાદિ) ભાવ-કર્મ ગુફા. પ્રથમ નોકર્મગુફામાં પરિણતિ પેસી કે અમારો રાજા જોઉં. ત્યાં તેને કાંઇ ન દેખાયું, ચકરાવો થઇ રહ્યો ત્યારે (તે પરિણતિ) ફરવા લાગી. "ત્યારે શ્રીગુરુએ કહ્યું કે 'તું શું શોધે છે ?' ત્યારે તે (પરિણતિ) કહેવા લાગી કે 'મારા રાજાને શોધું છું. પણ તે ન જડ્યા.' ત્યારે શ્રીગુરુએ કહ્યું કે 'તારો રાજા અહીં જ છે. (હવે અહીંથી) પાછો ફરતો નહિં. અહીંથી ત્રીજી ગુફા છે ત્યાં (તારો રાજા) વસે છે. તેના (રાજાના) હાથની દોરી આ ગુફા સુધી આવી છે. તો આ દોરી તેના હાથની હલાવી હાલે છે. જો તે ન હોય તો દોરી પોતાની મેળે ન હાલે. માટે વિચારીને આ શક્તિ અથવા દોરીને અનુસરીને ચાલ્યો જા. કર્મમાં તેની ક્રિયા દેખ કે દોરીને કોણ હલાવે છે ? દ્રવ્યકર્મગુફાની અંદર પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ એવાં નામો તેના (રાજાના) નિમિત્તથી પડયાં છે. તેની (રાજાની)

---

૧. પાઠાન્તર-'**निजराजा**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણતિ જેવી જેવી થઇ તેવી તેવી વર્ગણા બંધાણી, ત્યાં પણ તેની (રાજાની) બનેલી સત્તાથી દ્રવ્યકર્મનું નામ પડ્યું તથા તેના ભાવોના નિમિત્તથી પુદ્ગલ અનેકવિધ કર્મનાં નામ પામ્યાં. ભાવકર્મગુફામાં રાગદ્વેષ મોહના પ્રકાશમાં છુપાયેલું સ્વરૂપ રહે છે. તે પ્રકાશ તારા નાથનો અશુદ્ધ સ્વાંગ છે. તેમાં તું ખોજ, ભય ન પામ, નિઃશંક જા, આ રાગદ્વેષમોહની દોરી સાથે જઇ ખોજ. (આ રાગદ્વેષમોહની દોરી) જે પ્રદેશથી ઊઠી તે જ તારો નાથ છે. દોરીને ન દેખ. જેના હાથમાં દોરી છે તેને વળગ્યે તુરત મળશે. (તારો નાથ) નિજ-જ્ઞાનમહિમાને છૂપાવી બેઠો છે. (તેને) તું પિછાણ. આ ગુપ્તજ્ઞાન થયું એટલે (તારો) નાથ છૂપાયેલો રહેશે નહિ. (ત્યાં તું) ચેતના-પ્રકાશરૂપ ચિજાનંદ રાજાને પામી સુખ પામીશ. (આ તને મેં) નિજસુખનો ઉપાય કહ્યો.'' આ નિજસુખ તો નિજ ઉપયોગમાં કહ્યું. (છતાં આ સુખ) દુર્લભ કેમ થઇ પડ્યું છે? તે કહેવામાં આવે છે.

આ પરિણામભૂમિકામાં મોહમદિરાને પીને અવિવેકમલ્લ ઉન્મત્ત થઇ વિવેકમલ્લને જીતી જયથંભ રોપી જોરાવર બનીને ઊભો છે. તેથી પોતાની સુખનિધિનો વિલાસ કરવા દેતો નથી. વિવેકમલ્લનું જોર થતાં અવિવેક હણ્યો જાય. ત્યારે નિજનિધિ વિલસે, પરરુચિરૂપ ખોટો આહાર સેવતાં (આત્માને) મિથ્યાજ્વર આવ્યો, ત્યારે વિવેક નિર્બળ બન્યો. તેથી સ્વ-આચારરૂપ પારાને શ્રધ્ધારૂપી બુટ્ટીના પુટથી સુધારી (શુદ્ધ કરી) તેનું સેવન કરે તો વિવેકમલ્લ, મિથ્યાજ્વર મટાડી સબલ થઇ અવિવેકને પછાડે, ત્યારે આનંદ નિધિનો વિલાસ (સ્વયં) થાય. સ્વઆચાર શું? શ્રદ્ધા કઇ રીતે થાય? તે કહેવામાં આવે છેઃ-

આ અનાદિ સંસારમાં અનાદિકાલથી (મેં) પર વિચાર કર્યો. (તેથી) મારી જ્ઞાનચેતના અશુદ્ધ થઇ. હવે સ્વ-આચારરૂપ પારાનું સેવન કરવામાં આવે તો અવિનાશી પદને ભેટીએ. (તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવિનાશી પદને ભેટવા માટે) 'હું કોણ છું? મારું સ્વરૂપ શું છે? (તે) કેવી રીતે પામીએ?' (તેનો વિચાર કરવો). (વળી વિચારવું કે) પ્રથમ (મૂળ) પદ પોતાનો ઉપયોગપ્રકાશ છે, (એક) દર્શનજ્ઞાન ઉપયોગ, (બીજો) ચારિત્રઉપયોગ. દર્શન દેખે છે, જ્ઞાન જાણે છે, ચારિત્ર પરિણામ વડે આચરે છે. એવા (પર) જ્ઞેયનું દેખવું, જાણવું, આચરવું અનાદિથી કર્યું, (પણ) મારા વિશુદ્ધ પદમાં ઉપયોગ ન દીધો (ન મૂક્યો). અતીન્દ્રિય (સ્વાધીન) સુખની પ્રાપ્તિ વિના (હું) ખાલી રહ્યો. અનંત તીર્થંકર થયા, તેમણે સ્વરૂપ શુદ્ધ કર્યું, અનન્ત સુખી થયા. હવે મારે પણ એવી જ રીતે (એમની જેમ જ) સ્વરૂપ શુદ્ધ કરવું છે.

મહામુનિજનો નિરંતર સ્વરૂપસેવન કરે છે. માટે (મારે પણ) મારું ત્રૈલોક્યપૂજ્ય, સર્વોત્કૃષ્ટ પદ અવલોકી (નિજ) કાર્ય કરવું છે. કર્મઘટામાં મારો સ્વરૂપ સૂર્ય છૂપાયો છે. મારા સ્વરૂપસૂર્યનો પ્રકાશ કર્મઘટાથી જરાપણ હણાયો નથી, (માત્ર) અવરોધાયેલો છે. ગમે તેટલું (કર્મ) ઘટાનું જોર હોય, (તોપણ તે) મારા સ્વરૂપને હણી શકે નહિ, ચેતનને અચેતન કરી શકે નહિ. મારી જ ભૂલ થઇ છે. સ્વપદ ભૂલ્યો (છું,) ભૂલ જ મટાડું, (કારણ કે) મારું સ્વપદ જેમનું તેમ બની રહ્યું છે.

જેમકે - કોઇ રત્નદ્વીપનો પુરુષ હતો. ત્યાં રત્નનાં મંદિરો હતાં. (તે) રત્નસમૂહમાં રહેતો હતો. [1]પરખ જાણતો ન હતો. (પારખતા આવડતું ન હતું.) (તે) અન્ય દેશમાં આવ્યો, (પોતાના) કટિ-સૂત્રમાં હરિકાંતમણિ વળગેલા હતા. એક દિવસ (તે) સરોવરે સ્નાન[2] કરવા ગયો. ઝવેરી જોયું (કે) તેની મણિપ્રભાથી સરોવરનું

---

૧.પરખ-પરીક્ષા, પારખવું, અથવા ગુણ અને દોષની યથાર્થ નિર્ણાયક દૃષ્ટિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાણી લીલું બન્યું છે. ત્યારે (પેલો ઝવેરી) તેની પાસેથી નંગ લઈ તે પુરુષને રાજા પાસે લઈ ગયો. (પેલા ઝવેરીએ રાજા પાસેથી) એક નંગના મૂલ્યમાં ક્રોડ મંદિર ભરાય એટલી દીનાર (સોનામહોરો) તેને અપાવી. ત્યારે તે (રત્નદ્રીપનો) પુરુષ પસ્તાયો. મારું નિધાન મેં ન પિછાણ્યું. તેવી રીતે પોતાનું નિધાન પોતાની પાસે છે. (તેને) પિછાણતાં જ સુખ થાય છે. મારો આત્મા જ્ઞાનદર્શનનો ધારક ચિદાનંદ છે. મારું સ્વરૂપ અનન્ત ચૈતન્યશક્તિથી મંડિત અનંત ગુણમય છે. મારાં ઉપયોગને આધીન તે બની રહ્યું છે. હું મારા પરિણામરૂપ ઉપયોગને મારા સ્વરૂપમાં ધરીશ, અનાદિનું દુઃખ મટાડીશ (અને) પરમપદને ભેટીશ. સ્વરૂપ પામવાનો આ સુગમ રાહ છે. દષ્ટિગોચર કરવો જ દુર્લભ છે. સંતોએ તે માર્ગને સુગમ કરી દીધો છે. તેમના પ્રસાદથી હું (એ માર્ગને) પામ્યો છું.

તે અમારો અખંડ વિલાસ-સુખનિવાસ આ અનુભવપ્રકાશમાં છે. વનગોચર નથી, ભાવનાગમ્ય છે. આ મારો જ્યોતિસ્વરૂપનો પ્રકાશ હું છું. (આ મારો જ્યોતિસ્વરૂપનો પ્રકાશ) પ્રગટ આ ઘટમાં પ્રકાશે છે, તે દેખે છે, છુપાયેલો નથી; તેને ગોપ્ય કેવી રીતે માનું? છતી વસ્તુને અણછતી કેમ કરું? છતી (વસ્તુ) અણછતી થતી નથી. પૂર્વે જૂઠી રીતે જ છતીને (છતી વસ્તુને) અણછતી માની હતી. અનાદિથી તેના ફળમાં દુઃખ ઊપજયાં કરતું હતું, (હવે)

---

૨. પાઠાન્તર-**'ख' प्रतिमें यह पाठ निम्न रूपमें दिया है–**

**"सो एक दिन सरोवरको पाणी पीवनकौ गयौं, तब उस नर कौं जौहरीने देखा, पाणी हरा भया, भाव जाण्या याके पास नंग है, तब जौहरीने पीछाण्या यह परख न जाने हैं।"**

[તે એક દિવસ સરોવરનું પાણી પીવા ગયો, ત્યાં તે પુરુષને ઝવેરીએ જોયો, પાણી લીલું થયું. (ત્યારે) ભાવ (અર્થ) જાણ્યો. આની પાસે નંગ (મણિ) છે. ત્યારે ઝવેરીએ જાણ્યું કે આ (મણિની) પરખ જાણતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શરીરને આત્મા કેમ માનું? આ તો લોહીથી, વીર્યથી સાત ધાતુનું બનેલું, જડ, વિજાતીય, વિનેશ્વર અને પર છે, તે આ મારી ચેતના નથી. જ્ઞાનાવરણીય વર્ગણા વિજાતીય, સ્વરૂપના આવરણરૂપ, અચેતન, બંધક, વિનશ્વર અને રસવિપાકહીન છે, તે મારી નથી, વિભાવ સ્વભાવને મલિન કરે છે, કર્મ-ઉદયથી થયો છે, (તે) મારો નથી. મારું ચેતનાપદ હું પામ્યો. જ્ઞાનલક્ષણથી લક્ષ્યને (ચૈતન્યને) ઓળખી સ્વરૂપશ્રદ્ધાથી આનંદકંદની કેલી (રમત) કરીને (હું) સુખ થાઉં; તે આનંદકંદની કેલી સ્વરૂપશ્રદ્ધાથી કેવી રીતે થાય તે કહેવામાં આવે છે:-

અનંત ચૈતન્ય ચિહ્ન સહિત અખંડિત ગુણપુંજના અને પર્યાયના ધારક દ્રવ્યનો-જ્ઞાનાદિગુણપરિણતિરૂપ અને પર્યાય-અવસ્થારૂપ વસ્તુનો - નિશ્ચય થયો. જ્ઞાન જાણવામાત્ર, દર્શન દેખવા માત્ર, સત્તા અસ્તિત્વમાત્ર, (તથા) વીર્ય વસ્તુનિષ્પન્નસામર્થ્ય માત્ર છે. કેવળ એવા પ્રતીતિભાવને, રુચિભાવને, આસ્તિક્યતારૂપ શ્રદ્ધાનને શ્રદ્ધા કહીએ. તેનાથી (તે શ્રદ્ધાથી) ઉત્પન્ન થયેલા આનંદકંદમાં કેલી કરીને હું સુખી થાઉં છું, જાણવાથી થતો આનંદ તે જ્ઞાનાનંદ, સ્વરૂપને દેખવાથી થતો આનંદ તે દર્શનાનંદ, પરિણમવાથી થતો આનંદ તે ચારિત્રાનંદ (છે). એવા સર્વ ગુણોના આનંદનું મૂળ નિજસ્વરૂપ આનંદકંદ, તેની કેલી સ્વરૂપમાં (પોતાની) પરિણતિ રમાવવી (તે છે.) તેથી સુખસમૂહ થયો છે. આનાથી (બીજો કોઇ) ઊંચો ઉપાય નથી. (પરમ કૃપાળુ) ભગવાને ભવ્ય જીવોને આ શિવરાહ (શિવમાર્ગ, કલ્યાણમાર્ગ, મોક્ષમાર્ગ) [1]સોહલો દર્શાવ્યો છે. ભગવાનની ભાવનાથી સંતો મહંત થયા. મેં પણ આ જ ભાવનાનો અવગાઢ થંભ રોપ્યો છે. સમ્યગ્દષ્ટિને એવો નિરંતર

---

૧. સોહલો-સહેલો, સુગમ, સરળ, સુખદાયક, સુંદર સોહામણો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભ્યાસ રહે છે. [1]કર્મના અભાવથી સ્વરસમંડિત સુખનો પુંજ પ્રગટે ત્યારે જ્ઞાન કૃતકૃત્ય થાય છે.

આ આત્માનું સ્વરૂપ ગુપ્ત થઇ રહ્યું છે. (તે) સાક્ષાત્ કેવી રીતે થાય? પરોક્ષ જ્ઞાન વડે ભાવના વધારવાથી (તે સાક્ષાત્ થાય છે) તે કેવી રીતે સિદ્ધ થાય તે કહેવામાં આવે છેઃ-

જેમકે - દીપકને પાંચ પડદા છે. એક પડદો દૂર થતાં ઝીણો બારીક ઉદ્યોત થયો; બીજો પડદો દૂર થયો ત્યારે ચડતો (વધારે) પ્રકાશ થયો; ત્રીજો જતાં વધારે થયો; ચોથો જતાં અધિક ચડતો થયો; (વળી) પાંચમો ગયો ત્યારે નિરાવરણ પ્રકાશ થયો. એ પ્રમાણે જ્ઞાનાવરણના પાંચ પડદા છે. મતિજ્ઞાનાવરણ જતાં સ્વરૂપનું મનન કર્યું, અનાદિથી પરમનન હતું તે મટ્યું, પછી અનન્તર એવી પ્રતીતિ થઇ કે જેમ કોઇ પુરુષ દરિદ્રી છે, કરજે ઘેરાયો છે, તેની પાસે ચિંતામણિ છે, ત્યારે કોઇએ કહ્યું - " આ ચિંતામણિના પ્રભાવથી નિધિ વિસ્તરી રહી છે, ફલાણાને ફળ આપ્યું હતું, તો તમે ય હવે નિધિ તો લ્યો. સાક્ષાત્કાર થયે સર્વ ફળ પામશો." પ્રતીતિમાં (તો) ચિંતામણિ પામ્યા જેવો હર્ષ થયો છે. એ પ્રમાણે મતિજ્ઞાનીને સ્વરૂપનો પ્રભાવ એક દેશમાં જ એવો જાગ્યો કે કેવળજ્ઞાનનું શુદ્ધત્વ પ્રતીતિ દ્વારે આવ્યું તેથી અશુદ્ધત્વ-અંશને પણ પોતાનો કલ્પતો નથી. સ્વસંવેદન [2]મતિજ્ઞાન વડે થયું છે.

જ્ઞાનપ્રકાશ મારો છે, એ પ્રમાણે શ્રુતજ્ઞાનમાં વિચારે. 'મેં મનન કર્યું' તે કેવો છું? હું જ્ઞાનરૂપ છું, આનંદરૂપ છું.

એ રીતે ચારે જ્ઞાનમાં સ્વસંવેદન પરિણતિ વડે તો (તે) પ્રત્યક્ષ છે.

અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન [3]પરને જાણવાથી એકદેશ પ્રત્યક્ષ છે, શાથી? કે સર્વાવધિ વડે સર્વવર્ગણા, પરમાણુમાત્ર દેખે તેથી

---

૧. પાઠાન્તર-"**निजस्वभावतै**" ૨. પાઠાન્તર-"**मतिद्वारि**"

૩. મું. પ્રતિમાં '**पर**' પાઠ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકદેશ પ્રત્યક્ષ, મનઃપર્યય પણ પારકા (બીજાના) મનનું જાણે તેથી એકદેશ પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ છે. પોતાના જાણપણારૂપ જ્ઞાનમાત્ર વસ્તુમાં પ્રતીતિ થઈ તેથી, સમ્યક્ નામ પામ્યું. જ્ઞાનમાત્ર વસ્તુ તો કેવળજ્ઞાન થયે શુદ્ધ, જ્યાંસુધી કેવળ નથી ત્યાં સુધી ગુપ્ત છે. **કેવળ જ્ઞાનમાત્ર વસ્તુની પ્રતીતિ પ્રત્યક્ષ કરી - કરી સ્વસંવેદન વધારે છે.** જઘન્ય જ્ઞાની કેવી રીતે પ્રતીતિ કરે? તે કહેવામાં આવે છેઃ-

મારાં દર્શનજ્ઞાનનો પ્રકાશ મારા પ્રદેશમાંથી ઊઠે છે, જાણપણું મારામાં છે એવી પ્રતીતિ કરતાં આનંદ થાય તે નિર્વિકલ્પ સુખ છે. જ્ઞાન-ઉપયોગ આવરણમાં ગુપ્ત છે. જ્ઞાનમાં આવરણ નથી. શાથી? કે જેટલા અંશે આવરણ ગયું તેટલું જ્ઞાન થયું. તેથી જ્ઞાન આવરણથી ન્યારું છે, તે (જ્ઞાન) પોતાનો સ્વભાવ છે. જેટલું જ્ઞાન પ્રગટ્યું તેટલો પોતાનો સ્વભાવ ખૂલ્યો, તે પોતે છે. આટલું વિશેષ, (કે) આવરણ જવા છતાં પણ પરમાં જ્ઞાન જાય તે અશુદ્ધ, જેટલો અંશ નિજમાં રહે તેટલો તે શુદ્ધ. તેથી કેવળ (જ્ઞાન) ગુપ્ત છે. પરંતુ પરોક્ષ જ્ઞાનમાં નિરાવરણની પ્રતીતિ કરી કરી આનંદ વધારીએ. [1]જ્ઞાન શુદ્ધ ભાવનાથી શુદ્ધ થાય એ નિશ્ચય છે. [2]કહ્યું છે- "या मतिः सा गतिः" इति वचनात् । (જેવી મતિ તેવી ગતિ - એ વચન અનુસારે).

પોતાનું સ્વરૂપ સાક્ષાત્ કેવી રીતે થાય તે કહેવામાં આવે છેઃ-

પ્રથમ નિર્મમત્વ ભાવથી સંસારનો ભાવ અધો (ગૌણ કરે મોળો પાડે, નીરસ કરે). કેવી રીતે કરે તે કહેવામાં આવે છે. જે દશ્યમાન છે તે બધું રૂપીજડ છે તેથી મમત્વ ન કરવું. શાથી? કે જે બધુંય જડ તેમાં પોતાપણું માનતાં સુખ શું? એવી રીતે શરીર જડ તેમાં મમત્વ ન કરવું. શાથી? કે [3]શરીરાદિ જડ તેમાં

૧. પાઠાન્તર-"**ज्ञानी**" ૨. મુ. પ્રતિમાં આ વાક્ય નથી.

૩. પાઠાન્તર-"**आप मानैं सुख कहा**"

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાપણું માનતાં સુખ શું? વળી રાગદ્વેષમોહભાવ, અસાતાભાવ, તૃષ્ણાભાવ, અવિશ્રામભાવ, અસ્થિરભાવ, દુઃખભાવ, આકુલભાવ, ખેદભાવ, અજ્ઞાનભાવ છે તેથી હેય છે. આત્મભાવ, જ્ઞાનમાત્રભાવ, શાંતભાવ, વિશ્રામભાવ, સ્થિરતાભાવ, અનાકુલભાવ, આનંદભાવ, તૃપ્તિભાવ, નિજભાવ (છે તેથી) ઉપાદેય છે.

આત્મપરિણતિમાં આત્મા છે. **'હું છું' એવી પરિણતિ વડે આત્મા પ્રગટે.** આત્મામાં (પોતામાં) પરિણતિ આવી. 'હું છું' પણાની માન્યતા સ્વપદનું સાધન છે. - 'હું-હું' પરિણામ હું કહું છું-

'હું-હું' પરિણામોએ સ્વપદની આસ્તિક્યતા (જે) કરી (છે, તે) સ્વપદ પરિણામ યોગ્યસ્થાન વિના હોય નહિ. ક્યાચેષ્ટા છે ત્યાં નથી, વચન-ઉચ્ચારણા છે ત્યાં નથી, મન ચિંતવન છે ત્યાં નથી. આત્મપદમાં પોતાની મગ્નતા, સ્વરૂપવિશ્રામ, આનંદરૂપ પદમાં સ્થિરતા, ચિદાનંદ, ચિત્પરિણતિનો વિવેક કરવો.

ચિત્પરિણતિ ચિદ્‌માં રમ્યે, આત્માનંદ ઊપજે. મન દ્વારા વિ્વેક થયા પછી મન પણ બાજુએ (દૂર) રહે. મન પર છે, જ્ઞાન નિજ વસ્તુ છે. એવી રીતે વિચારતાં તે (મન) દૂર રહે છે. શાથી? કે પરમાત્મપદ ગુપ્ત છે. તેની મન વ્યક્ત ભાવના કરી ન શકે. શાથી? કે પરમાત્મભાવના કરતાં કરતાં પરમાત્મપદ નજીક આવે ત્યારે પરમાત્માના તેજથી મન પહેલેથી જ મરી ફીટે છે. શાથી? કે શૌર્યવાનના તેજથી કાયર સંગ્રામ વિના જ (લડાઈ કર્યા વિના જ) મરે, સૂર્યના તેજથી અંધકાર પહેલેથી જ નાશ થઈ જાય, તેમ (અહીં) જાણવું.

ચિદાનંદની ભાવનાથી (ચિદાનંદને ભાવવાથી) ચિત્પરિણતિ શુદ્ધ થાય છે. ચિત્પરિણતિ શુદ્ધ થયે ચિદાનંદ થાય છે. અનાત્મપરિણામ મટાડી આત્મપરિણામ કરવા એ જ કૃતકૃત્યપણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. યોગીશ્વર પણ એટલું કરે છે. પ્રાણાયામ, ધ્યાન, ધારણા, સમાધિ એનાં નિમિત્ત છે. સ્વસ્વરૂપપરિણામમાં અનંત સુખ થયું. નિજપદનું આસ્તિક્ય થયું. અનુપમપદનાં લીનતા થઈ. એક સ્વરસ થયો, શુદ્ધ ઉપયોગ થયો. સહજપદનો અનુભવ થયો. આત્મ પરિણામનો (નિજ પરિણામનો) અપાર મહિમા છે. પરમેશ્વર સ્વ-પરિણામને કર્યા વિના પરપરિણામથી ગોથાં ખાય છે. પોતાના પરિણામ સ્વરૂપાનંદી થયે પરમેશ્વર કહેવાય. આવો પ્રભાવ આત્મજ્ઞાનના પરિણામનો છે. પરિણમનથી અવિનાશી પદનો અપૂર્વ લાભ થયો. તે પરિણામ સ્વરૂપમાં કેવી રીતે લાગે તે કહેવામાં આવે છે.

પરથી પરાઙ્મુખ થઈ વારંવાર સ્વપદને અવલોકવાના ભાવ કરે. દર્શનજ્ઞાનચારિત્ર ચેતનાનો પ્રકાશ યથાયોગ્ય (યથાસ્થાન રૂપ) કરી કરીને સ્વરૂપપરિણતિ કરે. આત્મજ્યોતિ-અનાત્માથી ભિન્ન અખંડ પ્રકાશ-આનંદચેતનાસ્વરૂપ ચિદ્વિલાસનો અનુભવ-પ્રકાશ-[1]પરિણામ વડે પ્રકાશે. જ્યાંથી પરિણામ ઊઠ્યાં તેમાં પરિણામ લગાડે. (પણ) જ્ઞાનને રોકે તેવા પરિણામ ન કરે. પરિણામતરંગ ચેતના અંતરંગ અભંગ અંગમા લીન થયા કરે. અમરપુરીનિવાસ નિજબોધના વિકાસથી છે. નિશ્ચય, નિશ્ચલ, અમલ, અતુલ, અખંડિત, અમિતતેજ, અનન્તગુણરત્નમંડિત, બ્રહ્માંડને ઓળખી બ્રહ્મપદને પૂર્ણ પરમચૈતન્યજ્યોતિસ્વરૂપ, અરૂપ, અનૂપ, ત્રૈલોક્યભૂપ, પરમાત્મરૂપ પદને પામી પાવન થઈ રહે, તે અનુભવનો મહિમા છે.[2]

---

૧. પાઠાન્તર-"**परिणाम करिं प्रकाशै**" એ વાક્ય હિંદીમાં નથી.

૨. દરશનજ્ઞાન શુદ્ધચારિતકૌ એક પદ,
મેરો હૈ સરૂપ ચિહ્ન ચેતના અનન્ત હૈ,
અચલ અખંડ જ્ઞાનજ્યોતિ હૈ ઉદ્યોત જામેં,
પરમ વિશુદ્ધ સબ ભાવમેં મહન્ત હૈં.
આનંદકો ધામ અવિરામ જાકૌ આઠોં જામ,.
અનુભવે મોક્ષ કહે દેવ ભગવન્ત હૈ,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



યથાર્થજ્ઞાન, પરમાર્થનિધાન, નિજકલ્યાણ, શિવસ્થાનરૂપ ભગવાન, અમલાન, સુખવાન, નિર્વાણનિધિ, નિરુપાધિ, નિજસમાધિ, ને સાધીએ, આરાધીએ, અલખ, અજ, આનંદ, મહાગુણવૃન્દધારી, અવિકારી, સર્વદુઃખહારી, બાધારહિત, મહિત, સુરસ, રસસહિત, નિરંશી, કર્મનો વિધ્વંસી, ભવ્યનો આધાર, ભવપારનો કરનાર, જગતનો સાર, દુર્નિવાર દુઃખને ચૂરે (છે) ભવના તાપરૂપ પુણ્ય-પાપને મટાડીને સ્વપદને પૂરે (છે). આત્મપદને ઓળખાવી ચિદાનંદને દર્શાવી દે (છે). સદા સુખકંદ નિરફંદ ઓળખાવે (છે), અવિનાશી પદને પામે (છે), લોકાલોકને ઝળકાવે (છે), ફરી ભવમાં ન આવે, (જેના) સર્વ વેદ ગુણ ગાય તેને ક્યાં સુધી દર્શાવીએ? વચનગોચર ન આવે. (એવું) એ પરમ તત્ત્વ છે, અતત્ત્વથી અતીત જેમાં વિપરીત કરણી નથી.

ભવદુઃખની ભરણી, હિતહરણી અનુસરણી (હિતના નાશને અનુસરનારી), (એવી કરણી) અનાદિથી જ મોહરાજાએ બનાવી છે. જગતના જીવોને ભાવી (ગમી) છે, દુઃખદાયક છતાં સુહાઇ છે (ગોઠી છે) અથવા જેમાં અજ્ઞાનની અધિકાઇ-રૂપ બહુ કાટ (મેલ) લાગ્યો છે. (પણ) જ્ઞાનરીતિને અંતરમાં લાવીને વિપરીત કરણીને ભેદીને સાધકતા સાધી મહાન થાય છે, નિજ ધ્યાનરૂપ આનંદસુધાનું પાન થાય. મોક્ષપદનો નિદાની (થઇ) એ જ સમયમાં સ્વરસવશી થાય છે.

ઇન્દ્રિયચોરને દબાવી, કાયાની માયા ત્યજીને પરમેશ્વરસ્વરૂપ પદને (પોતાના) અઘટ ઘટમાં વ્યાપક નિહાળ્યું. અનુપમ ચિદ્રુપને ઓળખ્યું; ભ્રમભાવને મટાડ્યો, નિજ આત્મતત્ત્વ પામ્યો. અચલ, અભેદ ટેવવાળો (સ્વભાવવાળો) દેવ દીઠો. ભવથી ઉદાસી થઇ શાશ્વત પદના નિવાસી (થઇ) સુખરાશી લીધી. બહાર ન વહે, (ન રાચે,

---

શિવપદ પાયવેકો ઔર ભાંતિ સિદ્ધિ નાંહિ,
યાતૈં અનુભવૌ નિજ મોક્ષ તિયાકન્ત હૈ. ૪૫ (જ્ઞાનદર્પણ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન ગોતે) નિજ ભાવને જ ચાહે. સ્વપદનો નિવાસ સ્વપદમાં છે. બહિરંગ સંગમાં ઢુંઢી ઢુંઢી વ્યાકુલ થયો. જેમ કસ્તૂરી મૃગ સુગંધને ઢુંઢે, (પણ) કાંઈ (તે સુગંધ) પર જગ્યામાં ન પામે; તેવી રીતે પોતાનું પદ પરમાં ન પામે. મોહના વિકારથી પોતાનું પદ સૂઝતું નથી. સંતપુરુષના પ્રતાપથી અનંતગુણમય ચિદાનંદ (નિજ) પરમાત્મા તુરત પામે. જ્યાં સુધી પરપદમાં પોતાપણું છે ત્યાં સુધી સરાગી થઈ વ્યાકુલ રહે. જ્ઞાનદષ્ટિથી દર્શનજ્ઞાનચારિત્રને એકપદસ્વરૂપ અવલોકન કરતાં જ પરમાન્યતાનો તુરત નાશ થાય. રાગવિકાર મટતાં જે વીતરાગપદ પામે, ત્યારે અનાકુલ થયો થકો, અનંત સુખનો રસાસ્વાદી બની પોતાને અમર કરે (છે.) જેવી રીતે કોઈ રાજા દારૂ પીને નિંદ્ય સ્થાનમાં રતિ માને તેવી રીતે ચિદાનંદ દેહમાં રતિ માની રહ્યો છે. મદ ઊતર્યે રાજપદનું જ્ઞાન થઈ રાજનિધાન વિલસે (તેમ) સ્વપદનું જ્ઞાન થતાં સચ્ચિદાનંદસંપદા વિલસે.

કોઈ પ્રશ્ન કરે કે જ્ઞાન જો જાણપણારૂપ છે (છતાં) પોતાને કેમ નથી જાણતું ? તેનું સમાધાનઃ-

જાણપણું અનાદિથી પરમાં વ્યાપી પરનું જ થઈ રહ્યું છે. હવે આમ વિચાર કરવાથી શુદ્ધ થાય કે આ પરનું જાણપણું પણ જ્ઞાન વિના ન હોય. જ્ઞાન આત્મા વિના ન હોય, તેથી પરપદને જાણનારું મારું પદ છે. મારું જ્ઞાન (એ જ) હું છું, પરવિકાર પર છે. **જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં 'હું' એવો દઢભાવ સમ્યક્ત્વ છે.** તે સુગમ છે, (છતાં) વિષમ માની રહ્યો છે. મોહ-મદને રોકી જ્ઞાન અમૃતનું પાન કરી બ્રહ્મપદને સંભારી, ભવ-ખેદને ટાળી, નિજના ભેદને પામી, અભેદ નિજપદને ઓળખી, પર એવી વાણીને ત્યાગી, ચિદાનંદને જાણી, મોહ માન્યતાનો નાશ કરીને, ગુણગ્રામ-સુખધામરૂપ, અભિરામરૂપ તે જ (મારું) સ્વરૂપ છે, તે જ ભાવમોક્ષના ઉપાય-ઉપેયને સાધે (છે) - શુદ્ધ આત્માને આરાધે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(છે). આ રીતે જ નિર્ગ્રંથ પુરુષો શિવપથને બહુ સાધી સાધી, સમાધિને પામી, પરમપદને પહોંચે (છે). પોતાનો ચેતન-પ્રકાશ મોહવિકારને પામી મલિન થયો છે, ભેદજ્ઞાન જડ ચેતનને ભિન્ન કરે. તેને અંતરમાં ધરી ધરી, નિજજ્ઞાનનો અભ્યાસ વારંવાર કરી, સાર અવિકાર પોતાનું અખંડરૂપ જાણી (તેને) અંતરમાં અનુભવમાં લાવી મહામોહહઠનો નાશ કરી, જે સ્વરૂપરસ પોતાના સ્વભાવમાં છે તે સ્વભાવને નિજ ઉપયોગમાં યોગ્ય સ્થાનરૂપ કરે, (યથાસ્થાનરૂપ કરે-સ્થિર કરે). સ્વરૂપની ઉપયોગશક્તિ કર્મમાં ગુપ્ત થઇ તો શું (તે) શક્તિનો અભાવ માનીએ?

જેમકે કોઇ પુત્ર ઘરમાં છે. બજારમાં કોઇએ પૂછયું કે 'તમારે પુત્ર છે?' ત્યારે કહે છે કે, 'મારે પુત્ર છે.' (બજારમાં સાથે ન હોવા છતાં) અભાવ કહેતો નથી. વ્યવહારમાં પણ એ રીત છે કે છતાને અણછતો ન કરે. (પણ હે) ચિદાનંદ! તારું તો આશ્ચર્ય આવે છે કે દર્શનજ્ઞાનશક્તિ છતી હોવા છતાં તેને (તેં) અણછતી કરી રાખી છે. જેવી રીતે લોટનજડીને (બિલાડીના ટોપને) દેખી બિલાડી લોટવા લાગી જાય છે તેવી રીતે મોહથી સંસારભ્રમણ છે. ત્યાંથી યથાર્થ રીતે (ભલી રીતે, સમ્યક્ રીતે) સ્વરૂપમાં આવે તો ત્રિલોકનું રાજ્ય પામે. તે તો દુર્લભ નથી. જેવી રીતે પુરુષ પશુનો સ્વાંગ ધરે તો (કાંઇ) પશુ ન થાય (પણ) પુરુષ જ રહે તેવી રીતે આત્મા ચોરાશીના સ્વાંગ ધરે તોપણ તે ચિદાનંદ જ છે.[1] ચિદાનંદપણું દુર્લભ નથી. જેવી રીતે કોઇ કાષ્ટની પુતળીને સાચી સ્ત્રી માનીને તેને બોલાવે, ચાહ કરે, તેની સેવા કરે, પછી જાણે કે

---

૧. જૈસે નર કોઉ વેષ પશુ કે અનેક ધરે,
પશુ નહીં હોય રહૈ યથાવત નર હૈ.
તેસૈં જીવ ચાર ગતિ સ્વાંગ ધરૈ,
ચિરહીકૌ તજૈ નાહીં એક નિજ ચેતનાકૌ ભર હૈ.
ઐસી પરતીતિ કિયે પાઇયે પરમપદ,
હોઇ ચિદાનંદ શિવરમણીકો વર હૈ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(આ તો) કાષ્ટની છે ત્યારે પસ્તાય, તેવી રીતે (આ આત્મા) જડની સેવા કરે છે, અજ્ઞાની થયો થકો જડમાં સુખ કલ્પે છે. જ્ઞાની થાય ત્યારે જૂઠી માન્યતા છોડે.

જેવી રીતે મૃગ ઝાંઝવામાં જળ માને છે, તેવી રીતે આ (જીવ) પરમાં પોતાને માને છે. તેથી સાચા જ્ઞાનથી વસ્તુને જાણે ત્યારે જ ભ્રમ મટે. શ્રીગુરુ વારંવાર સારભૂત એવો સાચો ઉપદેશ કહે છે. પોતે પણ જાણે છે. (છતાં) અવિદ્યાનું એવું આવરણ છે કે તે વડે જૂઠને સાચ માની રહ્યો છે. ત્રણ જગ્યાએથી વાંકી એવી દોરડીમાં સર્પ ત્રિકાલ નથી તેવી રીતે બ્રહ્મમાં અવિદ્યા નથી. જે સંપૂર્ણ સમુદ્રના જળથી ધોવા છતાં દેહ તો [1]અપાવન જ છે. તેને (એવા દેહને) પાવન માની રહ્યો છે, એવું ધીઠપણું પકડયું છે. બળજોરથી ઠીકરીને રૂપિયામાં ચલાવે તો ન ચાલે. પોતાની ભૂલ ન છોડે તો ખલકમાં (સંસારમાં) પોતાની હાંસી પોતે કરાવે. જુઓ! અનંત જ્ઞાનનો ધણી (સ્વવસ્તુને) ભૂલી દુઃખ પામે છે. હાંસી થતાં માણસ શરમિંદો થાય, ફરીથી હાંસીનું કામ ન કરે. આ જીવની અનાદિ- કાલથી જગતમાં હાંસી થઇ રહી છે છતાં લાજ ધરતો નથી, ફરી ફરી એની એ જ જૂઠી રીતને ગ્રહે છે.

જેની વાત કરતાં પણ અનુપમ આનંદ થાય એવું પોતાનું પદ છે, તેને તો ગ્રહણ કરતો નથી (અને) પર વસ્તુની તરફ દેખતાં જ ચોરાશીનું બંદીખાનું છે તેને બહુ રુચિપૂર્વક સેવે છે.

---

સાસતૌ સુથિર જહાં સુખકૌ વિલાસ કરૈ,
જામેં પ્રતિભાસૈ જે તે ભાવ ચરાચર હૈં. ૪૦

-જ્ઞાન દર્પણ

૧. દેહ અપાવન અથિર ધિનાવન યામૈં સાર ન કોઈ,
સાગર કે જલતૈં શુચિ કીજે તો ભી શુદ્ધ ન હોઈ.

-ભૂધરદાસ પાર્શ્વપુરાણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવી વિપરીતરૂપ હઠરીતિને અનુપમ માનીમાની હર્ષ પામે છે. જેમ સર્પને હાર જાણી હાથ નાખો તો દુઃખ થાય ને થાય જ. તેમ રુચિપૂર્વક પરને સેવવાથી સંસારદુઃખ થાય ને થાય જ.

જેમકે-એક નજરબંધીવાળો પુરુષ એક નગરમાં એક રાજાની પાસે આવીને રહ્યો. કેટલાક દિવસ પછી રાજા મરણ પામ્યો. ત્યારે તે પુરુષે રાજાને મર્યો ન જણાવ્યો. તેણે રાજાને તો ઘણો ઊંડો દાટી ઉપર માટી દાબી (બીજાને) ખબર ન પડે તેવી જગ્યા કરી, નજરબંધી વડે કાષ્ટના રાજાને દરબારમાં બેસાડ્યો. નજરબંધીથી સર્વને તે સાચો ભાસે. જ્યારે કોઇ રાજાને પૂછે ત્યારે તે (નજર બાંધનાર) પુરુષ જવાબ આપે. ત્યારે લોકો જાણે કે રાજા બોલે છે. આવું ચરિત્ર (તેણે) દષ્ટિબંધથી કર્યું. ત્યાં એક પુરુષ જંગલની બુટ્ટી માથા પર નાખી આવ્યો, તે બુટ્ટીના બળથી તેની દષ્ટિ બંધાણી નહિ. ત્યારે તે પુરુષ લોકોને કહેવા લાગ્યો કે અરે! કુબુદ્ધિ જનો! કાષ્ટને પ્રત્યક્ષ દેખીએ છીએ (કાષ્ટનો રાજા પ્રત્યક્ષ દેખવામાં આવે છે.) તમે તેને સાચો રાજા જાણી સેવો છો, ધિક્કાર છે તમારી એ સમજણને! તેવી રીતે જે આ સર્વ સંસારીઓ છે તેમની દષ્ટિ મોહથી બંધાણી છે પરને પોતારૂપ માની સેવે છે. પરમાં ચેતનાનો અંશ પણ નથી. જેને જ્ઞાન થયું છે તે એમ જાણે છે કે-આ કુબુદ્ધિ સંસારીજનો જડમાં પોતારૂપ કરીને માને છે, દુઃખ સહે છે. ધિક્કાર છે એમની સમજણને! દુઃખદાયક જૂઠી હઠને સુખદાયક જાણી સેવે છે.

જેમકે-કોઇનો જન્મ થયો, જન્મથી જ આંખ ઉપર ચામડીનો લપેટો ચાલ્યો આવ્યો, અંદરમાં આંખનો પ્રકાશ જેવો ને તેવો છે. બાહ્ય ચર્મના આવરણથી [૧]પોતાનું શરીર પોતાને દેખાતું નથી. જ્યારે કોઇ તબીબ મળ્યો, તેણે કહ્યું કે-આની અંદર જ્યોતિરૂપ પ્રકાશ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે-આંખ સારી છે, તેણે જતન કરીને ચામડીનો લપેટો દૂર કર્યો ત્યારે પોતાનું શરીર પોતે જ દીઠું, તથા બીજું પણ તે દેખવા લાગ્યો. એ પ્રમાણે જ્ઞાનદર્શનનાં નયનો અનાદિ કાલથી અવરાયેલા થઈને ચાલ્યા આવે છે તેથી પોતાના સ્વરૂપને ન દીઠું. ત્યારે શ્રી ગુરુરૂપી તબીબ (નેત્રવૈદ્ય) મળ્યા ત્યારે જ્ઞાનાવરણને દૂર કરવાનો ઉપાય બતાવતાં જ, તેના શ્રદ્ધાનથી (આવરણ) દૂર થયું, ત્યારે પોતે પોતાનું અખંડ જ્યોતિસ્વરૂપ પદ જોયું ત્યારે અનંત સુખી થયો.

દોરડીમાં સાપ નથી, છીપમાં રૂપું નથી, ઝાંઝવામાં જળ નથી, કાચના મંદિરમાં બીજો શ્વાન નથી, કસ્તૂરીમૃગની બહાર સુગંધ નથી, ભૂંગળીમાં પોપટને કોઈએ પકડ્યો નથી. (બરણીમાં) વાંદરાની મૂઠી કોઈએ ઝાલી નથી, કૂવામાં બીજો સિંહ નથી, એ પ્રમાણે બીજો કોઈ નથી, પોતાની જૂઠી ભૂલ છે તેથી પોતે (જ) દુઃખ પામે છે. (પોતાને) બીજો (પર) માની માની દુઃખ પામે છે. સાચ (સત્ય) જાણતાં સદા સુખી થઈએ. આ આત્મા સુખને અર્થે અનેક ઉપાય કરે છે. દેશ , દેશ ફરે છે, લક્ષ્મી કમાઈ સુખ ભોગવે છે અથવા પરલોકના સુખને અર્થે અનેક પરિષહ સહે છે, [૨]સુખનું નિધાન નિજ સ્વરૂને જાણતો નથી. જાણે તો તુરત સુખી થાય.

જેમ બધાય પુરુષની ગાંસડીમાં [૩]માણેક છે, (છતાં) તે બધાય ભ્રમથી ભૂલીને દુઃખી થઈ રહ્યા છે. જો ગાંસડી ખોલીને દેખે તો સુખી થાય. આંધળો જો કૂવામાં પડે તો અચરજ નહિ, દેખતો પડે તો અચરજ. તેવી રીતે આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે છતાં સંસારકૂવામાં પડે છે, એ ઘણું આશ્ચર્ય છે. મોહરૂપી ઠગે એના માથે ભૂરકી નાખી

---

૧. પાઠાન્તરઃ- '**आपकौशरीर आपकौ**' તેને બદલે '**आपकौं**' એવો પાઠ છે.
૨. મૂળ પ્રતમાં '**सुखका**' શબ્દ નથી.
૩. લાલ બંધ્યો ગઠડી વિષે, લાલ બિના દુઃખ થાય.
ખોલ ગાંઠડી જો લખૈ, લાલ તુરત મિલ જાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી પરઘરને જ પોતાનું માની નિજઘર ભૂલ્યો છે. જ્ઞાનમંત્રથી મોહઠગોરીને ઊતારે ત્યારે નિજઘરને પામે. શ્રીગુરુ વારંવાર નિજઘર પામવાનો ઉપાય બતાવે છે (કે) પોતાના અખંડિત ઉપયોગ નિધાનને લઈ અવિનાશી રાજ્ય કર. તારી હરામજાદીથી પોતાનું રાજપદ ભૂલી કોડી કોડીનો માંગણ થઈ કંગાલ થયો છે. તારું નિધાન (તારી) પાસે જ હતું, તે ન સંભાળ્યું તેથી (તું) દુઃખી થયો.

જેમકે-ચાંપા નામનો ગોવાળ ધતૂરો પીને ઉન્મત્ત થયો. (માનવા લાગ્યો કે) 'હું ચાંપો નહિ.' ચાંપાના ઘર પાછળ ઊભો રહી તેણે સાદ પાડ્યો કે 'ચાંપો ઘરે છે?' ત્યારે તેની સ્ત્રીએ કહ્યું, 'તું કોણ છે?' ત્યારે ચેત થઈ (તેને ભાન થયું) કે 'હું ચાંપો છું' તેમ શ્રી ગુરુએ આત્મા (નિજસ્વરૂપ) બતાવ્યો છે. પામે તે સુખી થાય. ક્યાં સુધી કહીએ? આ મહિમાનિધાન-અમ્લાન-અનુપમ પદ પોતે (જ) બન્યો છે, સહજ સુખકંદ છે, અલખ અખંડિત છે, અમિત તેજધારી છે, અનાદિથી દુઃખદ્વંદ્વમાં પોતાપણું માની અતિ આનંદ માની રહ્યો છે. તે આ દુઃખની મૂળ ભૂલ ત્યારે જ મટે કે જ્યારે શ્રી ગુરુવચન સુધારસ પીએ. ચેત (જાગૃત સ્વરૂપનું ભાન) થઈ પર તરફનું અવલોકન મટે. સ્વરૂપસ્વપદને દેખતાં ત્રણલોકનાં નાથ (એવા) નિજપદને જાણે.[1] (એમ) વિખ્યાત વેદ (શાસ્ત્ર) બતાવે છે.

નટ સ્વાંગ ધરી નાચે છે. સ્વાંગ ન ધરે તો પરરૂપ નાચવું મટે. મમત્ત્વથી પરરૂપ થઈ થઈ (આ જીવ) ચોરાશીના સ્વાંગ ધરી

૧. મેરો સરૂપ અનૂપ બિરાજત,
મોહિ મૈં ઔર ન ભાસત આના;
જ્ઞાનકલા નિધિ ચેતનમૂર્તિ એક અખંડ મહાસુખ થાના.
પૂરન આપ પ્રતાપ લિયેં જહાં યોગ નહીં પર કે સબ નાના;
આપ લખૈ અનુભાવ ભયૌ અતિ દેવ નિરંજનકો ઉર આના. ૪૩
-જ્ઞાન દર્પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નાચે છે. મમત્ત્વને મટાડી સહજ પદને ભેટી સ્થિર રહે તો નાચવું ન થાય. ચંચલતા મટ્યે ચિદાનંદ ઉદ્ધરે છે (મુક્ત થાય છે). જ્ઞાનદૃષ્ટિ ખુલે છે. સ્વરૂપમાં બરાબર (યથાર્થ રીતે, સમ્યક્ રીતે) સુસ્થિર થતાં ગતિભ્રમણ મટે છે. માટે જે સ્વરૂપમાં સદા સ્થિર રહે તેને ધન્ય છે.

પોતાના અવલોકનમાં અખંડ રસધારા વરસે છે, એવું જાણી, નિજને જાણી, પરમાન્યતાને મટાડે, આ હું સુખનિધાન જ્યોતિ-સ્વરૂપ, પરમપ્રકાશરૂપ, અનુપમપદરૂપ સ્વરૂપ છું. આ આકાશવત્ અવિકારપદમાં પરસંયોગથી ચિદ્વિકાર થયો છે.

**પ્રશ્ન** - અહીં તો પરના નિવાસનો અવકાશ ન હતો. (તો તે) અનાદિથી કેવી રીતે કર્યો? ત્યાં કહીએ છીએ:-

**સમાધાન** - જેમ કનકખાણમાં કનક ચિરકાળથી જ ગુપ્ત છે તેવી રીતે આત્મા કર્મમાં ગુપ્ત અનાદિકાળથી જ છે. પરજોગે અનાદિકાળથી અશુદ્ધ ઉપયોગરૂપ અશુદ્ધતા લાગી છે. તે દેખો! કેવી રીતે લાગી છે તે કહેવામાં આવે છે:-

ક્રોધ, માન, માયા, લોભ ઇન્દ્રિય, મન, વચન, દેહ, ગતિ, કર્મ, નોકર્મ, ધર્મ, અધર્મ, આકાશ, કાલ, પુદ્ગલ, અન્ય જીવ એ આદિ જેટલી પરવસ્તુ છે તે બધાને પોતાની કરી (પોતારૂપ કરી) જાણે છે. તે હું જ છું, હું એમનો કર્તા છું, એ મારાં કામ છે. 'હું છું તો એ છે, એ છે તો હું છું,' એ પ્રમાણે પરવસ્તુને પોતારૂપ જાણે છે. (અને) પોતાને પર જાણે છે. તેથી લોકાલોકને જાણવાની સર્વ શક્તિ અજ્ઞાનભાવરૂપ પરિણમી છે. એ રીતે જીવનો જ્ઞાનગુણ અજ્ઞાનવિકારરૂપે થયો. એ જ પ્રમાણે જીવનો દર્શનગુણ હતો, (તે) જેટલા પર વસ્તુના ભેદ છે તે સર્વને પોતારૂપ કરી દેખે છે, એ (સર્વ) હું છું, પોતાને પરમાં દેખે છે તથા પરને પોતામાં દેખે છે. (એ પ્રમાણે) લોકાલોક દેખવાની જેટલી શક્તિ હતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેટલી બધી શક્તિ અદર્શનરૂપ થઇ. એ રીતે જીવનો દર્શનગુણ વિકારરૂપ પરિણમ્યો.

તથા જીવનો સમ્યક્ત્વગુણ હતો તે જીવના ભેદમાં અજીવનું આસ્તિક્ય કરે છે. ચેતનને અચેતન, અચેતનને ચેતન, વિભાવને સ્વભાવ, સ્વભાવને વિભાવ, દ્રવ્યને અદ્રવ્ય, ગુણને અવગુણ, જ્ઞાનને જ્ઞેય, જ્ઞેયને જ્ઞાન, સ્વને પર, પરને સ્વ (પોતારૂપ) એ રીતે જ અન્ય સર્વ વિપરીતતાની બરાબર હોવાની પ્રતીતિ-આસ્તિક્ય ભાવ કરે છે. એ પ્રમાણે જીવનો સમ્યક્ત્વગુણ મિથ્યાત્વરૂપ પરિણમ્યો તથા જીવનો સ્વઆચરણગુણ હતો, તે જેટલી કાંઇ પરવસ્તુ છે તેટલી તે પરને સ્વઆચરણરૂપે કર્યા કરે છે, પરમાં રહ્યા કરે છે, પરને જ ગ્રહ્યા કરે છે, (એ પ્રમાણે) પોતાની ચારિત્રગુણની સર્વશક્તિ પરમાં લાગી રહી છે. એ પ્રમાણે જીવનો ચારિત્રગુણ પણ વિકારરૂપ પરિણમે છે.

બીજું, આ જીવનો સર્વસ્વરૂપ પરિણમવાના બલરૂપ સર્વવીર્ય-ગુણ હતો, તે નિર્બળરૂપ થઇ પરિણમ્યો, સ્વરૂપપરિણનનું બળ અટકી ગયું, (અર્થાત્) નિર્બળ થઇ પરિણમ્યો. એ રીતે જીવનો વીર્યગુણ વિકારરૂપ પરિણમ્યો. વળી આ જીવનો આત્મસ્વરૂપ રસ જે પરમાનંદ ભોગગુણ હતો તે પરંપુદ્ગલના કર્મપણારૂપ વ્યક્ત શાતા-અશાતા, પુણ્ય-પાપરૂપ ઉદય, પરપરિણામના બહુ પ્રકાર વિકાર- ચિદ્‌વિકાર પરિણામોના જ રસને ભોગવ્યા કરે, રસને લીધા કરે, તે પરમાનંદ ગુણની સર્વશક્તિ પરપરિણામનો જ સ્વાદ સ્વાદ્યા કરે. તે પરસ્વાદ પરમદુઃખરૂપ (છે.) એ રીતે આ જીવનો પરમાનંદગુણ દુઃખવિકારરૂપ પરિણમ્યો. એ રીતે જીવના બીજા ગુણો જેમ જેમ વિકારી થાય છે તેમ તેમ ગ્રંથાન્તરથી જાણી લેવા.

આ જીવના સર્વ ગુણોના વિકારને 'ચિદ્વિકાર' એવું નામ સંક્ષેપથી કહેવું. ગુણ ગુણની અનન્તી શક્તિ કહી છે. સત્તાની શક્તિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે (તે) અનંતગુણમાં વિસ્તરી. સર્વગુણોનું આસ્તિક્ય સત્તાથી થયું. સત્તાએ સર્વગુણોને શાશ્વત રાખ્યા. (જો) અનંત ચેતનાનું સ્વરૂપ અસત્તા હોત તો, ચિત્શક્તિરૂપ ચેતનાનો અવિનાશી મહિમા ન રહેત. સત્‌ચિદાનંદ વિના અફળ થતાં તે શા કામના? તેથી સત્-ચિદાનંદરૂપ વડે આત્મા પ્રધાન છે. અરૂપી આત્મપ્રદેશમાં સર્વદર્શિત્વ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ આદિ અનંત શક્તિનો પ્રકાશ છે, તે અવિકારી, ઉપયોગનો ધારી કર્મત્વવડે આવરિત બની, સંકોચ વિસ્તારથી શરીરાકારે થયો.

**પ્રશ્ન** :- આકાશવત્ આત્મા કેવી રીતે સંકોચ વિસ્તાર પામે?

**સમાધાન**:- (એકલું) પુદ્‌ગલ સંકોચે, વિસ્તારે તો કાષ્ટ પાષાણ (પણ) ઘટે-વધે, (પણ) તે ચેતના વિના વધતા નથી; (એકલું) ચેતન જ વધે ઘટે. તો સિદ્ધના પ્રદેશનો વિસ્તાર થાય કે ઘટી જા, પરંતુ એમ પણ નથી. જડ-ચેતન બંને મળતાં સંકોચ-વિસ્તાર થાય છે.

પ્રદેશમાં સર્વગુણો કહ્યો છે, છતાં સંસાર-અવસ્થાથી મોક્ષમાર્ગનું ચઢવું થતું નથી. ત્યાં(તો) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને [૧]મોક્ષમાર્ગ કહ્યો. તેમની જેટલી વિશુદ્ધિ થતી જાય તેટલો તેટલો મોક્ષમાર્ગ થયો. નિશ્ચય મોક્ષમાર્ગ બે પ્રકારે છે-સવિકલ્પ તથા નિર્વિકલ્પ. સવિકલ્પમાં '**अहं ब्रह्म अस्मि**' હું બ્રહ્મ છું-એવો ભાવ આવે. (અને) નિર્વિકલ્પમાં વીતરાગ સ્વસંવેદન. (તેને) સમાધિ કહીએ. લોકાલોકને જાણવાની શક્તિ જ્ઞાનની છે, તેમાં જેટલું સ્વસંવેદન થયું (તેટલું) સ્વજ્ઞાનની વિશુદ્ધતાનો અંશ થયે થયું. તે જ્ઞાને સર્વજ્ઞ શક્તિનો અનુભવ કર્યો. જેટલું જ્ઞાન શુદ્ધ થયું, તેટલું અનુભવમાં સર્વજ્ઞાનના પ્રતીતિભાવને વેદતાં, એવું (શુદ્ધ) થયું. સર્વજ્ઞાનના પ્રતીતિભાવમાં આનંદ વધ્યો. જ્ઞાન અધિક નિર્મળ થતું

---

૧. **"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्ग."** (તત્વાર્થ સૂત્ર ૧-૧)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયું. જ્ઞાનની વિશુદ્ધતાને જ્ઞાનના બળનો પ્રતીતિભાવ કારણ છે. (અહીં) જ્ઞાન પરોક્ષ છે. પરપરિણતિના આવરણનું બળ હોવા છતાં પણ તે સ્વસંવેદનમાં સ્વજાતિય સુખ થયું, જ્ઞાન સ્વરૂપનું થયું. **"એકદેશ સ્વસંવેદન સર્વ સ્વસંવેદનનું અંગ છે."** જ્ઞાનવેદનામાં વેદ્યું જાય છે, (તે) સાક્ષાત્ મોક્ષમાર્ગ છે. આ સ્વસંવેદનને જ્ઞાની જ જાણે. સ્વરૂપથી પરિણામ બહાર ગયા તે જ સંસાર; સ્વરૂપાચરણરૂપ પરિણામ તે જ સાધક-અવસ્થામાં મોક્ષમાર્ગ, (અને) સિદ્ધ-અવસ્થામાં મોક્ષરૂપ છે. જેટલા જેટલા અંશે જ્ઞાનબળથી આવરણનો અભાવ થયો તેટલા તેટલા અંશે મોક્ષ નામ પામ્યો. સ્વરૂપની વાર્તા પ્રીતિથી સાંભળે તો (તેની) ભાવિ મુક્તિ કહી.[૧] અનુપમ સુખ થાય (અને તેનો) અનુભવ કરે તેનો મહિમા કોણ કરી શકે?

"જેટલો સ્વરૂપનો નિશ્ચય બરાબર (યથાર્થ) ભાવે (ચિંતવે) તેટલું સ્વસંવેદન અડગ (અચલ) રહે, (અને) જેટલું સ્વરૂપાચરણ થાય, તેટલું બરાબર સ્વસંવેદન થાય, એક થતાં ત્રણેની સિદ્ધિ છે."

ગુપ્ત શુદ્ધ શક્તિની સિદ્ધિના પ્રમાણમાં પ્રવેશ કરે. જેમ જેમ શુદ્ધતાની પ્રતીતિમાં પરિણતિ સ્થિર થાય તેમ તેમ મોક્ષમાર્ગની શુદ્ધિ થાય. જેમ કોઇ અધિક ગાઉ ચાલે તેમ નગર નજીક આવે તેવી રીતે (જેમજેમ) શુદ્ધ સ્વરૂપની પ્રતીતિમાં પરિણતિ અવગાઢ, ગાઢ, દ્દઢ થાય. (તેમ તેમ) મોક્ષનગર નજીક આવે. પોતાની

---

૧. **'तत्प्रति प्रीतिचित्तेन' येन वार्तापि ही श्रुता ।**
**निश्चित स भवेद्भव्यो, भावि निर्वाण भाजनं ॥**

**અર્થ :-** જે જીવે પ્રીતિયુક્ત પ્રસન્નચિત્તથી આ આત્મતત્ત્વની વાત પણ સાંભળી, તે જીવ વિશેષે કરીને ભવ્ય છે અને અલ્પસમયમાં નિર્વાણને પાત્ર છે.

**(શ્રી પદ્મનંદિ પંચ.)**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણતિનો ખેલ પોતે કરી પોતે ભવસિંધુથી પાર થાય. પોતે, વિભાવપરિણતિથી સંસારને વિષમ બનાવી રાખ્યો છે. સંસાર-મોક્ષની કરનારી પરિણતિ છે, (અર્થાત્) નિજપરિણતિ મોક્ષ, પરપરિણતિ સંસાર. તે સત્સંગથી-અનુભવી જીવના નિમિત્તથી-આ નિજ પરિણતિ સ્વરૂપની થાય, વિષમ મોહ મટે, પરમાનંદને ભેટે (-પરમાનંદ પ્રાપ્ત થાય). સ્વરૂપ પામવાનો રાહ સંતોએ [1]સોહિલો કરી દીધો છે.

ચોરાશી લાખ યોનિરૂપ મુસાફરખાનામાં સદા ફરનારાએ ક્યારેય ક્યાંય પણ સ્થિરરૂપ નિવાસ ન કર્યો. જ્યાં સુધી (આ) પરમજ્યોતિ પોતાના શિવઘરમાં ન પહોંચે ત્યાં સુધી[2] કાર્ય પણ ન સરે. જપી, તપી, બ્રહ્મચારી, યતિ આદિ ઘણા વેષ ધર્યા તેથી શું થયું? તેથી (એટલા જ માટે હવે તો) નિજ અમૃતને પીવાથી અનાદિનો ભ્રમ, ખેદ (મટે) અને અજર અમર થવાય (એવો) તત્ત્વ-સુધા સેવવાનો માર્ગ કયો? તે કહેવામાં આવે છેઃ-

તત્ત્વનો કૌતૂહલી થઇ, સકલ અવિદ્યાથી છૂટી પોતાના ચિદાનંદ સ્વરૂપને અવલોકે-અનુભવ કરે. નિજાનંદની કેલીરૂપ કલાવડે સ્વપદને દેખે, (જેથી) અનાત્માનો સંગ ફરી ન રહે, અનાદિ મોહના વશથી અહિતમાં નિજ હિત માની રહ્યો છે. તે મોહનો ભેદજ્ઞાનથી નાશ કર. જ્ઞાનચેતનાનો અનુભવ કર (કેમ કે) અનાદિ અખંડિત બ્રહ્મપદનો વિલાસ તારા જ્ઞાનકટાક્ષમાં છે.

અજ્ઞાનપટલ જ્યારે મટે સદ્ગુરુવચનઅંજનથી પટલ દૂર થતાં જ્ઞાનનેત્ર પ્રકાશે, ત્યારે લોકાલોક દેખાય. એવું જ્ઞાન તેનો મહિમા અપાર (છે.) જ્ઞાનમયમૂર્તિની સૂરતિનું સેવન કરી કરીને અનેક મુનિ પાર થયા. પોતાના સહજનો (સ્વભાવનો) ખેલ છે. પર-

૧. સોહિલો-સહેલો, સુગમ, સરલ, સુખદાયક, સુંદર, ..હામણો.
૨. પાઠાનતર-'**एक कार्य**'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિચયમાં વિષમ છે. સહજબોધ કલાવડે સુગમ (છે.) કષ્ટકલેશથી દૂર છે. શાથી? કે અફીણ ખાતાં વિષની લહેરી તુરત ચઢે; અમૃતના સેવનથી તુરત તૃપ્તિ થઇ સુખ પામે; તેમ કર્મસંકલેશમાં શાંતપદ નથી. અનંતસુખનિધાનની સ્વરૂપભાવનાને કરતાં જ અવિનાશી રસ ઊપજે, તે રસને સંતો સેવતા આવ્યા છે. તેને તું પણ સેવ. શ્રેય-પદરૂપ અનુપમ જ્યોતિસ્વરૂપપદ પોતાનું જ છે, પોતાના પરમેશ્વર-પદનું દૂર અવલોકન ન કર; પોતાને જ પ્રભુ થાપ. જેને સારી રીતે યાદ કરવાથી જ્ઞાનજ્યોતિનો ઉદય થાય, મોહરૂપી અંધકાર વિલય પામે, આનંદસહિત કૃતકૃત્યતા ચિત્તમાં પ્રગટે, તેને વેગે (શીઘ્ર) અવલોકી અન્ય (પરનું) ધ્યાન રોકી વિચારીને સંભાર (યાદ કર). તારો બ્રહ્મવિલાસ તારામાં છે, એનાથી (પરમાત્મપદથી) (બીજું) શું અધિક છે કે એને છોડી તું પરને ધ્યાવે છે? ચાર વેદનો ભેદ પામી સ્વરૂપસુખરૂપ સ્વપદને ગ્રહણ કર. તારી (સ્વરૂપ) ભાવનામાં અવિનાશી રસનો ચૂવો ચૂએ છે, માટે જ ભાવના કરી ભ્રમભાવ મટાડ, તારી ભાવનાએ જુઠા જ ભવ બનાવ્યા છે. એવો બદફેલ સ્વભાવકલ્લોલનું પ્રગટવું થતાં જ મટે છે.

દેખ! તું ચેતન છે (અને) જડ અજાણ (અચેતન) છે. તે અજાણમાં (અચેતનમાં) તને માની અશુદ્ધ થયો. અજાણ (અચેતન) (કાંઇ) તારી પાછળ પડ્યું નથી. તું તારા પદથી (છૂટી) એના તરફ ન આવ. જડ કંઇ તારો પલ્લો પકડતું નથી. તું નાહક પારકી વસ્તુને તારી કરી કરી જૂઠી હોંશ કરે છે. મને એ ભોગથી સુખ થયું, હું સુખી છું એવી જૂઠી ભ્રમરૂપ કલ્પના માની ખુશી થાય છે. (તેમાં) કાંઇ પણ સાવધાનીનો અંશ નથી. આ કોઇ આશ્ચર્ય છે કે તું ત્રણ લોકનો નાથ હોવા છતાં પોતાના પૂજ્યપદને ભૂલી, નીચ પદમાં પોતાને માની વિકલ થઇ વ્યાકુલ બની ડોલે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમકે, કોઈ એક ઈન્દ્રજાલના નગરમાં રહે છે. ત્યાં તે ઈન્દ્રજાલીને વશ થઈ ઈન્દ્રજાલના હાથી, ઘોડા, નર, સેવક, સ્ત્રી, સર્વે તેમાંથી કોઈને તે હુકમ કરે છે. (ત્યાં) સેવક આવી (તેને) સલામ કરે છે, સ્ત્રી નૃત્ય કરે છે, (પોતે) હાથી ઉપર ચઢે છે, ઘોડા દોડાવે છે. ઈન્દ્રજાલમાં આ તમાશાને સાચો જાણે છે, વિકલતા ધારણ કરી કોઈવાર કોઈના વિયોગથી રડે છે, (તથા) દુઃખી બની છાતી કૂટે છે. કોઈવાર કોઈનો લાભ માની ખુશી થાય છે, કોઈવાર શૃંગાર સજે છે, કોઈ વાર ફોજ દેખે છે, કોઈવાર મોજ માણે છે. એવી રીતે જૂઠનો તમાશો સાચો માની રહ્યો છે. સંસારમાં બધાં કહે છેં કે ઈન્દ્રજાલ જૂઠી છે, એમાં રંચ પણ સાચું નથી, એ જ પ્રમાણે દેવ, નર, નારક, તિર્યંચના શરીર જડ છે, (તેમાં) ચેતનનો અંશ નથી, ભ્રમથી (તેને) શૃંગારે છે, ખાનપાનથી ધૂપેલ તેલ લગાડવા આદિથી (તેનું) અનેક રીતે જતન કરે છે. જૂઠમાં જ મોજ માણી હરખાય છે. મરેલાની સાથે જીવતાની સગાઈ કર્યે, કાર્ય કેવી રીતે સુધરે ?

[૧]જેવી રીતે શ્વાન હાડકાંને ચાવે, (અને તેથી) તેના ગાલ, તાલુ, પેઢામાંથી લોહી નીકળે તેને જાણેકે સારો સ્વાદ છે, તેમ મૂઢ પોતે દુઃખમાં સુખની કલ્પના કરે છે. પરફંદમાં સુખકંદ-સુખ માને છે. અગ્નિની જાળ શરીરમાં લાગે ત્યારે કહે કે મારામાં જ્યોતિનો પ્રવેશ થાય છે. જો કોઈ અગ્નિની ઝાળને બુઝાવે છે તો તેની સાથે

૧. જૈસેં કોઉ કૂકર છૂધિત સુકે હાડ ચાવૈ,
હાડનિકી કોર ચહું ઔર ચુભૈ મુખમૈં,
ગાલ, તાલુ, રસના, મસૂઢનિકૌ માંસ ફાટૈ,
ચાટૈ નિજ રુધિર મગન સ્વાદ-સુખમેં.
તૈસેં મૂઢ વિષયી પુરુષ રતિ-રીતિ ઢાનૈં,
તામૈં ચિત્ત સાનૈ હિત માનૈ, ખેદ દુઃખમૈં,
દેખૈ પરતચ્છ બલ-હાનિ મલ-મૂત-ખાનિ,
ગહૈ ન ગિલાનિ પગિ રહૈ રાગ-રુખમૈં.

**-નાટક સમયસાર બંધદ્વાર.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લડે, એવી રીતે પરમાં દુઃખનો સંયોગ છે. પર બુઝાવે તો તેને શત્રુના જેવી નજરે જૂએ, ક્રોધ કરે. આ પરજોગમાં ભોગ માની (આ જીવ) ભૂલ્યો, સ્વરસની ભાવનાને યાદ કરતો નથી. ચોરાશીમાં પરવસ્તુને સ્વ (પોતારૂપ) માને, તેથી (આ જીવ) ચિરંકાલનો ચોર જ બન્યો છે. જન્માદિ દુઃખ-દંડ પામે છે. તોપણ પર વસ્તુની ચોરી છૂટતી નથી. દેખો! દેખો! ત્રણ લોકનો નાથ ભૂલીને નીચ એવા પરને આધીન થયો. પોતાની ભૂલથી પોતાની નિધિ ન પિછાની ભિખારી બની ફરે છે. નિધિ ચેતના છે, તે પોતે (જ) છે, દૂર નથી, દેખવું દુર્લભ છે. દેખે તો સુલભ છે.

કોઈએ પૂછ્યું 'તું કોણ છે ?' તેણે કહ્યું, 'હું [૧]મડું છું'. '(મડું છો) તો બોલે છે કોણ ?' (જવાબમાં) કહે કે હું જાણતો નથી. તો 'હું મડું છું' એવું કોણે જાણ્યું ? ત્યારે સંભાર્યું (યાદ કર્યું) કે હું જીવતો છું. તેમ આ (જીવ) માને છે કે હું દેહ છું. (દેહ છો) તો આ દેહમાં (હુંપણાની) જેણે માન્યતા કરી તે કોણ છે ? કહે કે હું જાણતો નથી. (તો હું જાણતો નથી) એવો લવારો કોણે કર્યો ? (એ રીતે) આ પોતાને ખોજી, દેખવા, જાણવા અને પારખવામાં સ્વરૂપને સંભારે ત્યારે સુખી થાય. જેમ કોઈ મદિરા પીને ઉન્મત્ત બની પુરુષાકાર પાષાણ સ્તંભને જોઈ સાચો જાણી તેની સાથે લડ્યો. તે ઉપર, પોતે નીચે, પોતે જ થયો. તેને કહે, "હું હાર્યો." એ પ્રમાણે પરને સ્વ (પોતારૂપ) માની પોતે માન્યતાથી દુઃખી થયો. દુઃખદાતા બીજો કોઈ નથી. તારી ભાવનાએ ભવ બનાવ્યા. અનુત્પન્નને પેદા કર્યું. (ઉત્પન્ન ન હતું તેને ઉત્પન્ન કર્યું). અચેતનને ચલાવ્યું. મરેલાનું જતન અનાદિથી કરે છે. જૂઠી માન્યતામાં (ચેતને) પોતાના જેવું (ચેતન જેવું) તું કરે છે, (પણ) કંઈ તારું કર્યું જડ ચેતન ન થાય. તું જ એવી જૂઠી કલ્પનાથી દુઃખ પામે છે. (એમ

---

૧. મડું-મરેલું, મડદું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવામાં) તને શો ફાયદો છે ? તું પોતે જ વિચારતો નથી (કે) મારો ફંદ હું પાડું છું. (મારા ફંદને હું કરું છું પણ) (તેથી) કાંઈ સિદ્ધિ નથી. વિચાર વિના પોતાની નિધિ ભૂલ્યો. અનંતચતુષ્ટયરૂપ અમૃત મેલું કર્યું. ચેતના, મારો પાડેલો ફંદ એવો છે, (જાણે) આકાશ બાંધ્યું ! એ અચરજ થાય છે. પણ જો કેવલ અવિદ્યા જ હોત તો તું આવર્યો ન જાત.

અવિદ્યારૂપ જડની અલ્પ શક્તિથી તારી મહાન શક્તિ ન હણી જાય. પરંતુ તારી શુદ્ધ શક્તિ પણ મોટી, તારી અશુદ્ધ શક્તિ પણ મોટી. તારી ચિંતવણી તારે ગળે પડી. પરને દેખી પોતાને ભૂલ્યો. અવિદ્યા તારી જ ફેલાવેલી છે ; તું અવિદ્યા રૂપ કર્મો પર પોતાપણું ન દે તો કાંઈ જડનું જોર નથી. તેથી અપરંપાર શક્તિ તારી છે. પરની ભાવના કરી ભવ કરી રહ્યો છો. સંસાર વધાર્યો, નિજ ભાવનાથી અવિનાશી, અનુપમ, અમલ, અચલ, પરમપદરૂપ, આનંદઘન, અવિકારી, સાર, સત્, ચિન્મય, ચેતન, અરૂપી અને અજરામર પરમાત્માને પામે છે. તો એવી ભાવના કેમ ન કરીએ ? 'આ' પોતાના સ્વરૂપમાં જ ઉચ્ચ એવું સર્વ-સકલ પૂજ્યપદ પરમધામ, અભિરામ, આનંદ, અનંતગુણ, સ્વસંવેદનરસ, સ્વાનુભાવ, પરમેશ્વર, જ્યોતિસ્વરૂપ, અનુપમ, દેવાધિદેવપણું ઈત્યાદિ સર્વ-પામીએ. માટે પોતાનું પદ ઉપાદેય[1] છે, અને અન્ય (સર્વ) પરપદ હોય છે. એક દેશમાત્ર નિજાવલોકન એવું છે કે ઈન્દ્રાદિની સંપદા વિકારરૂપ ભાસે છે. જેની પ્રાપ્તિથી અનંત સંતો

---

૧. **एकमेव हि तत्स्वाद्यं, विपदामपदं पदम् ।**
**अपदान्येव भासन्ते, पदान्यन्यानि यत्पुरः ॥**

**-આચાર્ય અમૃતચંદ્ર.**

જો પદ ભૌ પદ ભય હરે. સો પદ સેઉ અનૂપ;
જિહિ પદ પરસત ઔર પદ, લગૈં આપદારૂપ. ૧૭. **-બનારસીદાસ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તેનું) સેવન કરી પોતાના સ્વરૂપનો અનુભવ કરી ભવપાર થયા માટે પોતાના સ્વરૂપને સેવો.

શ્રી સર્વજ્ઞદેવે સર્વ ઉપદેશનું મૂળ આ બતાવ્યું છે કે (જો) એકવાર સ્વસંવેદનરસનો આસ્વાદી થાય તો એવા આનંદમાં મગ્ન થાય કે ફરી પરની તરફ કદી પણ દૃષ્ટિ ન આપે. સ્વરૂપસમાધિ (એ) સંતોનું ચિહ્ન છે, તે થવાથી રાગાદિ વિકાર હોતા નથી, જેમ આકાશમાં ફૂલ હોતા નથી તેમ.

દેહ-અભ્યાસનો નાશ, અનુભવપ્રકાશ, ચૈતન્યવિલાસરૂપ ભાવને ઓળખે, જે લક્ષ્યલક્ષણ લખવામાં ન આવી શકે, ઓળખ્યે સુખ થાય, લખ્યે સ્વાદરૂપ ન થાય. આત્મા સહિત વિશ્વ વ્યાખ્યેય, વ્યાખ્યા વાણીની રચના, વ્યાખ્યાન કરનાર વ્યાખ્યાતા (છે.)-એ બધી વાતો (કથનો) જે કાંઈ છે તે મોહના વિકારથી માનીએ છીએ. અનાદિની (ચાલી આવતી) આત્માની આકુળતા તે એક વિશુદ્ધ-બોધ કલા વડે મટે છે. માટે સહજ બોધકલાનો નિરંતર અભ્યાસ કરો. સ્વરૂપ-આનંદી થઈ ભવોદધિને તરો.

નરભવ કાંઈ સદા તો રહે નહિ, સાક્ષાત્ મોક્ષસાધનરૂપ જ્ઞાન-કલા આ ભવ વિના અન્ય જગ્યાએ ઉપજતી નથી. તેથી વારંવાર કહેવામાં આવે છે કે નિજબોધકલાના બલ વડે નિજ સ્વરૂપમાં રહો. નિરંતર આ જ યત્ન કરો. આવું વારંવાર કહેવડાવવું તો બાલક પણ ન કરાવે, તમે (તો) અનન્તજ્ઞાનના ધણી બની, એવી ભૂલ ધારો છો, તેથી ઘણું અચરજ આવે છે. તે અચરજની વાત ન કરવી. ચામડાં અને હાડકાંનાં જડશરીરમાં સ્વપણું માન્યે મોટી હાનિ છે. પોતાના જ્ઞાનમાં સુખસમુદ્રને પામી અવિનાશી પુરીનો રાજા થાય છે. અનંત ચૈતન્યશક્તિરૂપ રાજધાનીનો વિલાસી થાય છે. પરમાં પોતને માનીને તું એવી રીતે દુ:ખ પામી રહ્યો છે કે જેમ મડદાને વસ્ત્ર-આભૂષણાદિ ચડાવી માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે 'મેં પહેર્યા છે.' તું જીવતાં, તેને જૂઠ જ પોતાના માને છે. એ પ્રમાણે દેહ જડ છે. એના ભોગને તું પોતારૂપ માની જૂઠ જ જડની ક્રિયાને શા માટે પોતાની માને છે? જેમ સર્પ કોઈને કરડે, (અને) કોઈ બીજાને ઝેર ચઢે તો અચરજ માનીએ છીએ, (તેમ) જડ ખાય, પહેરે, સ્નાન, તેલમર્દન આદિ ક્રિયા કરે (ત્યાં) તું કહે છે કે 'મેં ખાધું, મેં ભોગ્યું' (એમ) પરનો સ્વામી થયો. પરનો સ્વામી પણ એવું તો માનતો નથી. જેમકેઃ-રાજા નોકરનો સ્વામી છે. (છતાં) તેના ધરાયાથી (પાઠાન્તરઃ- નોકર ભોજનથી તૃપ્ત થવાથી) રાજા એમ કહેતો નથી કે 'હું ધરાયો છું'. વળી તું દેખ, તારી આવી ચાલ તને જ દુઃખદાયક છે.

જે સુંદર વસ્તુ હોય તેને ઉપરથી (ઉપરથી જોઈને, ઉપરના દેખાવથી) અંગીકાર ન કરીએ. દેહ અશુચિ, નવદ્વારે સ્રવે[૧] છે. દેખતા જ ગ્લાનિ (ઊપજે છે), બહારમાં (તેનું) રૂપ દેખાય છે તો સુંદર, (પણ) અંદર ખરાબી પડી છે. તેની અંદર વિષ્ટા, મૂત્રની ખાણ (છે.) (દેહ) નાશ ન પામતો હોય તો એ એવો હોવા છતાં પણ અંગીકાર કરીએ. નાશ પામવા છતાં પણ તમને દુઃખદાયી ન હોય તો એવાની (દેહની) સાથે તમે સ્નેહ કરો (પણ) જન્માદિ દુઃખ ભરો છો (વહોરો છો), તમારી સાથે (એ) જન્માદિ અનાદિના લાગી આવ્યા છે. તમે મહાન પુરુષોના જેવી રીતિનો ભાવ કર્યો છે કે 'જે અમારી સાથે સંબંધ રાખે તેને ન છોડવાં' એમ તો તમે મહંત કહેવાશો નહિં. મહંતો પાપને મટાડતાં જ થવાય. એ તો (દેહ તો) પાપનું રૂપ છે. માટે તમે સમજો, તમારા ધનને અંગીકાર કરો, પારકું ધન જતું રહે છે,

---

૧. પલ રુધિર, રાધ, મલ, થૈલી, કીક્સ વસાદિંતે મૈલી;
નવદ્વાર વહૈ ધિનકારી, અસ દેહ કરૈં કિમ યારી.
-પં. દૌલતરામ



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને તમે ફરી ગ્રહો છો, તેના દંડમાં ભવદુઃખ સહો છો તોપણ પરને લેતાં લેતાં (તમે) થાક્યા નથી. બહુ દુઃખી થવા છતાં પર ગ્રહણનું બાણ (લક્ષ, લાલસા, ટેવ) તમે છોડતાં નથી. શાહપદ તો પોતાના ધનથી પામશો. તેથી સ્વપરના વિવેકી બની આત્મધનને ગ્રહો, પરનું મમત્વ સ્વપ્નાંતરમાં ન કરો. તમારી પાસે અખંડ રત્નત્રયાદિ અનંતગુણનિધાન છે, (તમે) દરિદ્રી નથી, જે દરિદ્રી હોય તે એવાં કામ કરે.

શ્રી ગુરુએ તમારું નિધાન તમને દર્શાવ્યું છે. હવે (તેને) સંભારી સુખી થાઓ. જેમ કોઇ સ્ત્રીએ પોતાની પથારી ઉપર કાષ્ટની પૂતળીને શણગારીને સુવાડી.પતિ આવ્યો ત્યારે તેણે એમ જાણ્યું કે મારી સ્ત્રી સૂતી છે. (તેને) હેલો દીધો (સાદ પાડયો) પણ બોલી નહિ. ત્યારે પવનાદિથી સેવા ચાકરી આખી રાત કરી. પ્રભાત થયું ત્યારે જાણ્યું કે મેં જૂઠી જ સેવા કરી. એ પ્રમાણે દેહને સાચો પોતારૂપ (આત્મા) માની સેવે છે. જ્ઞાન થતાં એમ જાણે કે મેં અનાદિકાળથી દેહમાં પોતાપણું જુઠ જ માન્યું. હે ચિદાનંદ! તમે પાંચ ઇન્દ્રિયરૂપી ચોરને પોષો છો, અને જાણો છો કે આ અમને સુખ આપે છે, પણ એ અન્તરના ગુણરત્નને ચોરી લે છે. (તેની) તમને ખબર નથી. હવે તમે જ્ઞાનખડગ સંભાળો, ચોરોને એવા રોકો કે ફરી બળ ન પકડે, (જોર ન કરે). વિષય કષાયને જીતીને નિજ રીતિના રાહમાં આવો, અને તમે શિવપુરીમાં પહોંચી રાજ્ય કરો. તમે રાજા, દર્શનજ્ઞાન વજીર-રાજ્યના સ્થંભ, ગુણ એ વસ્તી, અનંત શક્તિરૂપ રાજધાનીનો વિલાસ કરો. અભેદરાજ્યે રાજવું તે તમારું પદ છે. અપાવન અસ્થિર એવા અચેતન (દેહ) સાથે શા માટે સ્નેહ કરો છો?

બરાબર નિહાળો! આ શરીરમંદિરમાં આ ચેતનદીપક શાશ્વતો છે. મંદિર (શરીર) તો છૂટે છે, પણ શાશ્વત રત્નદીપક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેવો ને તેવો રહે છે. વ્યવહારમાં તમે અનેક સ્વાંગ નટની જેમ ધરો છો, નટ તો જેવો ને તેવો રહે છે. તેવી રીતે બદ્ધ વા સ્પૃષ્ટ ભાવ, કર્મનો છે. તે પણ (જીવદ્રવ્ય) કમલપત્રની માફક કર્મથી ન બંધાય, ન સ્પર્શાય. જેવી રીતે માટી અન્ય અન્ય ભાવ (આકાર) ધરવા છતાં એક છે, તેવી રીતે (જીવદ્રવ્ય) અન્ય અન્ય પર્યાય ધરવા છતાં એક છે. જેમ સમુદ્ર તરંગો વડે વૃદ્ધિહાનિ કરે છે, તોપણ સમુદ્ર-પણાથી[1] નિશ્ચલ છે, તેવી રીતે (જીવદ્રવ્ય) વિભાવ વડે વૃદ્ધિ-હાનિ કરે છે, (પણ) વસ્તુ નિજ અચલ છે. જેવી રીતે સુવર્ણ વાનભેદ હોવા છતાં અભેદ છે, તેવી રીતે કર્મથી અનેક ભેદ હોવા છતાં વસ્તુ (ચૈતન્ય) અભેદ છે. (જેમ) સ્ફટિકમણી પુરી (રંગીન વસ્તુ) થી લીલો, લાલ ભાસે છે, (છતાં પણ) સ્વભાવ તો શ્વેત છે. પર તે પર છે. નિજ ચેતનામાં પર નથી. ષડ્‌ભાવ ઉપર ઉપર જ રહે છે. જળ ઉપર સેવાળની માફક. ચિદાનંદ તારી ગુપ્ત શુદ્ધશક્તિ ને વ્યક્ત પણે ભાવ, જેથી તે વ્યક્ત થાય. તું અવિનાશી રસનો સાગર, પરરસ કેમ મીઠો દેખ્યો કે જેના નિમિત્તથી સંસારની ઘૂમરીઓ થઇ તેને ભલી જાણે સેવે છે? જેવી રીતે મદ્ય પીનારો મદ્ય થતો જાય, દુઃખ પામતો જાય વધારે ઘુમરીઓમાં ભલું જાણી જાણી સેવે તેમ તું ભૂલ્યો છે.

---

૧. સિંધુમેં તરંગ જૈસે ઉપજૈ વિલાય જાય નાનાવત;
વૃદ્ધિહાનિ જામૈં યહ પાઇએ,
અપને સ્વભાવ સદા સાગર સુથિર રહૈ;
તાકો વ્યયઉત્પાદ કૈસે ઠહરાઇએ.
તૈસેં પરજાય માંહિ હોય ઉત્પાદવ્યય;
ચિદાનંદ અચલ અખંડ સુધા પાઇએ.
પરમ પદારથમેં સ્વારથ સ્વરૂપહી કૌ;
અવિનાશી દેવ આપ જ્ઞાનજ્યોતિ ધ્યાઇએ.

જ્ઞાનદર્પણ ૧૮૮.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ કે :- એક નગરમાં એક પુરુષ રહે છે. નગર સુનું છે, ત્યાં બીજો કોઇ નથી. તે નગરમાં ચોરાશી લાખ ઘરે છે, ત્યાં પેલો પુરુષ તે ઘરોને હંમેશા સુધાર્યા  જ કરે છે. વળી બીજે દિવસે બીજામાં (અન્ય ઘરમાં) રહે ત્યારે તેને સુધારે. એ પ્રમાણે તે ભીંતડાને સુધારતાં સુધારતાં આખો જન્મારો વીત્યો. તેને સુધારવાનો રોગ થયો. જ્યારથી સુધારતો હતો ત્યારથી રોગ લાગ્યો હતો. તે પોતાની પરમ ચતુરાઇને ભૂલ્યો. તે પુરુષને મોટી વિપત્તિ થઇ પડી કે વગર પ્રયોજને એકલાં સૂનાં ઘરમાં તેની મહેનત મજુરીમાં તે મંડ્યો રહે છે. પોતે અનંત બલવાન છતાં વૃથા ભૂલી દુઃખ પામે છે. આ પુરુષનું શહેર તો એક પરમ વસ્તીવાળું, ત્યાંનો તે રાજા છે. તેને સંભાળે તો સૂનાં ઘરની સેવા તજે, ત્યાનું રાજ્ય કરે. તેવી રીતે આ ચિદાનંદ ચોરાશી લાખ યોનિના શરીરોની સુધારણા કર્યા કરે છે. જે ઘરમાં રહે, વસે તેને સુધારે; પછી બીજી શરીરઝુંપડીને સુધારે, પછી બીજી મળે, તેને સુધારતો રહે. બધા દેહ જડ, તે જડની સેવા કરતાં કરતાં અનાદિકાળ વીત્યો. આ શરીરસેવાનો કર્મરોગ અનાદિનો લાગ્યો આવ્યો છે. તેથી આ રોગ વડે પોતાનું અનંત બલ ક્ષીણપણાને પામ્યું. જન્માદિની મોટી વિપત્તિ ભોગવે છે. જડને એમ માને છે કે (એ) હું જ છું.

[૧]જેમ વૃક્ષ પર બેઠેલો એક વાનર (વૃક્ષનું) એક પાન ખરે ત્યાં રડે, તેમ (આ પણ) તેના દેહનું એક અંગ પણ ઓછું થાય ત્યાં બહુ બહુ રીતે રડે 'એ મારાં અને હું એમનો' એ પ્રમાણે જૂઠ જ એવા જડને સેવવાથી સુખ માને; પોતાની શિવનગરીનું રાજ્ય ભૂલ્યો, જો શ્રી ગુરુના કહેવાથી શિવપુરીને સંભાળે તો ત્યાંનો પોતે ચેતનરાજા અવિનાશી રાજ્ય કરે. "ત્યાં ચેતના વસ્તી છે. ત્રણ લોકમાં આણ ફરે અને ભવનું ભ્રમણ મટે, ફરી જડમાં ન આવે"

---

૧. પાઠાનતર-**जैंसे वानर एक कांकराके पडे रोवे**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદઘનને પામી સદા શાશ્વત સુખનો ભોક્તા થાય તે કહેવામાં આવે છેઃ-

આ પરમાત્મપુરુષ તેની નિજપરિણતિ અનંત મહિમારૂપ પરમેશ્વરપદમાં રમણ કરનારી છે. તે જ મૂલપ્રકૃતિ, પુરુષપ્રકૃતિના વિવેકરૂપ વૃક્ષ, તેનું નિજાનંદ ફળ તેનો તું રસાસ્વાદ લઈ સુખી થા. જેમ કોઈ રાજાને પારકો ગઢ લેવો મુશ્કેલ તેમ આ આત્માને પરપદ લેવું મુશ્કેલ છે. શાથી? કે અનાદિકાલથી પરપદ લેતો ફરે છે. તો પણ તે પરપદ ન થયો, ચેતન જ રહ્યો. અને ચેતનાપદ આત્માનું છે, તેને જાણતો પણ નથી, ભૂલ્યો જ ફરે છે, તો પણ તેની રહેણી (તેનું રહેવું) નિશ્ચયથી તેનામાં જ છે, માટે (તે) મુશ્કેલ નથી, પોતાનું સ્વરૂપ જ છે. ભ્રમનો પડદો પોતે જ અનાદિનો કર્યો છે. તેથી પોતે પોતાને ભાસતો નથી, પણ પોતે પોતાને છોડી બહાર ગયો નથી.

જેમ નટે પશુનો વેશ ધર્યો તેથી તે મનુષ્ય મનુષ્યપણાનો છોડી બહાર ગયો નથી. પશુનો વેષ ન ધરે તો મનુષ્ય છે જ; (તેવી રીતે) ભ્રમથી પરનું મમત્વ ન કરે તો, દેહનો સ્વાંગ ન ધરે તો, ચિદાનંદ જેવો ને તેવો રહે. જેમ એક ડાબલીમાં રત્ન રાખ્યું છે (તેથી) તેનું કાંઈ બગડ્યું નથી, (તે) ગુપ્ત (છે), ઢાંકણું દૂર કરી કાઢે તો વ્યક્ત છે; તેમ શરીરમાં છુપાયેલો આત્મા છે, તેનું કાંઈ બગડ્યુ નથી, (તે) ગુપ્ત છે, કર્મરહિત થતાં પ્રગટ થાય છે. ગુપ્ત અને પ્રગટ એ અવસ્થાભેદ છે. બન્ને અવસ્થામાં સ્વરૂપ જેવું ને તેવું જ છે. એવો શ્રદ્ધાભાવ સુખનું મૂળ છે. જેની દૃષ્ટિ પદાર્થશુદ્ધિ ઉપર નથી (અને) કર્મદૃષ્ટિથી અશુદ્ધઝ અવલોકે તો તે શુદ્ધતાને ન પામે. જેવી દૃષ્ટિથી દેખે તેવું ફલ તાય. મયૂરમુકરંદ પાષાણ છે. તેમાં બધા મોર જ ભાસે છે. પાષાણ તરફ દેખતાં મોર ભાસે, પદાર્થ તરફ દેખતાં પદાર્થ જ છે, મોર નથી; તેમ પરમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પર ભાસે, નિજ તરફ જુએ તો પર ન ભાસે, નિજ જ છે. (તેથી) સુખકારી નિજદૃષ્ટિ ત્યજી દુઃખરૂપ પરમાં દૃષ્ટિ ન દો.

હે ચિદાનંદરામ! પોતાને અમર તરીકે અવલોકો. મરણ તારામાં નથી. જેમ કોઈના ઘરમાં કોઈ ચક્રરત્ન, ચૌદ રત્ન, નવનિધિ છે છતાં તે દરિદ્રી થઈ ફરે છે. તે તેના-પોતાના ચક્રવર્તીપદના અવલોકન- માત્રથી ચક્રવર્તી પોતે થાય. તેમ સ્વપદને પરમેશ્વરરૂપ અવલોકે તો ત્યારે (તે ક્ષણે) પરમેશ્વર છે. જુઓ! જુઓ! (કેવી મોટી) ભૂલ! અવલોકનમાત્રથી પરમેશ્વર થાય; એવું અવલોકન કરતો નથી, ઇન્દ્રિયચોરોને વશ બની પોતાના નિધાનને લુટાવી દરિદ્રી થઈ ભવવિપત્તિને ભરે છે (વહોરે છે). ભૂલ મટાડતો નથી. એમ ચિત્‌વિકારરૂપ જીવ થાય ત્યારે પરને પોતારૂપ માને છે. એ ભાવ જીવનો નિજજાતિસ્વભાવ નથી. એ ભાવોમાં જે ચેતના વ્યાપી રહી છે તે જ ચેતનાને એક તું જીવ, નિજજાતિસ્વભાવ જાણ. આ ચેતના છે તે કેવલ જીવ છે, તે અનાદિ અનંત એક રસ છે. તેથી આ ચેતના સાક્ષાત્‌ પોતે જીવ જાણવો, તેથી શુદ્ધચેતનારૂપ જીવ થયો. આ રાગદિ ભાવો વિશે પોતે જ રત (લીન) થયો થકો જીવ કર્મ-ચેતનારૂપ થઈ પ્રવર્તે છે; ચેતના-જીવચેતના, ચેતનારૂપ પોતે રહે છે, (ટકે છે). કર્મચેતના, કર્મફલચેતના જીવચેતનાનો વિકાર છે. પણ વ્યાપક ચેતના છે. ચેતના જીવ વિના હોય નહીં. ચેતના શુદ્ધ જીવનું સ્વરૂપ છે. તેને જાણ્યે જ્ઞાતા જીવનો આવો ભાવ થાય છેઃ-

હવે મેં શુદ્ધ ચેતનારૂપ સ્વરૂપ જાણ્યું; જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ હું છું, વિકારરૂપ હું નથી, સિદ્ધ સમાન છું, બંધ, મોક્ષ, આસ્રવ, સંવરરૂપ હું નથી, હું હવે જાગ્યો; મારી નિદ્રા ગઈ, હું મારા સ્વરૂપને એક (અભેદ) અનુભવું છું, હવે હું સંસારથી ભિન્ન (જુદો) થયો, હું સ્વરૂપગજ ઉપર આરુઢ થયો (મેં) સ્વરૂપગૃહમાં પ્રવેશ કર્યો, આ સંસારપરિણામનો હું તમાસગીર થયો. હવે હું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતે પોતાના સ્વરૂપને દેખું-જાણું છું. આટલો વિચાર તો વિકલ્પ છે. જ્ઞાનનો પ્રત્યક્ષ રસ ભાવમાં વેદવો તે અનુભવ છે. પ્રતીતિરૂપ વિચાર તે સાધક છે, અનુભવનો ભાવ સાધ્ય છે. સાધકસાધ્યભેદ જાણે તો વસ્તુની સિદ્ધિ થાય તે કહેવામાં આવે છે.

સાધ્ય-સાધકના ઉદાહરણ કહેવામાં આવે છે. એક ક્ષેત્રાવગાહી પુદ્‌ગલકર્મનો જ સહજ ઉદય, સ્થિતિ સુધી રહે છે તે સાધક અવસ્થા જાણવી. ત્યાં, ત્યાં સુધી-તેના રહેવાની સ્થિતિ સુધી-ચિત્વિકાર થવાનું પ્રવર્તન થાય તેને સાધ્યભેદ જાણવો. મિત્થ્યાત્વ સાધક. બહિરાત્મા સાધ્ય છે. સમ્યગ્‌ભાવ સાધક છે, ત્યાં વસ્તુસ્વભાવજાતિ સિદ્ધ થવી તે સાધ્ય છે. જ્યાં શુદ્ધોપયોગપરિણતિ થવી સાધક છે ત્યાં પરમાત્મા સાધ્ય છે. વ્યવહારરત્નત્રય સાધક છે, ત્યાં નિશ્ચયરત્નત્રય સાધ્ય છે. જ્યાં સમ્યગ્‌દષ્ટિને વિરતિવ્યવહારપરિણતિ થવી સાધક છે ત્યાં ચારિત્રશક્તિ મુખ્ય થવી સાધ્ય છે. જ્યાં દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ, વિનય, નમસ્કારાદિ ભાવ સાધક છે ત્યાં વિષય કષાયાદિ ભાવોથી ઉદા-સીનતારૂપ મનપરિણતિની સ્થિરતા-સાધ્ય છે. જ્યાં એક શુભોપયોગરૂપ વ્યવહારપરિણતિ થવી સાધક છે ત્યાં પરંપરા મોક્ષ સાધ્ય છે.

જ્યાં અંતરાત્મારૂપ જીવદ્રવ્ય સાધક છે ત્યાં પરમાત્મારૂપ અભેદ જીવદ્રવ્ય પોતે જ સાધ્ય છે. જ્યાં જ્ઞાનાદિગુણ મોક્ષમાર્ગરૂપે સાધક છે ત્યાં અભેદ જ્ઞાનાદિગુણ પોતે જ મોક્ષરૂપે સાધ્ય છે. જ્યાં જઘન્યજ્ઞાનાદિભાવ સાધક છે, ત્યાં અભેદ પોતે જ તે જ જ્ઞાનાદિ-ગુણનો ઉત્કૃષ્ટભાવ સાધ્ય છે. જ્યાં જ્ઞાનાદિ અલ્પનિશ્ચયપરિણતિથી સાધક છે ત્યાં અભેદ પોતે જ બહુનિશ્ચયપરિણતિરૂપ જ્ઞાનાદિગુણ સાધ્ય છે. જ્યાં સમ્યક્ત્વી જીવ સાધક છે ત્યાં તે જીવને સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્ર સાધ્ય છે. જ્યાં ગુણમોક્ષ સાધક છે ત્યાં દ્રવ્યમોક્ષ સાધ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યાં ક્ષપકશ્રેણીએ ચઢવું સાધક છે, ત્યાં તદ્ભવ સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે. [1]જ્યાં દ્રવ્યથી, ભાવથી (થયેલો) યતિવ્યવહાર સાધક છે. ત્યાં સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે. જ્યાં ભાવમનાદિની રીતિનો વિલય સાધક છે ત્યાં કેવલ સાક્ષાત્ પરમાત્મારૂપ થવું સાધ્ય છે. જ્યાં પૌદ્ગલિક કર્મનું ખરવું સાધક છે ત્યાં ચિદ્વિકારનો વિલય થવો સાધ્ય છે.

જ્યાં પરમાણુમાત્ર પરિગ્રહપ્રપંચ સાધક છે ત્યાં મમતાભાવ સાધ્ય છે. જ્યાં મિથ્યાદષ્ટિ થવું સાધક છે ત્યાં સંસારભ્રમણ થવું સાધ્ય છે. જ્યાં સમ્યગ્દષ્ટિ થવું સાધક છે ત્યાં મોક્ષપદ થવું સાધ્ય છે. જ્યાં કાલલબ્ધિ સાધક છે ત્યાં દ્રવ્યનો તેવો જ ભાવ થવો સાધ્ય છે. મેં સ્વભાવસાધન વડે પોતાના સ્વરૂપને સાધ્ય કર્યું છે. આ સાધ્યસાધકભાવને જાણતાં સહજ જ સાધ્ય સધાય છે. એમનું વિશેષ વર્ણન કરીએ છીએ. હું મનુષ્ય, હું દેવ, હું નારક, હું તિર્યંચ, આ શરીર મારું છે, (એ પ્રમાણે) પરમાં નિજભાવ, પરને પોતારૂપ માનવું, સ્વરૂપથી બાહ્ય પરપદાર્થોમાં પરિણામ તન્મય કરવા, રાગભાવથી રંજકતા કરી પરના સ્વરૂપને પોતારૂપ પ્રતીતિ કરી જાણવું, એવું મિથ્યાત્વ, મિથ્યાત્વના બીજા ભેદને (અગૃહીત મિથ્યાત્વને) સાધે છે. એવા મિથ્યાત્વને (કઇ રીતે) સાધે છે તે કહેવામાં આવે છે.

અતત્ત્વશ્રદ્ધાન તે મિત્યાદર્શન, અયથાર્થ જ્ઞાન તે મિથ્યાજ્ઞાન, અયથાર્થ આચરણ તે મિથ્યા આચરણ. તારણબુદ્ધિથી ક્ષુધાદિ અઢાર [2]દોષ સહિત દેવની ભક્તિ કરવાથી મિથ્યાત્વ થાય

૧. પાઠાન્તરઃ-આ પંક્તિની જગ્યાએ **"द्रव्यर्ते भावर्ते साक्षात् द्वैत"** એવો પાઠ છે.

૨. જન્મ જરા તિરશા ક્ષુધા, વિસ્મય આરત ખેદ;
રોગ શોક મદ મોહ ભય, નિદ્રા ચિંતા સ્વેદ.
રાગ-દ્વેષ અરુ મરણ જુત, યે અષ્ટાદશ દોષ;
નાહિં હોત અરહંતકે, સો છબિ લાયક મોખ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. શાથી? કે (તે) પરાનુભવી છે-મિથ્યાત્વલીન છે, તેમને સેવતાં મિથ્યાત્વ થાય છે; એવા દોષ સહિત ગ્રંથલીન (પરિગ્રહલીન), વિષયારૂઢ, પરબુદ્ધિ ધારકને ગુરુ માનતાં મિથ્યાત્વ (થાય છે); મિથ્યાશાસ્ત્ર, મિથ્યામત, મિથ્યાધર્મ તેમને માનતાં મિથ્યાત્વ (થાય છે,) તે મિથ્યાત્વ બહિરાત્માનું સાધક છે, આ મિથ્યાત્વ સેવનથી અનાદિનો (જીવ) બહિરાત્મા થયો છે. તેથી બહિરાત્મા સાધ્ય છે.

બીજો સમ્યક્ ભાવ સાધક છે. તે વસ્તુનો જે સ્વભાવ અનંતગુણ તેની સિદ્ધિ કરે છે, શાથી? કે સર્વ ગુણો યથાવિધિસ્વરૂપ સમ્યક્ પોતાના સ્વરૂપને ધરે તે સમ્યગ્ભાવસહિત હોય. જ્ઞાનનું નિર્વિકલ્પ જાણપણું સર્વ આવરણરહિત, કેલજ્ઞાનરૂપ, સમ્યગ્વસ્થારૂપ, તે સમ્યગ્જ્ઞાન કહીએ. એ પ્રમાણે આવરણરહિત, શુદ્ધ સમ્યગ્રૂપ યથાવત્ નિશ્ચયભાવરૂપ નિર્વિકલ્પ સર્વ ગુણો સમ્યક્ કહીએ. દ્રવ્ય પોતાનું જેવું દ્રવ્યત્વસ્વરૂપ શુદ્ધસ્વરૂપ છે તે સહિત (તથા) પર્યાય (પોતાનો) જેવો કાંઇ પરિણમનરૂપ સ્વભાવ છે, તે તે સહિત એ પ્રમાણે સર્વ દ્રવ્યગુણપર્યાયની સ્વભાવજાતિ સિદ્ધ થવી તે સમ્યગ્ભાવથી થાય છે. તેથી સમ્યગ્ભાવ સાધક છે, વસ્તુસ્વભાવજાતિ સિદ્ધ થવી તે સાધ્ય છે.

શુદ્ધોપયોગપરિણતિ સાધક છે, પરમાત્મા સાધ્ય છે, તે શાથી? સ્વભાવસંગથી શુદ્ધોપયોગ થાય છે, જ્ઞાનદર્શન તો સાધક છે તેથી શુદ્ધોપયોગ, ચારિત્રરૂપ શુદ્ધોપયોગ સર્વરૂપ છે. તે જ્ઞાનદર્શન તો સાધક છે તેથી સર્વરૂપ શુદ્ધ નથી, કેટલીક શક્તિ વડે શુદ્ધ છે. ચારિત્રગુણ (તો) બારમે ગુણસ્થાને સર્વરૂપ શુદ્ધ છે પણ તેરમાં, ચૌદમાં ગુણસ્થાનકે પરમયથાખ્યાતનું નામ પામે છે, માટે કેટલીક જ્ઞાનશક્તિ શુદ્ધ થઇ. તે જ્ઞાનશક્તિથી કેવલજ્ઞાનરૂપ,

અ. ૬

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગુપ્ત, નિજરૂપ તેને પ્રતીતિમાં વ્યક્ત કરે ત્યારે પરિણતિએ કેવલજ્ઞાનની પ્રતીતિ-રુચિ-શ્રદ્ધાભાવ-કરી નિશ્ચય કર્યો. ગુપ્તના વ્યક્તશ્રદ્ધાનથી (તે) વ્યક્ત થઈ જાય છે. એકદેશ સ્વરૂપમાં શુદ્ધત્વ સર્વદેશને સાધે છે. શુદ્ધનિશ્ચયનથી શુદ્ધ સ્વરૂપ જાણ્યું, પરિણતિમાં શુદ્ધ નિશ્ચય થયો, ત્યારે તેવો જ વેદ્યો (અનુભવ કર્યો). શુદ્ધનો નિશ્ચય શુદ્ધ પરમાત્માનું કારણ છે માટે શુદ્ધોપયોગ સાધક, પરમાત્મા સાધ્ય છે.

વ્યવહારરત્નત્રય સાધક છે, નિશ્ચય સાધ્ય છે. તે કેવી રીતે? તત્ત્વશ્રદ્ધાનમાં પરનું હેયશ્રદ્ધાન, અને નિજ તત્ત્વનું ઉપાદેય શ્રદ્ધાન છે. તત્ત્વજ્ઞાનમાં પરતત્ત્વનું રૂપ હેય જાણ્યું, નિજતત્ત્વને ઉપાદેય જાણ્યું, ભવભોગાદિ વિરતિ કાર્યકારી જાણી, સમ્યક્ત્વ-આચરણરીતિ ઉપાદેય જાણી, એવા વ્યવહાર તત્ત્વથી મળેલા વિચારો હેય-ઉપાદેયના સમ્યક્‌ભેદ સહિત હોય છે. આ વ્યવહાર થતાં મન-ઇન્દ્રિય-ઉપભોગને નિરોધી નિજ સમ્યક્‌સ્વરૂપને શુદ્ધ અનુભવે. સિદ્ધ સમાન નિજ સ્વરૂપનું શ્રદ્ધાન કરે. સાત તત્ત્વનો ભેળ નથી. નિજશુદ્ધતત્ત્વ અનુભવગોચર કરે. નિશ્ચયથી શ્રદ્ધાનમાં પોતાનો પરમાત્મા શુદ્ધ છે, નિશ્ચયથી જ્ઞાન, પરમાત્માનું જાણપણું કેવજ્ઞાનજાતિથી જાણે; અલ્પ સમ્યગ્જ્ઞાનથી સંપૂર્ણ સમ્યગ્જ્ઞાનને (પોતાની) પ્રતીતિમાં જાણે. **સ્વસંવદેનમાં જાતિરૂપથી પોતાનું સ્વરૂપ કેવલજ્ઞાનમાં બરાબર જાણ્યું.** થોડા જ્ઞાનમાં ઘણા જ્ઞાનની પ્રતીતિ આવી. નિશ્ચયથી સ્વરૂપ જાણ્યું, તે નિશ્ચયજ્ઞાનપરિણતિથી સ્વરૂપમાં આચરવું તે સ્વરૂપાચરણ છે. પરમાત્માનું શ્રદ્ધાન-જ્ઞાન, નિશ્ચયથી કેટલીક જ્ઞાનાદિ શુદ્ધશક્તિથી, થયું તેવી જ રીતે આચરણ થયું. **નિશ્ચયનય પરમાત્મા** છે. પરિણતિ તેવી જ નિશ્ચયરૂપ પરિણમી છે. એ નિશ્ચયરત્નત્રય, પ્રથમ વ્યવહારરત્નત્રય થતાં થાય છે. માટે વ્યવહારરત્નત્રય સાધક છે, નિશ્ચયરત્નત્રય સાધ્ય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દષ્ટિને વિરતિવ્યવહારપરિણતિ સાધક છે, ત્યાં ચારિત્રશક્તિ મુખ્ય સાધ્ય છે. તે કહેવામાં આવે છે. વિરતિપરિણતિ એટલે રતિ ન હોવી તે. તેનો ભેદ વિષયોમાં રતિ નહિ, કષાયોમાં રતિ નહીં. અશુભાચરણનો ત્યાગ, શુભાચરણમાં પણ રતિ નહીં. કર્મકરતૂતિમાં પણ રતિ નહીં. જેમ જેમ પરરતિભાવ તજે તેમ તેમ સ્વરૂપમાં સ્થિરતા, વિશ્રામ અને આચરણ થાય, ત્યાં ચારિત્ર કહીએ પરિણતિ શુદ્ધતા પ્રગટતાં ચારિત્રશક્તિ મુખ્ય સાધ્ય છે.

દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ-વિનય-નમસ્કારાદિ ભાવ સાધક છે, ત્યાં વિષયાદિ ઉદાસીનતામાં પરિણતિની સ્થિરતા (થવી તે) સાધ્ય છે. દેવભક્તિ, વ્યક્તશુદ્ધચેતનારૂપ, પ્રગટ અનંતગુણરૂપ એવા વ્યક્ત પરમાત્મા તેમની પૂજા સેવા, (તેના પ્રત્યે) મનથી પરિપૂર્ણ પ્રીતિ, બાહ્ય પ્રભાવના, અંતરંગ ધ્યાન, ગુણવર્ણન, અવજ્ઞા-અભાવ, પરમ ઉત્સાહ, મન-વચન-કાયા ધન સર્વ ભક્તિના નિમિત્તે લગાવે, અને પોતાના પ્રાણથી પણ (વધારે) વલ્લભ જાણે, તેને અનંતસુખનું કારણ જાણે, શુદ્ધસ્વરૂપ જાણી ભક્તિ કરે, પોતે શુદ્ધસ્વરૂપનો અભિલાષી તેથી તેમની ભક્તિ, રુચિ-શ્રદ્ધા-પ્રતીતિથી કરે, શાસ્ત્રની ભક્તિ કરે. શાથી? કે પોતાનું સ્વરૂપ શાસ્ત્રથી પામે છે. સંસારદુઃખની હાનિ સ્વરૂપભાવનાથી થાય છે તે પામે. સ્વપરવિવેક ગ્રંથોથી પ્રગટે. મોક્ષમાર્ગ-મોક્ષસ્વરૂપ-વાણીથી સમજાય છે માટે શાસ્ત્રભક્તિ કહી છે. ગુરુ મોક્ષમાર્ગને ઉપદેશે છે, શાંતમુદ્રાધારી ગુરુમુદ્રા વચન બોલ્યા વિના જ મોક્ષમાર્ગ દર્શાવે છે, એવા શ્રી ગુરુ સર્વદોષ રહિત, તેની ભક્તિ કહી છે. તેમની ભક્તિ મુક્તિનું કારણ જાણી કરે. ત્યારે ભવભોગથી ઉદાસ થઈ મનસ્વરૂપની જ સ્થિરતા ચાહે. ક્રિયા સાધે તેથી તેમની ભક્તિ સાધક છે. મનની સ્થિરતા સાધ્ય છે.

શુભોપયોગના ત્રણ ભેદ છે. ક્રિયારૂપ, ભક્તિરૂપ અને ગુણગુણીના ભેદવિચારરૂપ. એ ત્રણેના સાતિશય સહિત અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિરતિશય સહિત છે ભેદ થયા. સમ્યક્ત્વ સહિત તો ત્રણેય સાતિશય, સમ્યક્ત્વ વિના ત્રણેય નિરતિશય, સમ્યક્ત્વ સહિતમાં તો નિયમ છે કે તે પરંપરા મોક્ષ કરે ને કરે જ. સમ્યક્ત્વ વિનાનો શુભોપયોગ સંસારસુખ આપે, દેવપદ આપે કે રાજપદ આપે, ત્યાં **દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત હોય તેને લાભ થવો હોય તો થા., નહિ તો ન થાય. કાર્યને કારણ નિયમ વગર છે,** એવી રીતિ જાણવી એ પ્રકારે શુભોપયોગ સાધક છે, પરંપરા મોક્ષ સાધ્ય છે.

અંતરાત્મા ભેદજ્ઞાન વડે પરથી ભિન્ન નિજ રૂપને જાણે છે. સિદ્ધ સમાન પ્રતીતિ જ્ઞાનગોચર કરે ત્યારે સ્વયમેવ સાધક છે, નિશ્ચયનયે અભેદ પરમાત્મા સાધ્ય છે. જ્યાં જ્ઞાનાદિ મોક્ષમાર્ગ એટલે શુદ્ધોપયોગરૂપ એકદેશ-સ્વસંવેદન, ત્યાં મોક્ષસ્વરૂપ અભેદ જ્ઞાનમૂર્તિ આત્માને સાધે, તેથી અભેદજ્ઞાન મોક્ષરૂપ સાધ્ય છે. જઘન્ય જ્ઞાનથી ઉત્કૃષ્ટ જ્ઞાન પામીએ, માટે જઘન્ય જ્ઞાન સાધક, ઉત્કૃષ્ટ જ્ઞાન સાધ્ય છે. જ્યાં અલ્પ જ્ઞાનાદિથી નિશ્ચય કરે ત્યાં તે નિશ્ચય વધે છે. જેવી રીતે અલ્પ અમલથી, (તેના) ચાહીને લીન થતાં, અમલ ઘણો ચડે છે તેમ બહુ નિશ્ચયપરિણતિરૂપ જ્ઞાનાદિ ગુણ વધે તે સાધ્ય છે. સમ્યક્ત્વી જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રને સાધે છે માટે સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર સાધ્ય છે, સમ્યક્ત્વી સાધક છે. સમ્યક્ત્વ (સમ્યક્) જ્ઞાનાદિ ભાવ શુદ્ધ થતાં જ્યારે દ્રવ્યકર્મ મટે ત્યારે દ્રવ્ય-મોક્ષ થાય છે, માટે ગુણમોક્ષ સાધક છે, દ્રવ્યમોક્ષ સાધ્ય છે. ક્ષપક-શ્રેણીએ ચઢે ત્યારે તદ્ભવ મોક્ષ થાય, માટે ક્ષપકશ્રેણી ચઢવી સાધક છે. તદ્ભવ મોક્ષસાધ્ય છે; દ્રવ્યે (દ્રવ્ય) લિંગ હોય અને ભાવે સ્વરૂપભાવનો ભાવ હોય, ત્યારે સાક્ષાત્ મોક્ષ સાધે તેથી દ્રવ્ય-ભાવથી થયેલો યતિવ્યવહાર સાધક છે, ત્યાં સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે. ભાવમનનો વિકાર વિલય થયે સાક્ષાત્ મોક્ષ થાય છે, માટે ભાવ-મનાદિરીતિનો વિલય સાધક છે, સાક્ષાત્ મોક્ષરૂપ સાધ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યાં પૌદ્ગલિક કર્મ ખરવા સાધક છે, શાથી કે? પૌદ્ગલિક કર્મવિપાક આવ્યે મનોવિકાર ઊપજે છે, તેથી પુદ્ગલ જ ખરી જાય છે ત્યારે મનોવિકાર ક્યાંથી રહે? તેથી મનોવિકાર વિલય થવો સાધ્ય છે, કર્મ ખરવા સાધક છે. જો પરમાણુંમાત્ર પણ પરિગ્રહ હોય તો મમતાભાવ હોય ને હોય જ, તેથી પરમાણુમાત્ર પરિગ્રહ સાધક છે, મમતાભાવ સાધ્ય છે. મિથ્યાતત્વથી સંસારભ્રમણ થાય છે માટે મિથ્યાત્વ સાધક છે, સંસારભ્રમણ સાધ્ય છે. સમ્યક્ત્વ થયે મોક્ષ થાય તેથી સમ્યક્ત્વ સાધક છે, મોક્ષ થવો સાધ્ય છે. જેવી કાલલિબ્ધ આવે તેવી જ સ્વભાવસિદ્ધિ થાય માટે કાલલબ્ધિ સાધક છે, તેવો જ સ્વભાવ થવો સાધ્ય છે. સાધકસાધ્યભેદ અનેક છે, તેને જાણવા.

**શબ્દ સાધક છે, અર્થ સાધ્ય છે. અર્થ સાધક છે, જ્ઞાનરસ સાધ્ય છે.** સ્થિરતા સાધક છે, ધ્યાન સાધ્ય છે, ધ્યાન સાધક છે. કર્મ ખરવાં સાધ્ય છે, કર્મ ખરવાં સાધક છે, દ્રવ્યમોક્ષસાધ્ય છે, રાગદ્વેષમોહનો અભાવ સાધક છે, સંસારભાવ સાધ્ય છે. ધર્મ સાધક છે, પરમપદ સાધ્ય છે. સ્વવિચારપ્રતીતિરૂપ સાધક છે, અનાકુળભાવ સાધ્ય છે. સમાધિ સાધક છે, નિજશુદ્ધસ્વરૂપ સાધ્ય છે, સ્યાદ્વાદ સાધક છે, યથાર્થ પદાર્થની સાધના સાધ્ય છે. ભલી ભાવના સાધક છે, વિશુદ્ધજ્ઞાનકલા સાધ્ય છે. વિશુદ્ધપાનકલા સાધક છે, નિજપરમાત્મા સાધ્ય છે. વિવેક સાધક છે, કાર્ય સાધ્ય છે. ધર્મધ્યાન સાધક છે, શુક્લધ્યાન સાધ્ય છે. શુક્લધ્યાન સાધક છે, સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે, વીતરાગભાવ સાધક છે, કર્મ-અબંધ (કર્મનો બંધ ન થવો તે) સાધ્ય છે. સંવર સાધક છે, નિર્જરા સાધ્ય છે. નિર્જરા સાધક છે, મોક્ષ સાધ્ય છે. ચિદ્વિકાર-અભાવ સાધક છે, શુદ્ધોપયોગ સાધ્ય છે. દ્રવ્યશ્રુતનું સમ્યગ્ અવગાહન સાધક છે, ભાવશ્રુત સાધ્ય છે, ભાવશ્રુત સાધક છે, કેવલ જ્ઞાન સાધ્ય છે, ચેતનમાં ચિત્તને લીન કરવું સાધક છે, અનુભવ સાધ્ય છે. અનુભવ સાધક છે, મોક્ષ સાધ્ય છે. નયભંગી સાધક છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રમાણ-ભંગી સાધ્ય છે. પ્રમાણભંગી સાધક છે, વસ્તુસિદ્ધ કરવી તે સાધ્ય છે. શાસ્ત્રનું સમ્યક્ અવગાહન સાધક છે, શ્રદ્ધાગુણજ્ઞતાસાધ્ય છે. શ્રદ્ધાગુણ સાધક છે, પરમાર્થ પામવો તે સાધ્ય છે. યતિજનસેવા સાધક છે, આત્મહિત સાધ્ય છે. વિનય સાધક છે, વિદ્યાલાભ સાધ્ય છે. તત્ત્વશ્રદ્ધાન સાધક છે, નિશ્ચયસમ્યક્ત્વ સાધ્ય છે. દેવશાસ્ત્રગુરુની પ્રતીતિ સાધક છે, તત્ત્વ પામવું તે સાધ્ય છે. તત્ત્વામૃત પીવું સાધક છે, સંસારખેદ મટવો સાધ્ય છે. મોક્ષમાર્ગ સાધક છે, સંસારખેદ મટવો સાધ્ય છે. મોક્ષમાર્ગ સાધક છે, મોક્ષ સાધ્ય છે. ધ્યાન સાધક છે, મનો-વિકાર વિલય (થવો) સાધ્ય છે. ધ્યાનાભ્યાસ સાધક છે, ધ્યાન સિદ્ધિ સાધ્ય છે. સૂત્રતાત્પર્ય સાધક છે. શાસ્ત્રતાત્પર્ય સાધ્ય છે. નિયમ સાધક છે, ન્યાય સ્થાપના નિશ્ચયપદને પામવું તે સાધ્ય છે. નય, પ્રમાણ નિક્ષેપ સાધક છે. (ન્યાયને સ્થાપવો તે) સાધ્ય છે. **સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેયને જાણવું સાધક છે, નિર્વિકલ્પ નિજરસ પીવો તે સાધ્ય છે.** પરવસ્તુથી વિરક્તપણું સાધક છે, નિજ વસ્તુની પ્રાપ્તિ સાધ્ય છે. પરદયા સાધક છે, વ્યવહારધર્મ સાધ્ય છે. સ્વદયા સાધક છે. નિજધર્મ સાધ્ય છે. સંવેગાદિ આઠ ગુણ સાધક છે, સમ્યક્ત્વ સાધ્ય છે. ચેતનભાવના સાધક છે, સહજ સુખ સાધ્ય છે. પ્રાણાયામ સાધક છે, મનોવશીકરણ સાધ્ય છે. ધારણા સાધક છે. ધ્યાન સાધ્ય છે. ધ્યાન સાધક છે, સમાધિ સાધ્ય છે. આત્મરુચિ સાધક છે, અખંડસુખ સાધ્ય છે. નય સાધક છે, અનેકાંત સાધ્ય છે. પ્રમાણ સાધક છે, વસ્તુને પ્રસિદ્ધ કરવી તે સાધ્ય છે. વસ્તુગ્રહણ સાધક છે, સકલકાર્ય-સામર્થ્ય સાધ્ય છે. પરપરિણતિ સાધક છે, ભવદુઃખ સાધ્ય છે. નિજપરિણતિ સાધક છે, સ્વરૂપાનંદ સાધ્ય છે. એવી રીતે સાધકસાધ્યના અનેક ભેદ જાણી નિજ

---

૧. શુદ્ધાતમ અનુભૌ ક્રિયા, શુદ્ધજ્ઞાન દગ ઔર;
મુક્તિ પંથ સાધન યહૈ, વાગ્જાલ સબ ઔર. ૧૨૬

**પં. બનારસી કૃત નાટકસમયસાર.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અનુભવ કરો. આ બધું સ્વરૂપ-આનંદ પામવાને માટે બતાવ્યું છે. કર્મકલ્પના [૧]કલ્પિત છે. **આત્મા સહજ અનાદિસિદ્ધ છે,** અનંતસુખરૂપ છે, અનંતગુણ-મહિમાને ધરે છે. વીતરાગ ભાવનાથી શુદ્ધોપયોગને ધારીને સ્વરૂપસમાધિમાં લીન થઈને સ્વસંવેદનજ્ઞાનપરિણતિ વડે પરમાત્મા પ્રગટ કરો.

કોઈ કહેશે કે આજના સમયમાં (જીવો પરિગ્રહવંત હોવાથી) [૧]નિજ સ્વરૂપની પ્રાપ્તિ કઠણ છે, (કારણ કે) પરિગ્રહવંત તો બહિરાત્મા છે, તેથી (એમ [૨]કહેવાથી તેણે) સ્વરૂપ પામવાની ચાહ મટાડી. (પાઠાન્તર :- તેમ કહેનાર સ્વરૂપ પામવાની ચાહ મટાડનાર બહિરાત્મા છે.) પરંતુ આજથી અધિક પરિગ્રહ, ચોથા કાલના

---

૧. પાઠાન્તર-'નિજ સ્વરૂપની પ્રાપ્તિ કઠણ છે' તેને બદલે 'સ્વરૂપ કઠણ છે' એવો પાઠ છે.

૨. બાહ્ય પરિગ્રહ ભલે થોડો કે ઝાઝો ગમે તેટલો કેમ ન હોય. પરંતુ તેમાં વિશેષ મમત્વ, મૂર્છા, ગૃદ્ધતા કે અતિ-આસક્તિ કરી છે. જે જેટલો મમત્વપરિણામવાળો હશે તેટલો જ અધિક પરિગ્રહી છે, પરંતુ (ચારિત્ર અપેક્ષાએ ભેદજ્ઞાની) જેટલો મમત્વ ઓછો કરશે તેટલો અપરિગ્રહી છે. ભરત ચક્રવર્તી છ ખંડની વિભૂતિના ધારક હતા પરંતુ તેઓ તેના સ્વામી નહોતા. તેઓ તેને કર્મોદયનો વિપાક સમજતા હતા, એ કારણે તેઓ તે પરિગ્રહમાં રહેવા છતાં પણ નામમાત્રના પરિગ્રહી હતા. પરંતુ જે બહારમાં દરિદ્રી છે પણ અંતરગમાં અત્યંત મૂર્છાથી યુક્ત તે બાહ્ય સામગ્રીના સંચય વિના પણ બહુ પરિગ્રહી છે.

વળી બાહ્ય પરિગ્રહ ગમે તેટલો કેમ ન રહે જ્ઞાની જીવ તેને પોતાના નથી માનતા, તેથી તે બલજોરીથી કે જબર્દસ્તીથી કોઈનું કાંઈ બગાડી શક્તા નથી, પરંતુ જ્યારે પોતાના જ પરિણામને બગાડે ત્યારે જ બાહ્ય વસ્તુને નિમિત્તકારણ કહેવામાં આવે છે. તેથી કેવળ બાહ્ય વસ્તુને દોષ દેવો ઉચિત નથી. પોતાની સરાગ પરિણતિ જ ઘાતક છે અને બંધ કરે છે. પં. બનારસીદાસે યોગ્ય કહ્યું છે કે:-

જ્ઞાની જ્ઞાનમગન રહે, રાગાદિક મલ ખોય;
ચિત્ત ઉદાસ કરણી કરે, કરમ બંધ નહિ હોય.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મહાપુણ્યવંત નર ચક્રવર્તી આદિ તેમને હતો, તો આને તો થોડો છે. તે પરિગ્રહ જોરાવરીથી (બળજોરીથી) એના પરિણામોમાં આવતો નથી. એ પોતે જ દોડી દોડી પરિગ્રહમાં ખૂંચે છે. જ્યારે નવરો હોય ત્યારે વિકથા કરે છે. ત્યારે સ્વરૂપનાં પરિણામ કરે તો કોણ રોકે છે? પર-પરિણામ સુગમ, નિજ-પરિણામ વિષમ બતાવે છે. દેખો! અચરજની વાત છે કે દેખે છે, જાણે છે; છતાં દેખ્યો ન જાય. જાણ્યો ન જાય, એમ કહેતાં લાજ પણ આવતી નથી! સંસારાચાતુરીમાં ચતુર, પોતાને જાણવમાં શઠ એવો હઠ-ધીટતાથી પકડી-પકડીને પર-રતવ્યસનમાં ગાઢ બન્યો. સ્વભાવબુદ્ધિને વિસરીને ભારે ભવ બાંધીને (આંધળો બની) અંધધંધામાં ધાયો, પોતે ઓળખાયો નહિ. હવે શ્રી ગુરુ-પ્રતાપથી સત્સંગ મેળવો, જેથી ભવતાપ મટે, પોતે પોતાનામાં જ પામે, જ્ઞાનલક્ષણથી પિછાણે, પોતે ચિંત્વન ધારણ કરે, નિજપરિણતિ વધારે, નિજમાં જ લય (લીનતા) લગાવે, સહજ સ્વરસને પામે, કર્મબંધનને મટાડે. નિજમાં નિજપરિણતિભાવ લગાડે, શ્રેષ્ઠચિદ્-ગુણપર્યાયને ધ્યાવે ત્યારે હર્ષ પામે, મનવિશ્રામ આવે, સ્વરસા સ્વાદને જે પામે (તેને) નિજ-અનુભવ કહેવાય. તેને દૂર કોણ બતાવે? (વળી) ભવભ્રમણ ઘટાડે, પોતે અલખને ઓળખે. ચિદાનંદને દર્શાવે, અવિનાશી રસ પામે, જેનો જશ ભવ્ય જીવો ગાય છે, જેનો અપાર મહિમા છે. (જેને) જાણતાં ભવભાર મટે છે. એવા મહા અવિકાર [1]સમયસારને જાણી લેજો.

---

૧. આતમદરવ જાકૌં કારણ સદૈવ મહા,
એસો નિજ ચેતનમૈં ભાવ અવિકારી હૈ;
તાહીકી ધરણહારી જીવકી સક્તિ એસી,
તાસૌં જીવ જીવૈં તિહું કાલગુણધારી હૈં;
દ્રવ્યગુણપર્યાય યે તો જીવદશા સબ,
ઈનહીમૈં વસ્તુ જીવ જીવનતા સારી હૈ;
સબકૌ આધાર સાર મહિમા અપાર જાકી,
જીવનસક્તિ 'દ્વીપ' જીવ સુખકારી હૈ. ૫૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સદાય જીવો, એમ કરો કે જેથી તે (આત્મા) (આત્માનો) દ્રોહી ન થાય, જિનાગમમાં એવી વાત કહી છે કે પોતાને અવલોક્યે શુદ્ધ ઉપયોગ થાય. પરનો વિયોગ ભાવ્યે, સહજ ઓળખાય. ત્રણ લોકનો નાથ વિખ્યાત છે. નિજ અનુરાગપૂર્વક વીતરાગભાવને ધારણ કરો; આ દાવ પામ્યા છો, ફરી (આવો) ઉપાય મળવાનો નથી, માટે જેનાથી ભવફંદ મટે એવો ભાવ ધારણ કરો. તેથી માનસ્થંભને મટાડી, માયાજાલને જલાવી, ક્રોધોગ્નિને બુઝાવી, લોભલહરીઓને મટાડી, વિષયભાવનાને ન ભાવી ચિદાનંદરાયપદને દેખો, દેખો, પોતે પોતાને ગવેષો. પરવેદનાનું ઉચ્છેદન કરી, સહજભાવ ધરી, અન્તર્વેદી થઈ, આનંદધારાને નિહાળી નિશ્ચયરૂપ પરમાત્માને દેખો.

આ પરિણતિરૂપ નારીથી લલચાઈ કુમતિ સખીના સંગે ગતિમાં પડી નિજ પરિણતિરાણીના વિયોગીથી ઘણા દુઃખી થયા. હવે નિજ પરિણતિની સાથે અતીન્દ્રિય ભોગ ભોગવો, જ્યાં સહજ અવિનાશી રસ વરસે છે. (પાનની) [૧]પિચકારીમાં પદ્મરાગ-મણી કલ્પી જૂઠો જ આનંદ માનો છો, એ પ્રમાણે પરમાં નિજભાવ [૨]કલ્પો છો તે જૂઠી જ હોંશ પૂરી કરવા જાઓ છો, પણ તે પૂરી

---

૧. કફનો રોગી પાન ખાઈને થૂંક્યો હોય તેને દેખી ચંદ્રના પ્રકાશમાં કોઈને એમ ભ્રમ થાય કે આ લાલમણિ છે.

૨. જ્ઞાન ઉપયોગયોગ જાકૌ ન વિયોગ હુવૌ,
નિહમૈં નિહારૈ એક તિહૂં લોક ભૂપ હૈં;
ચેતન અનન્તરૂપ સાસતૌ વિરાજમાન,
ગતિ ગતિ ભ્રમ્યો તોઊ અમલ અનૂપ હૈ.
જૈસેં મણિ માંહિ કોઊં કાચ ખંડ માને તોઉ,
મહિમા ન જાય વામૈં વાહિકૌ સરૂપ હૈં;
એસૈં હી સંભારીકૈ સરૂવકો વિચાર્યો મૈં,
અનાદિ અખંડ મેરો ચિદાનંદ રૂપ હૈં. ૩૦
-જ્ઞાનદર્પણ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહીં થાય. આકાશમાં એક દેવ છે. તેના હાથમાં ચિંતામણિ છે. તેના પ્રતિબિંબને પોતાના વાસણના જળમાં જોઇ (પોતે) મનમાં વિચારે કે 'મારી પાસે ચિંતામણિ છે.' તેના ભરોસે પારકાનું લાખોનું દેવું કર્યું તેથી શું સિદ્ધિ છે? જૂઠી કલ્પના તમને જ દુઃખદાયક છે. સાચો ચિંતામણિ પોતાના ઘરમાં, તેને તો દીઠો નહિ ને (આ તરફ) પ્રતિબિંબમાંથી કાંઇ (ચિંતામણિ) હાથ નહિ આવે. ઘણો ખેદ કરો છો તેથી શું બડાઇ? હવે પોતાનું સાચું અખંડ પદ દેખો. બ્રહ્મસરોવર આનંદસુધારસથી પૂર્ણ છે, જેનો સુધારસ પીતાં અમર થવાય તે રસ પીઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# અથ અનુભવવર્ણનમ્

પૌદ્ગલિક કર્મથી જ પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનરૂપ સંજ્ઞી દેહ બન્યો છે. તે દેહમાં તેના પ્રમાણમાં રેહલું જીવદ્રવ્ય પણ ઇન્દ્રિય અને મનસંજ્ઞાનું નામ પામે છે. ભાવ-ઇન્દ્રિય, ભાવમન એવા છ પ્રકારે ઉપયોગપરિણામના પણ ભેદ પડ્યા છે. એક-એક ઉપયોગપરિણામ એકને જ દેખે, [૧]જાણે. મનનો ઉપયોગપરિણામ ચિંતા-વિકલ્પને દેખે, જાણે. પરિણામવિચાર વિકલ્પ-ચિંતારૂપ માનવું હોય છે. તેમ થતાં તે પરિણામભેદને 'મન' નામ કહ્યું. દેખો સંત! બીજું, હવે આને એક પાનનું નામ લઇ કથન કરું છું. તે જ્ઞાનના કથનથી દર્શનાદિ સર્વગુણ આવી ગયા. આ મન-ઇન્દ્રિયભેદોના જ્ઞાનના પર્યાયનું નામ મતિસંજ્ઞા છે. મન ભેદજ્ઞાનથી (વિશેષજ્ઞાનથી) અર્થથી અર્થાન્તર વિશેષને જાણે છે, આ જાણવાને 'શ્રુત' સંજ્ઞા કહીએ, એ બંને જ્ઞાનપર્યાય (બે પ્રકારે) કુરૂપ (વિપરીતરૂપ) (અને) સમ્યક્રૂપ છે.

મિથ્યાત્વીનું મતિશ્રુતરૂપ જાણવું છે, તે જાણવામાં સ્વ-પર વ્યાપક-અવ્યાપકની જાતિ નથી. તે જ્ઞેયને પોતારૂપ જાણે અથવા જાણે પણ નહીં. મિથ્યાત્વીના જાણવામાં કુરૂપતા-વિપરીતતા છે. સમ્યક્દૃષ્ટિ પરને પર જાણે છે, સ્વ ને સ્વ જાણે છે. મિથ્યાત્વી, ચારિત્રમાં પરને નિજરૂપ અવલંબે છે, (ત્યારે) સમ્યક્દૃષ્ટિ નિજને નિજરૂપ અવલંબે છે. સમ્યક્તા (સમ્યક્ત્વ) સવિકલ્પ-નિર્વિકલ્પરૂપથી બે પ્રકારે છે. જઘન્યજ્ઞાની તે પરજ્ઞેયને અવ્યાપક પરરૂપપણે જાણી પોતાને જાણનરૂપે વ્યાપક જાણે તે તો સવિકલ્પ સમ્યક્તા. બીજું જે પોતે પોતાને જ જાણનરૂપે પોતાને જ

૧. આનું વિસ્તૃત વિવેચન આત્માવલોકનના 'અનુભવવિવરણ'ના પ્રકરણમાં દેખવું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યાપ્યવ્યાપક જાણ્યા કરે તે નિર્વિકલ્પરૂપ સમ્યક્તા છે. વળી જે એક વાર એક જ સમયમાં સ્વને સર્વ સ્વપણે જાણે તથા સર્વ પરને પરપણે જાણે ત્યાં ચારિત્ર પરમ શુદ્ધ છે, તે સમ્યક્તાને પરમ-સર્વથા-સમ્યક્તતા કહીએ. તે કેવલદર્શન-જ્ઞાનપર્યાય વિષે હોય છે.

બીજું જે જ્ઞેયપ્રતિ ઉપયોગ લગાડે, તેને જ જાણે, અન્યને ન જાણે. મિથ્યાત્વીનું કે સમ્યક્દષ્ટિનું જ્ઞેયપ્રયોજન જ્ઞાન તો એક સરખું છે, પરંતુ ભેદ એટલો જ છે કે મિથ્યાત્વી જેટલું જાણે તેટલું અયથાર્થરૂપ સાધે. અને સમ્યક્દષ્ટિ તે જ ભાવને જાણે તેટલા બધાને યથાર્થરૂપ સાધે. તેથી તે સમ્યક્દષ્ટિના ચારિત્રના અશુદ્ધ પરિણામથી બંધ થઇ શકતો નથી. તે ઉપયોગપરિણામોએ બંધ-આસ્રવરૂપ અશુદ્ધ પરિણામની શક્તિને રોકી રાખી છે. તેથી તે નિરાસ્ત્રવ નિર્બંધ છે; અને સર્વ એક પોતાને જ પોતે ચિત્તવસ્તુ વ્યાપકવ્યાપ્યકતાથી સ્વયમેવ પ્રત્યક્ષ દેખવા-જાણવા લાગે અને તે ચારિત્રપરિણામ નિજ ઉપયોગમય ચિત્તવસ્તુમાં સ્થિરીભૂત શુદ્ધ વીતરાગમગ્નરૂપે પ્રવર્તે; તેને જ ચારિત્રપરિણામજન્ય નિજાર્થ (નિજાનંદ) થાય છે. એ રીતે સમ્યક્દષ્ટિના દર્શનજ્ઞાનચારિત્રસહિત પરિણામ નિજ ચિત્તવસ્તુને જ વ્યાપ્યવ્યાપકરૂપ દેખતાં,જાણતાં, આચરતાં નિજસ્વાદ લે છે. એ નિજસ્વાદદશાનું નામ સ્વાનુભવ કહીએ છીએ.[૧]

સ્વાનુભવ થતાં નિર્વિકલ્પ સમ્યક્ત્વ ઊપજે છે. (તેને) સ્વાનુ-ભવ કહો, યા કોઇ નિર્વિકલ્પ દશા કહો, વા આત્મસન્મુખ ઉપયોગ કહો, વા ભાવમતિ-ભાવશ્રુત કહો વા સ્વસંવેદનભાવ-વસ્તુમગ્નભાવ, વા સ્વઆચરણ કહો-સ્થિરતા કહો-વિશ્રામ કહો-સ્વસુખ કહો-ઇન્દ્રિયમનાતીત ભાવ-શુદ્ધોપયોગસ્વરૂપમગ્ન વા

૧. વસ્તુ વિચારત ધ્યાવતૈં મન પાવૈ વિશ્રામ;
રસ સ્વાદત સુખ ઊપજૈ, અનુભવ યાકૌ નામ. ૧૭.
-સમયસાર નાટક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિશ્ચયભાવ સ્વરસ-સામ્યભાવ, સમાધિભાવ, વીતરાગભાવ, અદ્વૈતાવલંબીભાવ, ચિત્તનિરોધ-ભાવ, નિજધર્મભાવ, યથાસ્વાદરૂપભાવ, એ પ્રમાણે સ્વાનુભવનાં ઘણાં નામ છે, તો પણ એક સ્વસ્વાદરૂપ 'અનુભવદશા' એવું મુખ્ય નામ જાણવું. જે સમ્યક્દષ્ટિ ચોથા (ગુણસ્થાન) નો છે તેમને તો સ્વાનુભવનો કાલ લઘુ અન્તર્મુહૂર્ત સુધી રહે છે. (ફરી) (તેને) તે (સ્વાનુભવ) ઘણા કાલ પછી થાય છે. તેનાથી (અવિરત સમ્યક્દષ્ટિનાકાલથી) દેશવ્રતીનો સ્વાનુભવ રહેવાનો કાલ વધુ છે, અને તે સ્વાનુભવ થોડા જ કાલ પછી થાય છે. સર્વવિરતિનો સ્વાનુભવ દીર્ઘ અન્તર્મુહૂર્ત સુધી રહે છે. ધ્યાનથી પણ થાય છે તથા ઘણા થોડા થોડા કાલ પછી સ્વાનુભવ [1]સાતમાં ગુણ-સ્થાનરૂપ થયા જ કરે છે. તે જ પરિણામ કે જે પૂર્વે સ્વાનુભવરૂપ થયા હતા તે તો સ્વાનુભવરૂપ રહ્યા પણ ત્યાંથી (તે પરિણામ) મુખ્યરૂપે કર્મધારાથી નીકળી નીકળી, સ્વ-રસસ્વાદરૂપ-અનુભવરૂપ-થઈ થઈને વધતા ચાલે છે. જેમ જેમ પછીનો કાલ આવે છે તેમ તેમ પછી પછીના પરિણામ સ્વસ્વાદરસ-રૂપ-અનુભવરૂપ થઈ થઈ વધતા ચાલે છે. એ પ્રમાણે ત્યાંથી અનુભવ-દશાના પરિણામ વધી વધીને પલટતા જાય છે. તે ક્ષીણ મોહ ગુણ-સ્થાનના અંત સુધી જાણવું.

હે ભવ્ય! તું એક વાત સાંભળ - અમે એકવાર વળી ફરી કહીએ છીએ. આ સ્વાનુભવદશા [2]સ્વસમયરૂપ સુખ છે, શાંતિ-વિશ્રામ છે, સ્થિરરૂપ છે, નિજકલ્યાણ છે, ચેન છે, તૃપ્તિરૂપ છે. સમભાવ છે, મુખ્ય મોક્ષરાહ છે, એવી છે, વળી આ સમ્યક્ સવિકલ્પદશા, જો કે અહીં ઉપયોગ નિર્મલ છે તો પણ અહીં ચારિત્રપરિણામ પરાલંબી, અશુદ્ધ, ચંચલ હોવાથી સવિકલ્પદશા-

૧. સાતમા ગુણસ્થાનમાં સ્વાનુભવદશા વારંવાર થયા જ કરે છે.

૨. પાઠાન્તર-સ્વરસમયરૂપ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દુઃખ છે, તૃષ્ણાએ કરી ચંચલ છે, પુણ્યપાપરૂપ કલાપ (સમૂહ) છે, ઉદ્વેગતા છે, અસંતોષ-રૂપ છે, એવા એવા વિલાપરૂપ છે. બંનેયથી (સવિકલ્પ, નિર્વિકલ્પ દશા બંનેયથી) ચારીત્રપરિણામની અવસ્થા પોતામાં દીઠી છે. તેથી ભલું આ છે કે તું સ્વાનુભવરૂપ રહેવાનો ઉદ્યમ રાખ્યા કર. આ અમારું વચન વ્યવહારથી ઉપદેશકથન છે. ગુણસ્થાન પ્રમાણે જેટલી જેટલી વિશુદ્ધતા, સ્થિરતા વધી તેટલું તેટલું સુખ વધ્યું. બારમા ગુણસ્થાન સુધી કષાય ઘટવાથી સ્થિરતા વધી (અને) મતિજ્ઞાના-વરણ અને શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમથી સ્વસંવેદનરસ વધ્યો. સ્વસંવેદનસ્થિરતાથી ઊપજેલો રસાસ્વાદરૂપ સ્વાનુભવ તે અનન્ત-સુખનું મૂલ છે.

તે અનુભવ ધારાધર (મૂશળધાર વરસાદરૂપ-ધારાપ્રવાહરૂપ) જાતાં, દુઃખદાવાનલ રંચ પણ રહેતો નથી. મુનિજનો સ્વાનુભવને ભવવાસ[1] ઘટાનો નાશ કરવા માટે પરમ પ્રચંડ પવન [2]કહે છે. અનુભવસુધાનું પાન કરી અનેક ભવ્ય જીવ અમર થયા. અનુભવ જ પરમ પૂજ્ય પદને કરે છે. એના વિના સર્વવેદપૂરાણ નિરર્થક છે, સ્મૃતિ વિસ્મૃતિ છે, શાસ્ત્રાર્થ વ્યર્થ છે, પૂજા ભજન મોહ છે, અનુભવ વિના

---

૧. ઘટા-વાદળ

૨. અનુભૌ અખંડ રસ ધારાપર જગ્યૌ જહાં,
તહાં દુઃખ દાવાનલ રંચ ન રહતું હૈ;
કરમ નિવાસ ભવવાસ ઘટા ભાવનેકૌં,
પરમ પ્રચંડ પૌનિ મુનિજન કહતું હૈં,
યાકૌ રસ પિયૈં ફિર કાહુકી ન ઈચ્છા હોય,
યહ સુખદાની સબ જગમેં મહતું હૈ;
આનંદકૌ ધામ અભિરામ યહ સન્તકૌ,
યાહીકે ધરૈયા પદ સાસતૌ લહતુ હૈં. ૧૨૭

-જ્ઞાનદર્પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્વિઘ્ન કાર્ય વિઘ્ન છે, પરમેશ્વરકથા તે પણ જૂઠી છે. તપ પણ જૂઠું છે, તીર્થસેવન જૂઠું છે.

(અનુભવ વિના) તર્ક, પુરાણ, વ્યાકરણ ખેદ છે, ગામમાં ગાય, શ્વાનની જેમ અને વનમાં હરણાદિની જેમ અજ્ઞાન તપસી છે, પુરુષ ગમે ત્યાં રહે, અનુભવપ્રસાદથી તે (સદા) પૂજ્ય છે, અનુભવઆનંદ, અનુભવ-ધર્મ, અનુભવ-પરમપદ, અનુભવ-અનંતગુણ-રસ-સાગર અનુભવથી સિદ્ધ થાય છે, અનુપમ જ્યોતિ, અમિત તેજ, અખંડ, અચલ, અમલ, અતુલ, અબાધિત, અરૂપ, અજર, અમર, અવિનાશી, અલખ, અછેદ, અભેદ, અક્રિય, અમૂર્તિક, અકર્તૃત્વ, અભોકતૃત્વ, અવિગત (નિત્ય) આનંદમય, ચિદાનંદ ઇત્યાદિ પરમેશ્વરના સર્વ અનંત વિશેષણોને અનુભવ સિદ્ધ કરે છે, માટે અનુભવ સાર છે. મોક્ષનું નિદાન, સર્વ વિધાનનો શિરોમણિ, સુખનું નિધાન, અમ્લાન અનુભવ છે. [૧]ઇન્દ્રાદિ, અનુભવી જીવ એવા મુનિજનના ચરણાવિંદને સેવે છે.

---

૧. પરપદ આપો માનિ જગમૈં અનાદિ ભમ્યો,  
પાયો ન સ્વરૂપ જો અનાદિ સુખથાન હૈ;  
રાગદ્વેષભાવનમેં ભવથિતિ બાધા મહા,  
વિના ભેદજ્ઞાન ભૂલ્યૌ ગુણકૌ નિધાન હૈ.  
અચલ, અખંડજ્ઞાનજ્યોતિકો પ્રકાશ લિયે,  
ઘરમેં હી દેવ ચિદાનંદ ભગવાન હૈ;  
કહૈ 'દીપચંદ' આપ ઇન્દ્ર હુસે પાય પરૈ,  
અનુભૌ પ્રસાદપદ પાવૈ નિરવાન હૈ. ૧૨૪

(દોહા)

ચિંદ લક્ષણ પહિચાનતૈં ઊપજૈ આનંદઆપ;  
અનુભૌ સહજ સરૂપકૌ, જગમૈં પુણ્યપ્રતાપ. ૧૨૪  
જગમેં અનાદિ યતિ જેં તે પદ ધારિ આયે,  
તેઉ સબ તિરે બહિ અનુભૌ નિધાનકો;  
યાકે વિનુ પાયે મુનિહૂ સુપદ નિંદત હૈ,  
યહ સુખસિન્ધુ દરશાવૈ ભાગવાનકૌ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેથી અનુભવ કરીને એ ગ્રંથ ગ્રંથોમાં (દરેક સદ્‌ગ્રંથમાં) અનુભવની પ્રશંસા કહી છે. અનુભવ વિના કોઈ સાધ્યની સિદ્ધિ નથી. અનંતચેતના ચિહ્નરૂપ, અનંતગુણમંડિત અનંતશક્તિધારક, આત્મપદના રસાસ્વાદને અનુભવ કહીએ.

વારંવાર સર્વગ્રંથનો સાર, અવિકાર અનુભવ છે, અનુભવ શાશ્વત ચિંતામણિ છે. અનુભવ અવિનાશી [૧]રસકૂપ છે. અનુભવ મોક્ષરૂપ છે. અનુભવ તત્ત્વાર્થસાર છે. અનુભવ જગત-ઉદ્ધારણ છે. અનુભવથી અન્ય કોઈ ઊંચ પદ નથી, માટે અનુભવ સદાય સ્વરૂપનો કરો. અનુભવનો મહિમા અનંત છે. ક્યાં સુધી બતાવીએ. આઠકર્મ

---

નારકી હૂ નિકસિ જે તીર્થંકરપદ પાવૈ,
અનુભૌ પ્રભાવ પહુંચાવૈ નિરવાનકો;
અનુભૌ અનંત ગુણધામકે ધરૈયા હી કો,
તિહું લોક પૂજૈ હિત જાનિ ગુણવાન કો.

(દોહા)

ગુણ અતન્તકે રસ સબૈ, અનુભૌ રસ કે માહિં,
યાતૈં અનુભૌ સારિખૌ, ઔર દૂસરો નાહિં, ૧૫૩
પંચ પરમ ગુરુ જે ભયે, જે હોંગે જગમાંહિ;
તે અનુભવપરસાદતૈં, યામૈં ધોખો નાહિ. ૧૫૪

-જ્ઞાન દર્પણ

૧. અનુભવ ચિંતામણિ રતન, અનુભવ હૈં રસકૂપ;
અનુભવમારગ મોખકો, અનુભવ મોક્ષસ્વરૂપ ૧૮
અનુભૌકે રસકૌ રસાયન કહત જગ,
અનુભૌ અભ્યાસ યહુ તીરથકી ઠૌર હૈ;
અનુભૌકી જો રસા કહાવે સોઈ પોરસા સુ,
અનુભૌ અઘોરસાસૌં ઊધરકી દૌર હૈ.
અનુભૌકી કેલિ યહૈ કામધેનુ ચિત્રાવેલિ,
અનુભૌકૌ સ્વાદ પંચ અમૃતકો કોર હૈં;
અનુભૌ કરમ તૌરૈ પરમસૌં પ્રીતિ જોરૈ,
અનુભૌ સમાન ન ધરમ કૌઉ ઔર હૈ. ૧૯

નાટક સમયસાર ઉત્થાનિક-૧૮-૧૯

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મપ્રદેશ ઉપર પોતાની સ્થિતિથી (સ્થિતિ સુધી) બેઠા છે, તે સર્વ પુદ્‌ગલનો ઠાઠ છે. તેમના વિપાકના ઉદયથી ચિદ્‌વિકાર થયો તે વિકાર જીવનો છે. નોકર્મરૂપ, દ્રવ્યકર્મરૂપ સર્વ વર્ગણા પુદ્‌ગલ છે. (અને) ભાવ જીવના છે. એક સો અડતાલીસ પ્રકૃતિવર્ગણા જડની બની છે. તેમના વિપાક-ઉદયની વ્યક્તતાનું નિમિત્ત પામીને ચિદ્વિકાર થયો, તે વિકારનો સ્વાંગ જીવે ધર્યો છે. આ જ્ઞેયરંજક અશુદ્ધ ભાવ-તે શુદ્ધભાવની શક્તિ અશુદ્ધ થઈ ત્યારે થયો છે. અશુદ્ધતા પરના નિમિત્તથી ઉફદૂ (ફૂગ, ઉપાધિ)-મેલ છે. (પાઠાન્તરઃ-અશુદ્ધ પરિણમનના નિમિત્તથી આ કર્મમલ લાગ્યો છે) પણ આણે (જીવે) કર્યો માટે આનો છે. (પણ) આનો મૂલ-ભાવ નથી. શાથી? કે વાદળાંની ઘટા લાલ, શ્યામ, પીત્ત, હરિતરૂપ થતાં આકાશ તેવું ન થયું. જેમ રત્ન ઉપર માટી ઘણી લપેટી છતાં રત્નનો પ્રકાશ માટીને લપેટવા છતાં ન ગયો. અંતરશક્તિ જેવી ને તેવી છે, તેમ આત્માને અશુદ્ધ ભાવ થતાં આત્માની દર્શનજ્ઞાનશક્તિ અભ્યન્તરમાં જેવી ને તેવી છે, પરપુદ્‌ગલનું નાટક (ઘણું) બન્યું છે, તેને પુદ્‌ગલનો ખેલ જાણ, તું (તેને) તારા આત્માનો ખેલ ન જાણ.

તે કહેવામાં આવે છે. દશ પ્રકારનો પરિગ્રહ-ક્ષેત્ર, બાગ, નગર, કૂપ, વાપી, તડાગ (તળાવ), નદી આદિ બધુંય પુદ્‌ગલ. માતા, પિતા, કલત્ર, પુત્ર, પુત્રી, વધૂ, બંધુ, સ્વજન આદિ બધાય (કુટુંબી-જનો); સર્પ, સિંહ, વ્યાઘ્ર, ગજ, મહિષ આદિ બધાય દુષ્ટો; અક્ષર, અનક્ષર શબ્દાદિ; ગાવું, બજાવવું, સ્નાન, ભોગ, સંયોગ-વિયોગની બધી ક્રિયા; પરિગ્રહનો મેલાપ તે મોટો, પરિગ્રહનો નાશ તે દરિદ્ર વગેરે બધી ક્રિયા; ચાલવું, બેસવું, હલવું, બોલવું, કંપવું, વગેરે બધી ક્રિયા; લડવું, બાથ ભીડવી, ચઢવું, ઊતરવું, કૂદવું,



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નાચવું, ખેલવું, ગાવું બજાવવું વગેરે બધી ક્રિયા-એ સર્વ પુદ્‌ગલનો ખેલ જાણ.

નર, નારક, તિર્યંચ, દેવ, તેમના વૈભવ, ભોગકરણ, વિષયરૂપ ઇન્દ્રિયોની ક્રિયા આદિ સર્વ પુદ્‌ગલનું નાટક છે. દ્રવ્યકર્મ, નોકર્મ આદિ સર્વ પુદ્‌ગલનો અખાડો છે. તેમાં તું ચિદાનંદ રંજિત થઇ પોતાના જાણે છે. પોતાના દર્શનજ્ઞાનચારિત્રાદિ અનંતગુણના અખાડામાં પરિણતિપાત્રો નાચે છે, સ્વરૂપરસ ઊપજાવે છે. જેટલા ગુણ છે તેટલાને વેદે છે, દ્રવ્યને વેદે છે. સર્વ ભાવો-(સ્વરૂપ) સત્તા મૃદંગ છે, પ્રમેય તાલ છે, ઇત્યાદિ બધુ નિજ અખાડો છે. એવી રીતે પોતાના નિજ અખાડામાં રંજિત ન થતાં પરના અખાડામાં (તેં) મમત્વ કર્યું, જેના ફળમાં જન્માદિ દુઃખફળ (તું) પોતે પામ્યો.

હવે પોતાનો સહજ સ્વાદી થઇ પરપ્રેમ મટાડી ચેતનપ્રકાશના વિલાસરૂપ અતીન્દ્રિય ભોગ ભોગવ, શું? જૂઠા જ સૂના જડમાં પોતાને માને છે? તથા પરને કહે છે કે - (આ) અમને દુઃખ દે છે, (પણ) એમાં દુઃખ દેવાની શક્તિ નથી. બીજાની ઉપર જૂઠો ઉપાલંભ દે છે. પોતાની હરામજાદગીને (દુષ્ટતાને) દેખતો નથી. અચેતનને નચાવતો ફરે છે, તો લાજ આવતી નથી. મડદાની સાથે સગાઇ કરી, હવે અમે એની સાથે લગ્ન કરી સંબંધ કરીશું તો એવી વાત લોકમાં પણ નિંદ્ય છે.

**તમે તો અનંતજ્ઞાનના ધારક ચિદાનંદ છો.** જડમાં પોતાને માનવાની અનાદિની જૂઠી વિટંબણા મટાડો. તમે તેને કેવલ પર માની છોડો, પરાચરણથી જ તમારા દર્શનજ્ઞાનમાં લાભ થયો નથી. (વળી) જો દેખવા-જાણવાથી બંધ થાય તો સિદ્ધ લોકાલોકને દેખે છે, જાણે છે, તે પણ બંધાય, (પણ) તેની સાથે (લોકાલોકની સાથે) (સિદ્ધના) પરિણામ તાદાત્મ્ય નથી. તેથી સિદ્ધ ભગવાન બંધાતા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. પરિણામથી જ સંસાર, પરિણામથી જ મોક્ષ માન, પરિણામ જ રાગદ્વેષમોહના પરિણામ કરે છે. તેનું જતન પણ પરિણામ કરે છે; જ્ઞાનદર્શનમાં રાગદ્વેષ નથી, તેઓ (તો) દેખવાજાણવામાત્ર છે. તેની (પરિણામની) વિકારતાથી તેઓ પણ (દર્શનજ્ઞાન પણ) વિકારી કહેવાય છે. જો દેખવું-જાણવું રાગદ્વેષ-મોહથી થાય તો બંધાય, રાગદ્વેષમોહ ન હોય તો ન બંધાય. આ પરિણામની શુદ્ધતા અભવ્યને થાય નહિ, તેથી (તેને) જ્ઞાનદર્શન શુદ્ધ ન થાય, ભવ્યને સ્વરૂપાચરણના પરિણામ થાય છે તેથી (તેને) જ્ઞાનદર્શન શુદ્ધ થાય. પદ્મનંદિ પચ્ચીસીમાં કહ્યું છે કે :-

**सानुष्ठानविशुद्धे दृगबोधे [1]जायते कुतो जन्म ।**

**उदिते गभस्तिमालिनि किं न विनश्यति तमो नैशम[2] ।।**

અહીં કોઈ પ્રશ્ન કરે કે - વસ્તુ દેખાતી નથી, જણાતી નથી (તો) તેમાં પરિણામ કેવી રીતે દઈએ? (કેવી રીતે લગાડીએ?) તેનું સમાધાન-પરને દેખે-જાણે છે તે પરને દેખનાર ઉપયોગ છે તો દેખે છે. જ્ઞાન છે તો જાણે છે. (તે ઉપયોગને પોતામાં લગાડીને સ્થિર કરે તો) તે ઉપયોગ સ્વમાં અસ્તિરૂપ થયો, (પરથી) નાસ્તિ-રૂપે થયો. જે આ ઉપયોગે ગ્રહ્યું તેમાં જ પરિણામ ધરી સ્થિરતા ધરી, આચરણ કરી વિશ્રામ ગ્રહણ કર. પરિણામ શુદ્ધ કરવામાં એટલું જ કામ છે કહ્યું છે કેઃ-

**'उवओगमओ जीवो' इति वचनात् ।**

**(ઉપયોગમય જીવ છે એ વચનાનુસારે)**

---

૧. પાઠાન્તરઃ- **'जृम्भिते'**

૨. આ પદ્મનો ભાવાનુવાદ આ પ્રમાણે છે કેઃ- જેવી રીતે સૂર્યોદય થતાં અંધકારનો નાશ થાય છે. તેવી રીતે સમ્યક્ ચારિત્ર સહિત વિશુદ્ધ દર્શનજ્ઞાન વૃદ્ધિ થતાં ફરી સંસારમાં જન્મ થતો નથી. નિશ્ચયપંચાશત. ૧૯.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કારણ કે પરિણામ વસ્તુને વેદીને સ્વરૂપલાભ લે છે-વસ્તુમાં લીન થાય છેં. સ્વરૂપનિવાસ પરિણામ જ કરે છે. ઉત્પાદવ્યયધ્રૌવ્ય પરિણામમાં આવ્યા, ઉત્પાદવ્યયધ્રૌવ્યમાં સત્ આવ્યું.[૧] (અને) 'સત્' માં સર્વ સ્વરૂપ આવ્યું. માટે પરિણામ શુદ્ધતામાં સર્વ શુદ્ધતા આવી. કહ્યું છે કેઃ-

**जीवो परिणमदि जदा सुहेण असुहेण**
**वा सुहो असुहो ।**
**सुद्धेण तदा सुद्धो हवदि हि परिणामसब्भावो ॥[२]**
**વચનસાર ગા. ૯)**

પરિણામ સર્વસ્વ સ્વરૂપના છે. પરાચરણના બે ભેદ છે-દ્રવ્ય પરાચરણ અને ભાવપરાચરણ. પરંતુ નોકર્મ (દ્રવ્ય) ઉપચાર પરાચરણ છે, પરંપરાથી અનાદિ ઉપચાર છે. દેવાદિક દેહનું ધારણ સાદિ ઉપચાર છે. દ્રવ્યકર્મજોગ અનાદિ ઉપચાર છે. ભાવકર્મ અશુદ્ધ નિશ્ચયનયથી છે. દ્રવ્યકર્મ-નોકર્મનું દ્રવ્યપરાચરણ ઉપચારથી છે. ભાવપરાચરણ, રાગદ્વેષમોહ છે તેનું આચરણ છે.

કોઈ પ્રશ્ન કરે કે-જો રાગાદિક જીવના ભાવ છે, (અને) પરભાવ સ્પર્શ, રસ આદિક છે, (તો) રાગાદિકને (તેઓ જીવના ભાવ હોવા છતાં) પરભાવ કેમ કહ્યાં?

તેનું સમાધાન-શુદ્ધનિશ્ચયનયથી રાગાદિ જીવના નથી, એ

---

१. **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्, सद्द्रव्य लक्षणम् ।**
**( तत्त्वार्थसूत्र ५,३०-२९ )**

૨. આનો ભાવાનુવાદ નીચે પ્રમાણે છે :-

જીવ પરિણામ સ્વભાવી હોવાથી, જ્યારે શુભ અથવા અશુભ પરિણામોથી પરિણમે છે ત્યારે તે શુભ વા અશુભ થાય છે, અને જ્યારે (આ જીવ) શુદ્ધ પરિણામોથી પરિણમે છે ત્યારે શુદ્ધ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ પર છે, શાથી? કે એ ભાવકર્મ છે, એમના નાશથી મોક્ષ થાય છે, પર છે તો છૂટે છે, તેથી (તેમને) પર જ કહીએ. જ્યારે આ (જીવ) રાગાદિકને પોતાના નહીં માને ત્યારે ભવબંધપદ્ધતિ મટશે. તેથી પર એવા રાગાદિને છોડી શુદ્ધદર્શનજ્ઞાનચારિત્ર છે તેને સ્વ (પોતારૂપ) જાણી ગ્રહો, આ મોક્ષનું મૂલ[૧] છે. પરિણામ જે તરફ ઢળે તેવા થાય છે. માટે પર તરફથી છોડી (ખસેડી) નિજ પરિણામને સ્વરૂપમાં લગાડો. ઉત્પાદવ્યયધ્રૌવ્ય ષડ્ગુણીવૃદ્ધિહાનિરૂપ અર્થક્રિયાકારક પરિણામથી સધાય છે.

---

૧. સદ્ગુરુ કહે ભવ્ય જીવનિસૌં, તોરહુ તુરિત મોહકી જેલ
સમક્તિરૂપ ગહૌ અપનૌં ગુન, કરહુ સુદ્ધ અનુભવકૌ ખેલ.
પુદ્ગલપિંડ ભાવરાગાદિક, ઇનસૌં નહીં તુમ્હારૌ મેલ.
એ જડ પ્રગટ ગુપત તુમ ચેતન, જૈસેં ભિન્ન તોય અરુ તેલ.
(નાટક સમયસાર. ૧-૧૨)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# હવે દેવાધિકાર લખીએ છીએ

કારણ કે દેવથી પરમમંગલરૂપ નિજાનુભવ પામીએ છીએ તેથી દેવ ઉપકારી છે. દેવ પરમાત્મા છે. અરહંત પરમાત્મા સાકાર છે. શરીરયુક્ત છે; અને સિદ્ધ નિરાકાર છે, ચરમશરીરથી કિંચિત્‌ન્યૂન આકાર છે માટે (તેને) સાકાર પણ કહીએ છીએ. અરહંતને અઘાતિકર્મ રહ્યાં છે તેથી બાહ્ય વિવક્ષામાં ચાર ગુણ વ્યક્ત થયા નથી. જ્ઞાનમાં બધા વ્યક્ત થયા છે તે કહેવામાં આવેછે- નામકર્મ મનુષ્યગતિરૂપ છે તેથી સૂક્ષ્મત્વ બાહ્ય નથી (બહારમાં વ્યક્ત નથી), (પણ) કેવલજ્ઞાનમાં વ્યક્ત છે. વેદનીયકર્મ છે, તેથી બહાર (બહારમાં) અબાધિત નથી, અંતરમાં-જ્ઞાનમાં વ્યક્ત છે. અવગાહ બાહ્ય (બહારમાં વ્યક્ત) નથી, (પણ) પોતાના જ્ઞાનમાં વ્યક્ત છે. અગુરુલઘુગોત્રથી બાહ્ય (બહારમાં) વ્યક્ત નથી, (પણ) જ્ઞાનમાં (વ્યક્ત) છે. આ અઘાતિથી જ વ્યક્ત નામ ન પામ્યાં. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ પૂજ્ય છે, અરહંતનું નામ લેતાં જ પરમપદની પ્રાપ્તિ થાય છે. (યોગસારમાં) કહ્યું છે કે :-

જિન સુમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ;
તે ધ્યાતા ક્ષણ એકમાં, લહો પરમપદ શુદ્ધ. ૧૯

જિનસ્થાપનાથી સાલંબધ્યાન વડે નિરાલંબપદ પામેછે. કેવી છે સ્થાપના? કહ્યું છે કે:-

**किं ब्रह्मैकमयी किमुत्सवमयी श्रेयोमयी किं किमु ।**
**ज्ञानानंदमयी किमुन्नतमयी किं सर्वशोभामयी;**
**इत्थं किं किमिति प्रकल्पनपरैस्त्वन्मूर्तिरुद्वीश्यता ( ताम ) ।**
**किं सर्वातिगमेव दर्शैयति सा ध्यानप्रसादन्महः ॥१॥**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**मोहोद्दामदवानलप्रशमने पाथोदवृष्टिसम: ।**

**स्त्रोतो निर्झरणी समीहितविधौ कल्पेन्द्रवल्ली सताम् ॥**

**संसारप्रबलान्धकारमथने मार्तंडचंडद्युति ।**

**जैनी मूर्तिरुपास्यतां शिवसुखे भव्य: पिपासास्ति चेत्[१] ॥**

સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રાને દેખી સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે-પૂર્વે એ સરાગ હતા, રાગ મટાડી (તેઓ) વીતરાગી થયા હાલ હું સરાગ છું, એમની માફક જો હું રાગ મટાડું તો મારા વીતરાગપદને હું પામું નિશ્ચય(થી) હું વીતરાગ છું. કહ્યું છે કે:-

**"पिच्छिहु अरहो देवो पच्छरघडियो हु[२] दरसयं मग्गं"**

**इति वचनात् ॥**

---

૧. આ પદ્યનો ભાવાનુવાદ આ પ્રકારે છે :- હે ભવ્ય જો તને મોક્ષના સુખની પિપાસા છે, તેને પ્રાપ્ત કરવાની ઉત્કૃષ્ટ અભિલાષા છે, તો તમારે જૈનમૂર્તિની ઉપાસના કરવી જોઇએ, તે જિનબિંબમૂર્તિ શું બ્રહ્મસ્વરૂપ છે? શું ઉત્સવમય છે? શું શ્રેયરૂપ છે? શું જ્ઞાનાનંદમય છે? શું ઉન્નતરૂપ છે? અને શું સર્વ શોભાથી સંપન્ન છે? આ રીતે અનેક વિકલ્પોથી શું પ્રયોજન છે? ધ્યાનના પ્રસાદથી આપની મૂર્તિના દેખનારા ભવ્યોને શું તે સર્વાતીત તેજને દેખાડે છે? હા દેખાડે જ છે.

વળી તે મૂર્તિ (જિનબિંબ) મોહરૂપી પ્રચંડ દાવાનલને શાંત કરવાને માટે મેઘવૃષ્ટિની સમાન છે, તે ઇચ્છિત કાર્યોને સંપન્ન કરવા માટે નદીનો સ્ત્રોત છે, તે સજ્જન માટે કલ્પેન્દ્રવેલ છે, કલ્પલત્તાની સદૃશ અભીષ્ટ ફલ પ્રદાન કરનારી છે. અને સંસારરૂપી પ્રબલ અંધકારને નાશ કરવા માટે માર્તંડની પ્રચંડ દ્યુતિ છે, સૂર્યનો પ્રબલ પ્રકાશ છે, તેથી હે ભવ્ય ! એવી તે વીતરાગ મૂર્તિની ઉપાસના જરૂર કરવી જોઇએ.

૨. પાષાણથી ઘડાયેલ હોવા છતાં માર્ગના દર્શક એવા અરહંત દેવને દેખો. (અરહંત દેવના દર્શન કરો).

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ સ્થાપનાના નિમિત્તથી ત્રણ કાલ ત્રણ લોકમાં ભવ્ય જીવો ધર્મ સાધે છે, તેથી સ્થાપના પરમ પૂજ્ય છે. દ્રવ્યજિન-દ્રવ્યજીવ (છે) તે પણ ભાવપૂજ્ય છે. તેથી ભાવિનયથી પૂજ્ય છે. અથવા ત્રણ કલ્યાણક સુધી દ્રવ્યજિન છે, તે પૂજ્ય છે. સમવસરણમંડિત, અનન્તચતુષ્ટયયુક્ત ભાવજિન ભવ્ય જીવોને તારે; દિવ્યધ્વનિથી ઉપદેશ આપીને સાક્ષાત્ મોક્ષમાર્ગની વર્ષા કરે એવા પરમાત્માને ભાવજિન કહેવામાં આવે છે.

હવે સિદ્ધદેવનું વર્ણન કરીએ છીએ. સિદ્ધ નિરાકાર પરમાત્મા છે. અનન્તગુણરૂપ થયેલા પોતાના અનંતસુખને ગુણો અને પર્યાયથી વેદી દ્રવ્યગુણને ભોગવે છે. લોકશિખર પર બિરાજે છે. ષડ્-ગુણીવૃદ્ધિહાનિરૂપ અર્થપર્યાય અને ચરમદેહથી કિંચિત્ ન્યૂન, પ્રદેશોની આકૃતિ-આકારરૂપ વ્યંજનપર્યાય(થી સહિત છે) કહ્યું છે કે :-

મોમ ગયો ગલિ મુસિમૈં જારસ અંબર હોય;

પુરુષાકારૈં જ્ઞાનમય વસ્તુ પ્રમાનૌં સોય.

દેવને જાણે ત્યારે સ્વરૂપ-અનુભવ થાય છે.

॥ ઈતિ દેવાધિકારઃ ॥

---

૧. ધ્યાન હુતાશનમેં અરિ ઈંધન, ઝૌંક દિયૌ રિપુરોક નિવારી;
શોક હર્યો ભવિ લોકનકૌ વર, કેવલજ્ઞાન મયુખ ઉધારી.
લોક અલોક વિલોક ભયે શિવ, જન્મ જરા મૃત પંખ પખારી;
સિદ્ધન થોક વસૈં શિવલોક, તિન્હૈં પગ ધોક ત્રિકાલ હમારી. ૧૧.
તીરથનાથ પ્રનામ કરૈં, તિનકે ગુનવર્નનમેં બુધિ હારી;
મોમ ગયો ગલિ મૂસ મંઝાર, રહ્યો તહુ વ્યોમ તદાકૃતિધારી.
લોક ગહીર નદી પતિ નીર, ગયે તિર તીર ભયો અવિકારી;
સિદ્ધન થોક બસૈં શિવલોક, તિન્હૈં પગ ધોક ત્રિકાલ હમારી.
(જૈન શતક૫ . ભૂધરદાસ-સિદ્ધ સ્તુતિ.)૧૨.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# અથ જ્ઞાનાધિકાર

જ્ઞાન લોકાલોક સકલ જ્ઞેયને જાણે, (કેમકે) નિશ્ચયથી જેનું જાણવારૂપ સ્વરૂપ છે એવી જ્ઞાનની શક્તિ છે. તે સંસારઅવસ્થામાં અજ્ઞાનરૂપ થઈ છે, તોપણ નિશ્ચયથી નિજશક્તિ જતી નથી. વાદળ-ઘટાના આવરણથી સૂર્યનું તેજ જતું નથી તેમ જ્ઞાનાવરણથી જ્ઞાન જતું નથી; આવર્યું જાય (પણ) નાશ ન થાય, જ્ઞાન બધાય ગુણોમાં મોટો ગુણ છે. એમાં અનંત ગુણ પ્રગટ જાણે. જ્ઞાન વિના જ્ઞેયનું જ્ઞાન ન હોત, જ્ઞેય વિના જાણવા યોગ્ય કાંઈ પણ ન હોત માટે જ્ઞાન પ્રધાન છે, **અનંત ગુણાત્મક વસ્તુ તો પણ જ્ઞાનમાત્ર જ છે.** આચાર્યે ઘણાં ગ્રંથોમાં આત્માને એવો કહ્યો છે. શાથી? કે "**लक्षणप्रसिद्धया लक्ष्यप्रसिद्धयर्थम्**" (લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ કરવા માટે આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ કરવામાં આવે છે.) જેમ મંદિરને શ્વેત કહેવામાં આવે છે. જો કે મંદિર સ્પર્શ, રસ, શ્વેતાદિ ઘણાં ગુણ ધરે છે, તોપણ દૂરથી શ્વેત ગુણ વડે ભાસે છે, તેથી મુખ્યતાથી શ્વેતમંદિર કહેવામાં આવે છે. પ્રસિદ્ધ લક્ષણ આત્મામાં જ્ઞાન છે, તેથી જ્ઞાનમાત્ર આત્મા કહ્યો. એક એક ગુણની અનંત શક્તિ, અનંત પર્યાય ગુણની એક-અનેક ભેદાદિ સર્વને જાણે; જ્ઞાન વિના વસ્તુ સર્વસ્વ નિર્ણયરૂપ સ્વરૂપને ન જાણે; માટે જ્ઞાન પ્રધાન છે. મતિજ્ઞાનાદિ જ્ઞાનના પર્યાયો છે. તે ક્ષયોપક્ષમ-જ્ઞાન અંશ શુદ્ધ થયું. (તેથી) પર્યાય જ્ઞેયાકાર જ્ઞાનપર્યાય વડે લોકાલોકને જાણે છે. જ્ઞેયનો નાશ થાય છે, પણ જ્ઞાનનો નાશ નથી; માટે જેટલું જ્ઞેય તેટલું જ્ઞાન મેચક, ઉપયોગલક્ષણ જ્ઞાન (છે),

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપચારથી જ્ઞાનમાં જ્ઞેય છે, માટે વસ્તુ સ્વરૂપમાં જ્ઞેયના વિનાશથી જ્ઞાનનો વિનાશ નથી.

અહીં કોઈ તર્ક કરે કે-જ્ઞાનમાં સર્વ જ્ઞેય ઉપચારથી છે, તો સર્વજ્ઞપદ ઉપચરિત થયું, ઉપચાર જૂઠો છે તો શું સર્વજ્ઞપદ જૂઠું થયું?

તેનું સમાધાનઃ- જેને ઉપચારમાત્રમાં જ લોકાલોક ભાસ્યો, તો તેના નિશ્ચયજ્ઞાનનો મહિમા કોણ કહે? આ જ્ઞાન, સ્વસંવેદન જ થયું થકું, સર્વને જાણે છે. પોતાને જાણતાં પરનું જાણવું સ્થપાય છે, પરને જાણતાં સ્વનું જાણવું સ્થપાય છે. પરની અપેક્ષાએ સ્વ છે, સ્વની અપેક્ષાએ પર છે. વિવક્ષાથી વસ્તુસિદ્ધિ છે (અને) જ્ઞાનથી સ્વરૂપાનુભવ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# હવે જ્ઞેયાધિકાર લખીએ છીએ

**"ज्ञातुं योग्यं ज्ञेयं"** જાણવા યોગ્ય પદાર્થને જ્ઞેય કહેવામાં આવે છે. તે પદાર્થની ત્રણ અવસ્થા છે. દ્રવ્ય-અવસ્થા, ગુણ-અવસ્થા અને પર્યાય-અવસ્થા, (તેમાં) દ્રવ્ય-અવસ્થા મુખ્ય છે, શાથી ? કે પદાર્થ દ્રવ્ય-અવસ્થા ન ધરે તો દ્રવ્ય વિના ગુણપર્યાયનું વ્યાપવું ન થાય, તો દ્રવ્ય (પણ) ન હોય, તો પદાર્થ (પણ) ન હોય માટે દ્રવ્ય અવસ્થા મુખ્ય છે. પછી ગુણ-અવસ્થા છે. શાથી ? કે ગુણ વિના દ્રવ્ય ન હોય તેથી [1]**"गुणसमुदायो द्रव्यं'**, એવું જિનવચન છે. પર્યાય-અવસ્થા ન હોય તો વસ્તુને પરિણમાવે કોણ ? ઉત્પાદવ્યયધ્રૌવ્ય (પણ) ન સધાય, ષડ્ગુણીવૃદ્ધિહાનિ ન થાય, ત્યારે તો અર્થપર્યાયનો અભાવ થતાં વસ્તુનો અભાવ થાય તેથી પર્યાય-અવસ્થાથી સર્વસિદ્ધિ છે.

દ્રવ્ય ગુણ પર્યાયમાં વ્યાપે છે, ગુણ દ્રવ્ય-પર્યાયમાં વ્યાપે છે તથા પર્યાય ગુણ-દ્રવ્યમાં વ્યાપે છે, ત્રણે અવસ્થા પદાર્થની છે. પદાર્થ સત્વ (-સ્વ) અવસ્થાથી અસ્તિ છે, પરચતુષ્ટય-અવસ્થાથી નાસ્તિ છે; ગુણ-અવસ્થાથી અનેક છે, વસ્તુ-અવસ્થાથી એક છે; ગુણાદિભેદથી ભેદરૂપ છે, અભેદવસ્તુસ્વરૂપથી અભેદ છે; દ્રવ્યથી નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે; શુદ્ધ નિશ્ચયથી શુધ્ધ છે, સામાન્ય વિશેષરૂપ વસ્તુ (હોવાથી) વસ્તુત્વ છે, દ્રવ્યના ભાવને ધરતાં દ્રવ્યત્વ છે, પ્રમેયના ભાવને ધરતાં પ્રમેયરૂપ છે, અગુરુલઘુના ભાવને ધરતાં અગુરુલઘુ અવસ્થા છે, પ્રદેશને ધરતાં પ્રદેશરૂપ છે, અન્યત્વગુણ-લક્ષણ-ભેદ અન્યથી અન્યત્વ છે, સ્વ, પરથી અન્ય છે, નાના (અનેક) પદાર્થોથી અન્ય છે, દ્રવ્યત્વ છે, પર્યાયત્વ છે, સર્વગત (છે,) અસર્વગત છે, અપ્રદેશત્વ છે, મૂર્ત છે, અમૂર્ત છે, સક્રિય, અક્રિય, ચેતન, અચેતન, કર્તૃત્વ, અકર્તૃત્વ, ભોકતૃત્વ,

૧. ગુણસમુદાય તે દ્રવ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભોકતૃત્વ, નામ, ઉપલક્ષણ, ક્ષેત્ર, સ્થિતિ, સંસ્થાન, સરૂપ, ફલ, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજન, તત્સ્વભાવ, અતત્સભાવ, સપ્તભંગરૂપ અન્યોન્ય ગુણથી સિદ્ધિ, ગતિહેતુત્વ, સ્થિતિહેતુત્વ, અવગાહહેતુત્વ, વર્તનાહેતુત્વ, ચેતનત્વ, મૂર્તત્વ આદિ (જુદાજુદા) પદાર્થ (થી તથા) એક પદાર્થથી જેવી વિવક્ષા હોય તેવી સમજી લેવી.

પદાર્થ સત્તારૂપ છે. સત્તા, [૧]મહાસત્તા [૨]અવાન્તર સત્તા (એવા) બે ભેદવાળી છે. સત્ત્વ અને અસત્ત્વ, ત્રિલક્ષણ અને અત્રિલક્ષણ. એકત્વ અને અનેકત્વ, સર્વપદાર્થસ્થિતત્વ અને એક પદાર્થસ્થિતત્વ, વિશ્વરૂપ અને એકરૂપ; અનંતપર્યાયત્વ અને એક પર્યાયત્વ. 'દ્રવ્ય' એવો દ્રવ્યભાવ સર્વ દ્રવ્યમાં તે મહાસત્તા. 'જીવદ્રવ્ય' 'પુદ્ગલદ્રવ્ય' એવા સ્વરૂપે વર્તે તે અવાન્તરસત્તા. દ્રવ્યસત્તા અનાદિ-અનંત છે. પર્યાયસત્તા સાદિ-સાંત છે. સ્વરૂપ-સત્તાના ત્રણ પ્રકાર છે-દ્રવ્યસ્વરૂપસત્તા, ગુણસત્તા, પર્યાયસત્તા. ગુણસત્તાના અનંત ભેદ છે. જ્ઞાનસત્તા, દર્શનસત્તા, અનંતગુણસત્તા (એ બધા) પૃથક્ત્વભેદ નથી, પણ અન્યત્વભેદ છે. જેટલા કાંઈ નિજદ્રવ્યગુણ, પરદ્રવ્યગુણ છે, સર્વ દ્રવ્યના અતીત, અનાગત વર્તમાનરૂપ ત્રણ કાલના જેટલા પર્યાયો છે, નવ પદાર્થ, દ્રવ્યગુણ પર્યાય, ઉત્પાદવ્યયધ્રૌવ્ય-એ બધાયને આગમમાં જ્ઞેયના નામથી કહ્યાં છે. જે કાંઈ જ્ઞાનગોચર હોય તે સર્વને જ્ઞેયના નામથી જાણો.

**'ज्ञातुं योग्यं ज्ञेयं'** આ જ્ઞેયાધિકાર (પર) જ્ઞેયને જાણતાં પરને પ્રગટ કરે છે, તેથી નિજજ્ઞેયને જાણી સ્વરૂપાનુભવ કરવો.

---

૧. સમસ્ત પદાર્થોના અસ્તિત્વગુણને ગ્રહણ કરનારી સત્તાને મહાસત્તા કહે છે.
૨. કોઈ વિવક્ષિત પદાર્થની સત્તાને અવાન્તરસત્તા કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# હવે નિજધર્માધિકાર કહેવામાં આવે છે

વસ્તુસ્વભાવ તે નિજધર્મ, તો આત્માનો નિજધર્મ-નિર્વિકાર સમ્યક્ યથારૂપ અનંતગુણપર્યાયસ્વભાવ-તેને ધર્મ કહીએ. નિશ્ચય-જ્ઞાનદર્શનાદિ પોતાના ધર્મ છે. જીવ નિજધર્મ ધરતાં જ પરમ શુદ્ધ છે. નિજ કહેતાં સ્વ, તેનો ધર્મ કહેતાં સ્વભાવ, તેને નિજ ધર્મ કહીએ.

પ્રશ્ન :- પોતાના સ્વભાવરૂપ સર્વ પદાર્થો છે. તેમનો ધર્મ તે તેમનો નિજધર્મ છે. આત્માનો (ધર્મ) આત્મામાં છે; તેથી દર્શનજ્ઞાનને જ નિજધર્મ એમ ન કહો.

સમાધાન-સ્વભાવ તો સર્વ બધાયને જ (સર્વગુણોને જ) કહેવાય છે. તેમનો ધર્મ, (તો) તેમનો સ્વભાવ, એ તો એમ જ છે. પણ તારણધર્મ, સજીવધર્મ, પ્રકાશધર્મ, તેમના ધર્મને પ્રકાશે છે. એવો ધર્મ, પરમધર્મ, હિતરૂપ ધર્મ, અસાધારણ ધર્મ, અવિનાશી સુખરૂપ ધર્મ, ચેતનાપ્રાણધર્મ, પરમેશ્વરધર્મ, સર્વોપરીધર્મ, અનંતગુણધર્મ, શુદ્ધસ્વરૂપપરિણતિધર્મ, અપાર મહિમાધારકધર્મ, નિજશુદ્ધાત્મસ્વભાવરૂપ ધર્મ તે નિજ ધર્મ છે. તેમનો વિશેષભેદ કહેવામાં આવે છે :-

આ અનાદિસંસારમાં જીવ કર્મયોગથી જન્માદિ દુઃખ ભોગવે છે. તે આ પરધર્મને નિજધર્મ માને છે, માટે દુઃખ પામે છે. એ તો સત્ય છે. શાથી ? કે જો સરદાર, પ્રધાન પુરુષને નિંદ્યમાં ગણે તો તે દંડ સહે. નિંદ્યં દેહમાં ચેતનધર્મ માને તો તે દુઃખ પામે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને પામે જ. શુદ્ધચૈતન્યધર્મને જ્યારે ધર્મ જાણે ત્યારે તે સંસાર-તારણધર્મ, અનંતચેતનારૂપ ધર્મ જાણે તે વડે શુદ્ધચૈતન્યજીવધર્મ, સ્વજ્ઞેયપરજ્ઞેયને પ્રકાશે માટે પ્રકાશધર્મ, એણે સર્વદ્રવ્યોના ધર્મ પ્રગટ કર્યા, તેમના ધર્મને પ્રગટ જાણ્યા.

સર્વથી ઉત્તમ માટે પરમધર્મ, નિજરૂપથી અનંત સુખ થાય માટે હિતધર્મ, અન્યમાં નથી માટે અસાધારણ ધર્મ, સહજરૂપ અવિનાશી આનંદ છે માટે અવિનાશી સુખરૂપ ધર્મ, ચેતનાપ્રાણ ધરે છે માટે ચેતનાપ્રાણધર્મ, સહજરૂપ પરમેશ્વર છે એવો સ્વભાવમય પરમેશ્વર ધર્મ, સર્વથી ઉત્કૃષ્ટ છે માટે સર્વોપરી ધર્મ, જેનો સ્વભાવ અનંતગુણરૂપ છે માટે અનંતગુણધર્મ, શુદ્ધ થતાં સદાય શુદ્ધસ્વરૂપે પરિણમે માટે શુદ્ધસ્વરૂપપરિણતિધર્મ, અપારમહિમાસહિત છે માટે અપારમહિમાધારકધર્મ છે, અનંતશક્તિને ધરે છે (તેથી) અનંતશક્તિરૂપધર્મ, એક ગુણના અનંત પર્યાય, એવા અનંત ગુણ અનંત મહિમાને ધરે છે. તે નિજ ધર્મના મહિમાને ક્યાં સુધી કહીએ ? એકદેશ નિજધર્મ ધરતાં પણ સંસાર પાર થાય છે. શાથી ? કે એકદેશ થતાં સર્વદેશ થાય ને થાય જ. તેથી એવું જાણો (સમજો) કે 'પરધર્મથી અનંત દુઃખ, નિજધર્મથી અનંત સુખ.' માટે નિજ-ધર્મને ધારી પોતાના પરમેશ્વરપદને પ્રગટ કરો. નિજધર્મની ધારણા અનુભવથી થાય છે. નિજધર્મ થતાં અનુભવ થાય, માટે અનુભવ સારસિદ્ધિ અર્થે નિજધર્મ-અધિકાર કહ્યો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# હવે મિશ્રધર્મ-અધિકાર કહેવામાં આવે છે

તે મિશ્રધર્મ અંતરાત્માને છે, એમ શાથી ? કે સ્વરૂપશ્રદ્ધાન સમ્યક્ (છે, અને) જેટલો કષાય-અંશ છે તેટલી રાગદ્વેષધારા છે; આત્મશ્રદ્ધાભાવમાં આનંદ હોય છે, કષાય સર્વથા નથી ગયા. મુખ્ય શ્રધ્ધાભાવ છે, અને ગૌણ પરભાવ છે. એક અખંડ ચેતનાભાવ સર્વથા થયો નથી તેથી મિશ્રભાવ છે. બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ-એકદેશ અજ્ઞાનચેતના-છે અને કર્મચેતના પણ છે, તેથી મિશ્રધારા છે. ઉપયોગમાં સ્વરૂપની પ્રતીતિ થઈ પણ શુભાશુભ કર્મની ધારા વહે છે. તેનાથી રંજકભાવ કર્મધારામાં છે. પરંતુ સ્વરૂપશ્રદ્ધાન મોક્ષનું કારણ છે, ભવબાધા મટાડવાને સમર્થ છે. એવી કોઈ કર્મધારાની દુર્નિવાર ગાંઠ છે કે જો કે પ્રતીતિમાં સ્વ-રૂપનો બરાબર નિર્ણય કર્યો છે તોપણ સર્વથા (સ્વરૂપ) ન્યારું નથી, મિશ્રરૂપ છે.

અહીં કોઈ પશ્ન કરે કે-સમ્યક્ગુણ ક્ષાયિક સમ્યગ્દષ્ટિને સર્વથા થયો છે કે નથી થયો ? તેનું સમાધાન કહો. જો એમ કહેશો કે સર્વથા થયો છે તો (તેને) સિદ્ધ કહો. શાથી ? કે એક ગુણ સર્વથા વિમલ થતાં સર્વ (ગુણ) શુદ્ધ થાય. સમ્યક્ગુણ સર્વ ગુણોમાં ફેલાયો છે, (તેથી) સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન સર્વ ગુણો સમ્યગ્ થયા. (પણ) સર્વથા સમ્યગ્જ્ઞાન નથી, એકદેશ સમ્યગ્જ્ઞાન છે. સર્વથા સમ્યક્જ્ઞાન હોય તો સર્વથા સમ્યક્ગુણ શુદ્ધ હોય તેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સર્વથા કહેવાય નહીં. (વળી) જો કિંચિત્ સમ્યક્ગુણ શુદ્ધ કહીએ તો સમ્યક્ત્વગુણનું ઘાતક જે મિથ્યાત્વ-અનંતાનુબંધી કર્મ હતું તે તો ન રહ્યું, જે ગુણનું આવરણ જાય તે ગુણ (સર્વથા) શુદ્ધ થાય માટે (સમ્યક્ગુણ) કિંચિત્ (શુદ્ધ) પણ બનતો નથી.

તો કેવી રીતે છે ? તેનું સમાધાન કરવામાં આવે છેઃ- તે આવરણ તો ગયું પણ સર્વ ગુણો સર્વથા સમ્યક્ થયા નથી. આવરણ જવાથી સર્વ ગુણો સર્વથા સમ્યક્ ન થયા તેથી પરમ સમ્યક્ નથી. સર્વ ગુણો સાક્ષાત્ સર્વથા શુદ્ધ સમ્યક્ થાય ત્યારે 'પરમ સમ્યક્' એવું નામ હોય. વિવક્ષાપ્રમાણથી કથનપ્રમાણ છે. તે દર્શન પ્રત્યેની પૌદ્‌ગલિકસ્થિતિ જ્યારે નાશ થઈ ત્યારે જ આ જીવનો જે સમ્યક્ત્વગુણ મિથ્યાત્વરૂપ પરિણમ્યો હતો તે સમ્યક્ત્વગુણ સંપૂર્ણ સ્વભાવરૂપ થઈ પરિણમ્યો,-પ્રગટ થયો. ચેતન-અચેતનની જુદી પ્રતીતિથી તે સમ્યક્ત્વગુણ નિજજાતિસ્વરૂપ થઈ પરિણમ્યો, તેનું લક્ષણ-જ્ઞાનગુણ અનંતશક્તિદ્વારા વિકારરૂપ થઈ રહ્યો હતો, તે ગુણની અનંતશક્તિમાં કેટલીક શક્તિ પ્રગટ થઈ. સામાન્યથી તેનું નામ મતિશ્રુત થયું કહીએ, અથવા નિશ્ચયશ્રુતજ્ઞાનપર્યાય કહીએ, જઘન્યજ્ઞાન કહીએ, જ્ઞાનની બાકીની સર્વ શક્તિ રહી તે અજ્ઞાન વિકારરૂપ હોય છે. એ વિકારશક્તિને કર્મધારારૂપ કહીએ. તે જ પ્રમાણે જીવની દર્શનશક્તિ અદર્શનરૂપ રહી છે. તે જ પ્રમાણે જીવના ચારિત્રની કેટલીક શક્તિ ચારિત્રરૂપ અને બાકીની કેટલીક શક્તિ વિકારરૂપ છે. એવી રીતે ભોગગુણનું (સમજવું). સર્વગુણ જેટલા નિરાવણ તેટલા શુદ્ધ, બાકીનો વિકાર. તે બધો મિશ્રભાવ થયો. પ્રતીતિરૂપ જ્ઞાનમાં સર્વશુદ્ધશ્રદ્ધાભાવ થયો છે, પણ જ્ઞાનને તથા બીજા ગુણોને આવરણ લાગ્યું છે માટે મિશ્રભાવ છે, સ્વ-સંવેદન છે, પણ સર્વપ્રત્યક્ષ નથી. સર્વ કર્મ-અંશ ગયે શુદ્ધ છે અઘાતિ રહ્યો (પણ) શુદ્ધ છે. ઘાતિયાના નાશથી જ સકલ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



[1]પરમાત્મા છે. પ્રત્યક્ષ જ્ઞાન તો થયું છે.

વળી સિદ્ધ નિકલ સકલ કર્મરહિત પરમાત્મા[2] છે. અન્તરાત્મા-ને જ્ઞાનધારા અને કર્મધારા છે.

કોઈ પશ્ન કરે કે જો બારમે ગુણસ્થાને બે ધારા છે કે એક જ્ઞાનધારા જ છે ? જો (એક) જ્ઞાનધારા જ છે તો (તેને) અન્તરાત્મા ન કહો; તથા જો બંને ધારા છે તો બારમા ગુણસ્થાને મોહ ક્ષય થયો છે. રાગદ્વેષમોહ સર્વ ગયા છે (તો) બીજી કર્મધારા ત્યાં ક્યાં રહી ?

તેનું સમાધાનઃ- જ્ઞાન પરોક્ષ છે (કારણકે) કેવલજ્ઞાનાવરણ છે તેથી અજ્ઞાનભાવમાં બારમા ગુણસ્થાન સુધી છે. તેથી અન્તરાત્મા છે. પ્રત્યક્ષ જ્ઞાન વિના તે પરમાત્મા નથી. કષાય ગયા પણ અજ્ઞાનભાવ છે માટે તે પરમાત્મા નથી, અંતરાત્મા છે.

પશ્નઃ- બારમા (ગુણસ્થાન) માં અજ્ઞાન શું ?

તેનું સમાધાનઃ- કેવલજ્ઞાન વિના સકલ પર્યાય ભાસતા નથી તે જ અજ્ઞાન, નિજ પ્રત્યક્ષ વગરનું પણ અજ્ઞાન છે, તેથી 'અજ્ઞાન' સંજ્ઞા થઈ.

## આ મિશ્ર-અધિકાર (કહ્યો.)

---

૧. ......... તિનમેં ઘાતિ નિવારી;
શ્રી અરહંત સકલ પરમાતમ, લોકાલોક નિહારી.

૨. જ્ઞાનશરીરી ત્રિવિધિ કર્મમલ, વર્જિત સિદ્ધ મહન્તા;
તે હૈં નિકલ અમલ પરમાતમ, ભોગેં શર્મ અનન્તા.

-છહ્ઢાલા, પં. દૌલતરામ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# નિશ્ચયવસ્તુસ્વરૂપ

હવે નિશ્ચયથી વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું તેનું કંઈક વર્ણન કરવામાં આવે છે. વસ્તુનું પોતાનું નિજ સ્વરૂપ અનન્તગુણમય છે, તેમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રધાન છે. શાથી ? કે દેખવા-જાણવા પરિણમન વડે વેદવાથી રસાસ્વાદ અનુભવ થાય છે, ત્યાં સુખ સમક્તિ પ્રગટે છે. તેમના વડે ચેતના જાણવામાં આવી, ત્યારે ચેતનસત્તા, ચેતનવસ્તુત્વ, ચેતનદ્રવ્યત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ એ કહ્યાં. માટે દર્શન, જ્ઞાન, ચારિત્ર જીવનવસ્તુનું સર્વસ્વ છે. દ્રવ્ય, ગુણ, પર્યાય એ વસ્તુની અવસ્થા છે. અનાદિનિધન વસ્તુ અખંડ ચેતનારૂપ વર્તે છે, પણ અનાદિ કર્મજોગથી અશુદ્ધ થઈ રહી છે; સુખનિધાનને જાણતી નથી તો પણ શુદ્ધસ્વરૂપ છે.

જેમ કોઈએ કોઈ એક જ્ઞાનવાન પુરુષને પૂછયું કે અમને શુદ્ધ ચેતનની પ્રાપ્તિ બતાવો ? ત્યારે તે પુરુષે કહ્યું કેઃ- અમુક એક જ્ઞાનવાન છે. તેમની પાસે જાઓ, તે તમને બતાવશે -પ્રાપ્તિ કરાવશે.

ત્યારે તે (ત્યાં) ગયો. જઈને પશ્ન કર્યો કે અમને ચેતનની પ્રાપ્તિ કરાવો. ત્યારે તેણે તેને કહ્યું કે દરિયામાં એક મચ્છ રહે છે, તેની પાસે તમે જાઓ. તે મચ્છ તમને ચૈતન્યપ્રાપ્તિ કરાવશે.

ત્યારે તેના ઉપદેશથી તે પુરુષ પેલા મચ્છ પાસે ગયો. જઈને પશ્નં કર્યો કે અમને શુદ્ધ ચૈતન્યની પ્રાપ્તિ કરાવો. ત્યારે મચ્છે એવું વચન કહ્યું કે-અમારું એક કામ છે તે પહેલાં કરો, તો પછી તમને ચિદાનંદમાં લીન કરીએ. તમે મહાન સંત છો. અમારું કાર્ય કોઈએ હજી સુધી કર્યું નથી. તમે પરાક્રમી દેખાઓ છો; તેથી આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિયમ (નિશ્ચય) છે કે અમારું કાર્ય કરતાં અવશ્ય તમારું કાર્ય કરીશું એમ સાચું જાણો. ત્યારે તે પુરુષ બોલ્યો કે તમારું કાર્ય કરીશ, સંદેહ ન કરો. ત્યારે મચ્છે તેને કહ્યું કે-હું ઘણાં દિવસનો તરસ્યો આ દરિયામાં રહું છું. મારી તરસ ન છીપી, પાણીનો જોગ ન ખાધો, ક્યાંયથી સાચવીને પાણી લાવો, તમે મોટો ઉપકાર કરો, મારી તરસ મટાડો, મહાજનની રીત છે કે પર દુઃખ મટાડે. માટે આટલો ઉપકાર કરો, હું તમને ચિદાનંદ પ્રત્યક્ષ બતાવીને પ્રાપ્તિ કરાવીશ.

ત્યારે તે પુરુષ બોલ્યો કે-તમે એમ કેમ કહો છો ? જલસમૂહમાં તો તમે સદાય રહો છો, (માટે) એમ ન કહો કે 'જલ લાવો' દરિયા તરફ જુઓ, આ જલથી પ્રત્યક્ષ ભર્યો છે.

ત્યારે મચ્છ બોલ્યો કે-એમ જો તમે કહો છો, વળી એ વાત તમે માનો છો, તમે ચિદાનંદ પ્રત્યક્ષ છો, ચેતના છો તોય, આવો વિચાર તમે કર્યો છે. હવે તમે મને પૂછવા આવ્યા છો, પણ ચિદાનંદ હંસ પરમેશ્વર તમે જ છો, તેથી સ્થિર થઈ સંદેહ ત્યાગો પોતાનું ચૈતન્યસ્વરૂપ અનુભવો, પરના અનાદિજોગમાં પણ આત્મા જેવો ને તેવો છે; પરમાં અત્યંત ગુપ્ત થયો છે, તો પણ દેખવાનો સ્વભાવ ગયો નથી, જ્ઞાનભાવ ગયો નથી, પરિણામ (પરરૂપે) થયા નથી. પરના આવરણથી અવરાયા, મલિન થયા; પણ નિશ્ચયથી અખંડસ્વરૂપ ચિદાનંદ અનાદિનો છે. તે જેવો ને તેવો બની રહ્યો છે, કાંઈ ઘટ્યો કે વધ્યો નથી, (માત્ર) ભ્રમકલ્પનાથી સ્વરૂપ ભૂલ્યો છે. પરને જ સ્વમાન્યું તો શું [૧]થયું ! તે કહીએ છીએ-

---

૧. નિહચૈ નિહારત હી આતમા અનાદિ સિદ્ધ,
આપ નિજ ભૂલહીતૈં ભયો વિવહારી હૈ;
જ્ઞાયકશક્તિ યથાવિધિ સો તો ગોપ્ય દઈ પ્રગટ
અજ્ઞાનભાવદશા વિસતારી હૈ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ કોઈ હાથમાં રહેલા ચિંતામણિને ભૂલી કાચના કકડાને રત્ન માની ચલાવે તો તે રત્ન ન થાય અને ચિંતામણિને કાચ જાણે તો તે કાચ ન થાય. ચિંતામણિપણું ન જાય. તેમ આત્માને પર જાણે તો પર ન થાય, અને પરને આત્મા જાણે તો તે આત્મા ન [૧]થાય. વસ્તુ પોતાના સ્વભાવનો ત્યાગ કોઈ કાળે ન કરે. વસ્તુ વસ્તુત્વને ન તજે, પોતાના દ્રવ્યને ન તજે, પોતાના પ્રમાણ ન તજે, પોતાના પ્રદેશને ન તજે, ઈત્યાદિ ભાવને ન તજે, માટે તે અનાદિપ્રદેશપ્રમાણને (અનાદિથી ચાલ્યા આવતા પોતના પ્રદેશ પ્રમાણને) ન તજે. (વસ્તુ) શુદ્ધ-અશુદ્ધ બન્ને અવસ્થામાં પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવની દશા ન તજે. (તેનો) મહિમા અનંત અમિટ છે, (અર્થાત્) કોઈથી મટાડ્યો મટતો નથી, નિશ્ચયથી જે છે તે છે. (માટે) નિજ વસ્તુને શ્રદ્ધાન, જ્ઞાનાદિ અનંતગુણમાત્ર (રૂપ) જાણી અનંત સુખ કરે તો સુખી થાય. ઉપાયથી ઉપેયને પમાય છે. તે ઉપેય આનંદઘન પરમાત્મા પરમેશ્વર છે. તેનો ઉપાય

---

અપનો ન રુપ જાનૈ ઔરહીસ્યૌં ઔર માને
ઠાનૈ બહુ ખેદ નિજ રીતિ ન સંભારી હૈ;
ઐસે તો અનાદિ કહો કહા સિદ્ધિ સાધી
અબ નૈકહૂ નિહારૈ નિધિ ચેતના તુમ્હારી હૈ.

**-જ્ઞાન દર્પણ ૪૭**

૧. જ્ઞાન ઉપયોગ યોગ જાકૌ ન વિયોગ હોય
નિહચૈં નિહારૈ એક તિહૂં લોક ભૂપ હૈ;
ચેતના અનંત ચિદ્રૂપ સાસતૌં વિરાજમાન
ગતિ ગતિ ભ્રમ્યૌં તોઊં અચલ અનૂપ હૈ.
જૈસેં મણિમાંહિ કોઈ કાચખંડ માનૈ તોઉ
મહિમા ન જાય વામૈં વાહીકો સરુપ હૈ
ઐસેં હી સંભારિકૈ સરૂપકો વિચાર્યો
મૈં અનાદિકો અખંડ મેરો ચિદાનંદ રૂપ હૈ.

**-જ્ઞાન દર્પણ ૩૦**


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એટલા માટે કરવો કે 'સંસાર-અવસ્થામાં જ શરીરમાં કર્મબંધથી ગુપ્ત થયો, પરભાવનાથી દુ:ખી થયો, પોતાનું પરમેશ્વરપદ ન પામ્યો.' તેનો ઉપાય હોય તો ઉપેયને પામીએ. તે ઉપાય કહેવામાં આવે છે:-

ઉપાય પોતના સ્વરૂપને પામવાનો, પોતાનો ઉપયોગ છે. [૧]અન્ય ઉપાય તપ-જપ-સંયમાદિ શુભકર્મ છે. જેમાં પરમાત્માની ભક્તિ શુભ પણ પ્રતીતિથી, કારણ પણ છે; કારણ ધ્યાનથી કાર્યની સિદ્ધિ થાય છે. ગ્રંથ-ઉપદેશ પણ કારણ છે. પણ ઉપયોગ આવ્યે શુદ્ધ થાય. તેથી ઉપયોગની એકદેશ શુદ્ધતાની વૃધ્ધિ જેમ જેમ થાય તેમ તેમ મોક્ષમાર્ગમાં ચડે. આ શ્રી જિનેન્દ્રભગવાનનો નિરાબાધ ઉપદેશ છે. સકલ ઉપાધિ અનાદિથી લાગી આવી છે (પણ) જ્યારે ઉપયોગથી સમાધિ લાગે ત્યારે સાક્ષાત્ શિવપંથ સુગમ થાય. અનેક સંત સ્વરૂપસમાધિ ધરી ધરી પાર પામ્યા.



૧. આ કથન નિમિત્તથી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



# હવે કંઇક સમાધિવર્ણન કરવામાં આવે છે.

## સમાધિવર્ણન

સમાધિ તો પ્રથમ ધ્યાન થતાં થાય છે. તે ધ્યાન એકાગ્રચિંતા-નિરોધ થતાં થાય છે. તે ચિંતાનિરોધ રાગદ્વેષને મટાડવાથી થાય છે. તે રાગદ્વેષ ઇષ્ટ-અનિષ્ટ સમાગમ મટાડતાં મટે છે. તેથી જે જીવ સમાધિ-વાંછક છે તે ઇષ્ટ-અનિષ્ટનો સમાગમ મટાડી રાગદ્વેષને છોડી, (અન્ય) ચિંતા મટાડી, ધ્યાનમાં મન ધરી, ચિત્સ્વરૂપમાં સમાધિ લગાવીને નિજાનંદને ભેટો. સ્વરૂપમાં વીતરાગતાથી જ્ઞાનભાવ થાય ત્યારે સમાધિ ઊપજે (અને) તે પોતાના સ્વરૂપમાં મન લીન કરે, દ્રવ્યગુણપર્યાયમાં પરિણામ લીન (રહે), સ્વસમય-સમાધિ એવી હોય છે.

ત્યારે ઇન્દ્રાદિ સંપદાના ભોગ રોગવત્ ભાસે. [૧]'દ્રવ્ય' એવું નામ દ્રવણથી હોય છે, પરિણામમાં ગુણોને દ્રવે (પ્રાપ્ત થાય) તે દ્રવ્યત્વ-લક્ષણ છે; માટે ગુણદ્રવ્યમાં (ગુણસમુદાયરૂપ દ્રવ્યમાં) પરિણામ લીન હોય. ગુણદ્રવ્યમાં દ્રવ્યત્વ લક્ષણ છે. તો પરિણામથી દ્રવ્યગુણ મળી ગયા, તેથી દ્રવ્યત્વની એકદેશતા (પરિણામની એકદેશલીનતા) સાધકને એવી થઇ કે અનેક પરિષહની વેદના તે વેદતો નથી. રસાસ્વાદમાં લીન આનંદરસ તૃપ્ત થયો. જ્યારે મન પરમેશ્વરમાં મળી લીન થાય, (ત્યાંથી બહાર) ન નીકળે, પરમાનંદને વેદે ત્યારે સ્વરૂપની ધારણા થાય.

નિરંતર જ્યાં અચલજ્યોતિનો વિલાસ અનુભવપ્રકાશમાં થયો, (ત્યાં) ઉપયોગમાં પરિણામ જોડાય. જેમ જેમ દર્શનજ્ઞાનચેતના

---

૧. गुणान्द्रवन्ति गुणैःवा द्रूयन्त इति द्रव्यं ।

-"સર્વાર્થસિદ્ધિ"

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનૂપ; અખંડિત, અનંતગુણમંડિત સ્વરૂપને જાણી રસાસ્વાદ લે, તેમ તેમ પરવિસ્મરણ થઇ, પર-ઉપાધિની લીનતા મટે, સમાધિ પ્રગટે; ત્યારે સમ્યક્ પ્રકારે ઉત્કૃષ્ટ સ્વરૂપવેત્તા થાય. સમ્યગ્જ્ઞાન થતાં વસ્તુનો મહિમા જાણે, જાણતાં આનંદ થાય. જ્ઞાન જ્ઞાનને જાણે, જ્ઞાન દર્શનને જાણે, જ્ઞાન સર્વગુણોને જાણે, દ્રવ્યને જાણે, પર્યાયને જાણે, એકદેશ-ભેદે સાધકજ્ઞાન જાણે, જ્ઞાનથી વસ્તુને જાણતાં પરમપદ પામે. તેના જેવું (પરમપદ જેવું) સુખ પરોક્ષ જ્ઞાન પણ છે. પ્રત્યક્ષ પ્રતીતિમાં વેદે છે. ત્યાં આનંદ એવો થાય છે. સંપ્રજ્ઞાતસમાધિમાં દુઃખાદિની વેદના પ્રત્યક્ષ થવા છતાં પણ વેદતો નથી. વિધાન સ્વરૂપ વેદવાનું છે. મનવિકાર જેટલા અંશે વિલય પામ્યા તેટલી સમાધિ થઇ (અને) સમ્યગ્જ્ઞાનથી વસ્તુનો જેટલો ભેદ ગુણો વડે જાણ્યો તેટલું સુખ-આનંદ-વધ્યું. વિશ્રામ થતાં સ્વરૂપસ્થિરતા પામી, સમાધિ લાગી, જ્ઞાનધારા નિરાવરણ થઇ જેમ જેમ નિજ તત્ત્વ જાણે તેમ તેમ કેવલ વિશુદ્ધતા વડે જ્ઞાનપરિણતિ પરમપુરુષ સાથે મળી નિજ મહિમાને પ્રગટ કરે. ત્યાં અપૂર્વ આનંદભાવની પિછાણ થાય ત્યારે સ્વરૂપની સમાધિ કહીએ.

ત્યાં આકુલતાનું મૂલ જે અનાદિના અજ્ઞાનનો ભ્રમભાવ હતો તે મટયો. અનાત્મના અભ્યાસના અભાવથી સહજપદનો ભાવ ભાવતાં ભવવાસના વિલય પામે, ગુણનું નિધાન એવું પરમપદનું સ્થાન દેખાય, પ્રમાણભાવ વડે અમ્લાન ભગવાનના સકલ પદાર્થને જાણવારૂપ જ્ઞાનની પ્રતીતિમાં નવ નિધાન આદિ જગત્નું વિધાન જૂઠં ભાસ્યું; ત્યારે આત્મભાવ પ્રકાશ્યો, (તેની) ઓળખાણ (પોતે) પોતાથી કરી ત્યારે ચેતનભાવ લીધો, શુદ્ધ ધારણા ધરી, નિજ ભાવના કરી, શિવપદને અનુસરી, આનંદરસથી ભરી, ભવબાધા હરી, જ્યાં જેટલી સદા પ્રમોદપૂર્વક અબાધા (કરી) ત્યાં એટલી શક્તિ વધી, શિવસુખદાયક, ચિદાનંદની અધિકાઇ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગ્રંથગ્રંથોમાં (દરેક સદ્-ગ્રંથમાં) ગાઈ છે (કહી છે) તે સમાધિથી પામવામાં આવે છે.

આ સ્વરૂપાનંદ પદનો ભેદી (મર્મજ્ઞ) સમાધિથી થાય છે. વસ્તુના સ્વરૂપને, ગુણના જાણવાથી, જાણે છે. ગુણનો પુંજ વસ્તુમય છે. વસ્તુ અભેદ છે. ગુણગુણીનો ભેદ ગુણથી થયો. માટે ગુણનો ભેદ, અભેદ વસ્તુને જાણવામાં કારણ છે.

વિતર્ક એટલે દ્રવ્યનો શબ્દ, તેના અર્થને ભાવવો. ભાવશ્રુત, શ્રુતમાં સ્વરૂપ-અનુભવકરણને કહ્યું. પરમાત્માને ઉપાદેય કહ્યો. તે જ રૂપ ભાવ તે ભાવશ્રુતરસ, તેને પી. અમરપદ સમાધિથી છે. વિચાર, અનાદિના ભવભાવનાનો નાશ, ચિદાનંદના દ્રવ્યગુણપર્યાયનો વિચાર ન્યારા જાણી દર્શનજ્ઞાનની વાનગીને પિછાણી ચેતનમાં મગ્ન થતાં, જેમ જેમ ઉપયોગ-સ્વરૂપ લક્ષણને લક્ષી (ઓળખી) રસાસ્વાદ પીએ તેમ તેમ સ્વપરભેદ વિચારમાં સારપદને પામી સમાધિ લાગી. જેનો અપાર મહિમા છે એવા પરમપદને પામ્યો. અનાદિથી પરઈન્દ્રિયજનિત આનંદ માનતો હતો તે મટ્યો. જ્ઞાનાનંદમાં સમાધિ થઈ, વસ્તુને વેદી આનંદ થયો, ગુણને વેદી આનંદ થયો. પરિણતિએ સ્વરૂપમાં વિશ્રામ લીધો ત્યારે આનંદ થયો. એકદેશ સ્વરૂપાનંદ એવો છે,

જ્યાં ઈન્દ્રિયવિકારબલ વિલ પામ્યું છે, મનવિકાર નથી, સુખ અનાકુલરસ રૂપ, સમાધિ જાગી છે, **"अहं ब्रह्म,"** **"अहं अस्मि"** (હું બ્રહ્મ છું, હું છું) એવી બ્રહ્મપ્રતીતિની ભાવનામાં સ્થિરતામાં સમાધિ થઈ, ત્યાં આનંદ થયો. પહેલાંતો કેટલાક કાલ સુધી **'अहं'** (હું) એવો ભાવ રહે, પછી સમાધિમાં 'અહંપણું' તો છૂટે, (અને) **'अस्मि'** કહેતાં 'છું' એવો ભાવ રહે, ત્યાં 'દર્શનજ્ઞાનમય છું, હું સમાધિમાં લાગું છું એવા 'હું'નું રહેવું પણ વિચાર છે.

એ મટતાં વિશેષ આ પ્રમાણે હોય કે-દ્રવ્યશ્રુતવિતર્કપણું મટી એકત્વ સ્વરૂપમાં થયું, એકતાન રસરૂપમાં મન લીન થઈ સમાધિ લાગી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્યાં વિચારભેદ મટ્યો. વીતરાગરૂપ અનુભવ-સ્વસંવેદનભાવ-થયો. એકત્વચેતનામાં મન લાગ્યું, લીન થયું. ત્યાં ઇન્દ્રિયજનિત આનંદનો અભાવ થવાથી સ્વભાવલખાવનો (સ્વભાવજ્ઞાનનો) રસાસ્વાદ કરવાથી આનંદ વધ્યો, ત્યાં વળી **'अस्मिभाव'** જ્ઞાન જ્યોતિમાં હતો તે પણ થાક્યો. (અટક્યો, શાંત થયો).

હવે વિવેકનું સ્વરૂપ, પરિણતિશુદ્ધિનું સ્વરૂપ આ પ્રમાણે છે. જ્યાં પરમાત્માનો વિલાસ નજીક થયો, ત્યાં અનંતગુણના રસને ફરી પરિણામમાં વેદી સમાધિ લાગી, નિર્વિકાર ધર્મનો વિલાસ-પ્રકાશ થયો, પ્રતીતિમાં રાગાદિ રહિત ભાવનામાં મનોવિકાર ઘણો ગયો ત્યારે આગળ અંશ પ્રજ્ઞાત થયો. ત્યારે પરને જાણવામાં વિસ્મરણભાવ આવ્યો. ત્યારે કેવલજ્ઞાન અતિશીઘ્રકાલમાં પામે. પરમાત્મા થઈ લોકાલોકને જાણે એવો અનુભવનો મહિમા, મનનો વિકાર મટતાં થાય છે, તે મનવિકાર, મોહનો અભાવ થતાં, મટે છે. મોહ સર્વ જીવનો મહારિપુ છે. અનાદિથી સંસારી-જીવને ચોરાશીમાં નચાવે છે અને સંસારી જીવહર્ષ માની, માની ભવ સમુદ્રમાં ગરે છે-પડે છે, (તો પણ) પોતાને ધન્ય માને છે. દેખો ! ધીઠાઈ જ ભૂલથી કેવી પકડી છે ! અનંતસુખદાયક યથાર્થ નિજ નિધિને સંભારતો નથી. માટે એ જ જીવોને શ્રી ગુરુપદેશામૃત પીવા યોગ્ય છે. એથી મોહ મટે અને અનુભવ પ્રગટે તે કહેવામાં આવે છેઃ-

પ્રથમ શ્રી જિનેન્દ્રદેવની આજ્ઞાની પ્રતીતિ કરે, ત્યાર પછી ભગવત્પ્રણીત ઉપાદેય તત્ત્વ વિચારે કે-અનંત સુખધામ, અમલ, અભિરામ, આત્મારામ, પર રહિત ચૈતન્યપ્રકાશ ઉપાદેય છે, પર હેય છે. **સ્વપરભેદજ્ઞાનના નિરંતર અભ્યાસથી શુદ્ધ ચૈતન્યતત્ત્વની લબ્ધિ (પ્રાપ્તિ) થાય,** તેનાથી રાગદ્વેષમોહ મટે, કર્મનો સંવર થાય, ત્યારે કર્મ મટવાથી નિજજ્ઞાનથી નિર્જરા થાય. ત્યારે સકલ કર્મક્ષય (રૂપ) નિજ પરિણામ થતાં ભાવમોક્ષ થાય. ત્યારે દ્રવ્યમોક્ષ થાય ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય જ. માટે ભેદજ્ઞાનના અભ્યાસથી પરમપદ સિદ્ધ (થાય) છે. તે ભેદજ્ઞાન પ્રગટ કરવાનો વિચાર કહેવામાં આવે છેઃ-

જ્ઞાનભાવ-જાણવરરૂપ ઉપયોગ-વિભાવભાવને પોતાના જાણે છે. તે વિભાવને જાણવાની શક્તિને આત્મા પોતાની જાણે. જાણરૂપ (જ્ઞાનરૂપ) પરિણમન કરે. જ્ઞાનરસ પીએ, વિભાવોને ન્યારા ન્યારા જાણે. વિભાવરૂપ કર્મધારા, જ્ઞાનપરિણામરૂપ સુધાધાર બન્ને ધારાને ન્યારી ન્યારી જાણે, પુદ્ગલ-અંશ આઠ કર્મ અને શરીર ભિન્ન છે, જડ છે, ચેતન ઉપયોગ-મય છે, (એમ) એનામાં વિવેચન કરે. જુદો પ્રતીતિભાવ કરે કે શરીર પ્રત્યક્ષ જડરૂપ રહે છે. સદા (ક્યારેય) તેમાં ચેતનાનો પ્રવેશ ન થાય, ચેતના જડ ન થાય, એ પ્રત્યક્ષ સર્વ ગ્રંથો કહે છે, સર્વ જન કહે છે. જિનવાણી વિશેષ કરીને કહે છે. (તથા) પોતાના જાણવામાં પણ આવે છે. શરીર જડ અનંતા તજ્યાં (પણ) દર્શનજ્ઞાન સદાય સાથ રહ્યાં કર્યાં, તેથી અત્યારે પણ દેખવા-જાણવાવાળો આ મારો ઉપયોગ તેજ મારું સ્વરૂપ છે. તેથી ઉપયોગી-અનુપયોગી ને વિચારતાં જડચેતનની પ્રતીતિ થાય. વિભાવ કર્મચેતના છે. કર્મ-રાગદ્વેષમોહરૂપ ભાવ કર્મ તેમાં ચેતના પરિણમે છે. ત્યારે ચિદ્વિકાર થાય છે. આ ચિદ્વિકારને પોતાનો કરીને પોતાને મલિન કર્યો છે. કેવલજ્ઞાનપ્રકાશ આત્માનો વિલાસ છે. તેને સંભારતો નથી. મોહવશથી ગ્રંથને સાંભળે છે તથા જાણે છે. શરીર, વિણસશે, પરિવાર, ધન, સ્ત્રી, પુત્ર એ પણ રહેશે નહિ, પણ તેમના પ્રત્યે હેત કરે, નરકનો બંધ પડે, (એવા) અનંત દુઃખનાં કારણને સુખ સમજે છે.

આવી અજ્ઞાનતા મોહવશથી છે. માટે જ્ઞાનપ્રકાશરૂપ મારો ઉપયોગ સદાય મારું સ્વરૂપ છે, તેથી સદાય મારો સ્વભાવ મારામાં છે. કદી પણ જેનો વિયોગ ન થાય, અનંતમહિમાભંડાર, અવિકાર, સારસરૂપ (સારસ્વરૂપ) દુર્નિવાર મોહથી રહિત થાય (એમ)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુપમ આનંદઘનની ભાવના કરવી. જડ અને પરજીવરૂપ સર્વ પરનો અંશે-અંશ સ્વરૂપની ભિન્ન જાણી દર્શનજ્ઞાનચારિત્રાદિ અનંતગુણમય મારું સ્વરૂપ છે. પ્રતીતિમાં એવો ભાવ કરતાં પર ન્યારું ભાસે. વિભાવરૂપ ઉફદમલ (-ઔપાધિક ભાવ) પોતાને ભ્રમથી થયો, તેથી ભ્રમ મટાડતાં વિભાવ ન થાય, સ્વભાવ પ્રગટે. અનાદિના અજ્ઞાનથી જ્ઞાન ગુપ્ત થયું છે. શુદ્ધ-અશુદ્ધ બંને દશામાં જ્ઞાન શાશ્વતી શક્તિ સહિત છે. ચિદ્વિકારભાવ, ક્રોધાદિરૂપ થતાં થાય છે, તે જ ભાવને મટાડી પોતે નિર્વિકાર સહજ ભાવને, પોતાનામાં આચરણ-વિશ્રામ-સ્થિરતાના પરિણામ કરી, કરો. જે બાહ્યમાં પરિણામ ઊઠે છે તે અશુદ્ધ છે, તે પરિણામનો કરનાર અશુદ્ધ થાય છે. ચેતનાનામ (ચેતનાભાવ) બાહ્ય વિકારમાં ન આવે, ઉપયોગરૂપ પોતાની આ જ્ઞાયકશક્તિને યથાર્થ (બરાબર, નિશ્ચયથી) જાણો તો નિજરૂપ સ્થિર થાય. ચેતન-ઉપયોગની પ્રતીતિ કરતાં કરતાં પરથી સ્વામીત્વ મટાડી મટાડી, સ્વરૂપરસાસ્વાદ ચઢતો ચઢતો જાય. ત્યારે શુદ્ધ ઉપયોગ-સ્વરસ પૂર્ણ વિસ્તારને પામે, ત્યારે કૃતકૃત્ય થઈ રહે. આ શ્રી જિનેન્દ્રશાસનમાં સ્યાદ્વાદવિદ્યાના બલથી નિજજ્ઞાનકલાને પામી અનાકુલ પદને પોતાનું કરે. અહીં સર્વ કહેવાનું તાત્પર્ય આ છે કે પરને પોતાનું કરવાનું સર્વથા મટાડી સ્વરસ રસા-સ્વાદરૂપ શુદ્ધ ઉપયોગ કરો. રાગદ્વેષ વિષય-વ્યાધિ (પાઠાન્તર-વિષમવ્યાધિ) છે. તેને મટાડી મટાડી પરમપદ અમર થાય છે. અતીન્દ્રિય, અખંડ, અતુલ, અનાકુલ સુખને પોતાના પદમાં સ્વસંવેદન-પ્રત્યક્ષથી વેદો. સર્વસંત-મુનિજનપંચપરમગુરુ સ્વરૂપનો અનુભવ કરે છે. માટે મહાજનો જે પંથને પકડી પાર થયા તે જ અવિનાશીપુરનો પંથ જ્ઞાનીજનોએ પકડવો તે અનંત કલ્યાણનું મૂલ છે.

ચેતનાપરિણામ ચેતનદ્રવ્યમાં લીન થતાં જ્ઞાનજ્યોતિનું અચલપદ ઉદ્યોત થાય છે. **"એકદેશ ઉપયોગ શુદ્ધ કરી સ્વરૂપશક્તિને જ્ઞાનદ્વારમાં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જાણનલક્ષણ વડે (જ્ઞાનલક્ષણવડે) જાણે,"** પોતાનો લક્ષ્યલક્ષણ-પ્રકાશ પોતામાં ભાસે ત્યારે સહજ ધારાવહી નિજશક્તિ વ્યક્ત (પ્રગટ) કરતાં કરતાં સંપૂર્ણ વ્યક્તતા કરે ત્યારે યથાવત્ જેવું તત્વ છે તેવું પ્રત્યક્ષ જાણે. દેખો ! કોઈ ભગલવિદ્યા વડે કાંકરાને નીલ, હીરા, મોતી દેખાડે છે, સાવરણીના તૃણને સર્વ કરી દેખાડે છે, ત્યાં વસ્તુ લોકોને સાચી દેખાય છે પણ તે સાચી નથી. તેમ પરમાં નિજપણું માની પોતામાં સુખ કલ્પે તે સર્વથા જૂઠ છે. સુખનો પ્રકાશ પરમ અખંડ ચેતનાના વિલાસમાં છે. શુદ્ધસ્વરૂપ પોતે પરમાં ખોજ કરે તો ન પામે. વારંવાર એટલા માટે કહેવામાં આવે છે કે અનાદિનો અવિદ્યામાં ખૂંચી રહ્યો છે, મોહની અત્યંત નિબિડ ગાંઠ પાડી છે. સ્વપદની ભૂલ થઈ છે. ભેદજ્ઞાનથી અમૃતરસ-પીએ તો અનંતગુણધામ, અભિરામ આત્મારામની અનંતશક્તિનો અનંત મહિમા પ્રગટ કરે. એ આ સર્વકથનનું મૂલ છે. પર પરિણામને દુઃખધામ જાણી પરની માન્યતા મટાડી સ્વરસનું સેવન કરવું અને (પોતાના) નિદાન પર (લક્ષ્ય પર) દૃષ્ટિ કરવી.

દુઃખનું મૂલ એવા વિનશ્વર પરનું અનાદિથી સેવન કર્યું તેથી જન્માદિ દુઃખ થયાં. હવે નરભવમાં સત્સંગથી તત્ત્વવિચારનું કારણ મળ્યું, તો પછી શા માટે અનાદિના ભવસંતાનની બાધાના કરનાર પરભાવને સેવીએ ? જેનાથી આ અખંડિત, અનાકુલ, અવિનાશી, અનુપમ (અને) અતુલ આનંદ થાય તે જ ભાવ કરીએ. જે ભાવને મનોહર જાણી મોહ કરે છે તે પોતાના આત્માને જૂઠી અવિદ્યાના વિનોદ વડે ઠગે છે. સકલ જગતચરિત્ર જૂઠું જ બન્યું છે, તે મોહથી જાણતો નથી. જો સ્વરસસેવન (કરે) તો પરપ્રીતિની રીતિ રંચ પણ ન ધારે, (અને) અનંતમહિમાભંડારને જ્ઞાનચેતનામાં પોતાપણે (પોતારૂપ) અનુભવે. જે જે ઉપયોગ ઊઠે છે તે હું છું. એવો નિશ્ચય ભાવનામાં કરે તો તે તરે ને તરે જ. અનાદિનો વિચાર કરે. અનાદિથી પરમાં પોતાને જાણી દુઃખ સહ્યું. હવે શ્રી ગુરુએ એવો ઉપદેશ કહ્યો[1] છે તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સત્ય કરી માનતાં જ શ્રદ્ધાથી મુક્તિનો નાથ થાય છે, માટે ધન્ય છે. સદ્‌ગુરુને કે જેમણે ભવ-ગર્ભમાંથી નીકળવાનો ઉપાય બતાવ્યો. તેથી શ્રી ગુરુના જેવા કોઈ ઉપકારી નથી. એમ જાણી શ્રીગુરુના પ્રવચનપ્રતીતિથી પાર થવું.

જેટલો અનુરાગ[1] વિષયોમાં કરે છે, મિત્ર, પુત્ર, ભાર્યા, ધન, શરીરમાં કરે છે તેટલી રુચિ, શ્રદ્ધા, પ્રતીતિભાવ, સ્વરૂપમાં તથા પંચપરમગુરુમાં કરે તો મુક્તિ અતિસુગમ થાય[2]-પંચપરમગુરુનો રાગ પણ એવો છે-જેમ સંધ્યાની લાલાશ સૂર્યની અસ્તતાનું કારણ છે, પ્રભાતની સંધ્યાની લાલાશ સૂર્યોદયને કરે છે તેમ વિવિધ (-પાંચ પ્રકારના) પરમ ગુરુ વિના, શરીરાદિનો રાગ કેવળજ્ઞાનની અસ્તતાનું કારણ છે, (અને) પંચપરમગુરુનો રાગ કેવળજ્ઞાનના ઉદયનું કારણ છે. માટે વિશેષપણે પરમ ધર્મના દાતા (પ્રત્યે) પરમ ધર્મના અનુભવ (પ્રત્યે) રાગ સુખદાયક છે. અર્થ (લક્ષ્મી) અનંત અનર્થને કરે છે, તે કોઈ અર્થની નથી; અર્થ તો તે જ કે જે પરમાર્થને સાધે. તેની કામનાથી શું કામ ? નિજ કામનાથી કામ, તે જ સુકામને સુધારે, મિથ્યારૂપ ધર્મ અનંત સંસારને કરે, તે ધર્મ શાનો ? સર્વજ્ઞપ્રણીત નિશ્ચયનિજધર્મ છે, વ્યવહારરત્નત્રયરૂપ કારણ છે. મોક્ષ તે જ કે જે ફરી કર્મ ન બાંધે, (માટે) આમ વિચારવું કે-જેવી રીતે દીપકને મંદિરમાં ધરવાથી પ્રકાશ થાય તો સર્વ સૂઝે, એમ જ્ઞાનીને જ્ઞાનપ્રકાશથી સર્વ સૂઝે.

---

૧. ભૈયા જગવાસી તૂ ઉદાસી હવૈ કૈ જગતસૌં; એક છ મહીના ઉપદેશ મેરો માનુ રે;
ઔર સંકલ્પવિકલ્પકે વિકાર તજિ, બૈઠિકૈં એકાન્તમન એક ઠૌર આનુ રે.
તેરો ઘટ સર તામૈં તૂ હી હૈ કમલ તાકૌ, તૂ હીં મધુકર હવૈ સુવાસ પહિચાનુ રે;
પ્રાપતિ ન હૈ હૈ કછુ એસૌ તૂ વિચારતુ હૈ, સહી હવૈ હૈ પ્રાપતિ સરૂપ યૌંહી જાનુ રેડ

**- સમયસારનાટક અજીવદ્વાર.**

૨. જૈસી ભક્તિ હરામમૈં તૈસિ જિનમેં હોય;
ભેદજ્ઞાનતૈં સહજ સહિ પરમાતમ પદ સોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કેવી રીતે ? જ્ઞાન વડે વિચારે-શરીરમાં ચેતન છે. દષ્ટિદ્વારથી દેખે છે, જ્ઞાનદ્વારથી જાણે છે. પોતાના ઉપયોગ વડે પોતે ચેતન છે. પોતે એવું જાણે કે દેહમાં દેહને દેખનાર મારું સ્વરૂપ ચેતનરૂપ છે. તો [૧]જડને હલાવે છે, ચેતનપ્રેરક છે. અચેતન અનુપયોગી જડ દેખતું નથી, જાણતું નથી એ પ્રસિદ્ધ છે. જો શરીર દેખતું, જાણતું હોય તો જ્યારે જીવ ગત્યંતર થાય છે ત્યારે શરીર કેમ દેખતું નથી ? માટે આ દેખવા- જાણવા વડે પોતાને ચેતનરૂપ પ્રત્યક્ષ બરાબર નિશ્ચય કરી, સ્વરૂપને ચેતન માની, અચેતનનું અભિમાન તજવું (તે) મોક્ષનું મૂળ છે.

શરીરવાસનાને ત્યાગીને પોતાનું સ્વરૂપ અવગાઢ કરી ચેતન-સ્વરૂપ કરી (ચેતનસ્વરૂપપણે) ભાવવું. ઉજ્જડને વસ્તી માને છે (અને) ચેતનવસ્તીને ઉજ્જડ માને છે, એવી ભૂલ મટાડી તારી ચેતનાવસ્તી શાશ્વત છે ત્યાં વસે તો પોતાનું અનંતગુણનિધાન ન લુટાવે. નિજધનનો ધની પરમ શાહ થાય, ત્યારે અનંતસુખવ્યાપારમાં અવિનાશી નફો થાય. અનાદિથી પરમાં પોતાને માન્યો, પરને ગ્રહણ કરતાં પરવસ્તુનો ચોર થયો. જગતમાં (જન્માદિના) દુઃખદંડ ભોગવે છે. વિવેક-રાજાનો અમલ (શાસન) થાય અને પરગ્રહણરૂપ ચોરી મટે ત્યારે પોતે શાહપદ ધરી સુખી થાય. ત્યારે નિજપરિણતિ રમણીથી પોતાનું નિજ ઘર સ્થિર કરે.

અનાદિથી અસ્થિરપદનો પ્રવેશ હતો, તેને ત્યાગી અંખડ અવિનાશી પદમાં પહોંચે. સ્વરૂપનો અનુભવ એ સાક્ષાત્ શિવમાર્ગ (મોક્ષમાર્ગ) છે, સ્વરૂપનો અનુભવ એ શિવપદ છે, અનુભવ ત્રિભુવન-સાર છે, અનુભવ અનંત કલ્યાણ છે, અનુભવ મહિમાભંડાર છે, અનુભવ અતુલ બોધફળ છે, અનુભવ સ્વરસસરસ

૧. આ કથન નિમિત્તથી છે. નિમિત્તથી કથન કરીને દેખનાર જાણનાર પોતે ચેતનરૂપ છે એમ નક્કી કરે છે. ખરેખર તો જડ જડને હલાવે છે. ચેતન જડને હલાવતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે, અનુભવ સ્વસંવેદન છે, અનુભવ તૃપ્તિભાવ છે, અનુભવ અખંડપદ સર્વસ્વ છે. અનુભવ રસાસ્વાદ છે, અનુભવ વિમલરૂપ છે, અનુભવ અચલ જ્યોતિરૂપને પ્રકટ કરનાર છે, અનુભવના રસમાં અનંતગુણો રસ છે, પંચપરમગુરુ અનુભવથી થયા અને થશે[૧]. સકલ સંત, મહંત, ભગવંત અનુભવમાં લાગેલા છે. માટે જે ગુણવાન છે તે અનુભવ કરો. સકલ જીવરાશિ, સ્વરૂપને અનુભવો. આ અનુભવપંથને નિર્ગ્રંથ સાધી સાધી ભગવાન થયા.

પરિગ્રહવાન સમ્યગ્દષ્ટિ પણ ક્યારેક ક્યારેક અનુભવ કરે છે, તેઓ ધન્ય છે. મોક્ષના સાધક છે. જે સમયે સ્વરૂપ-અનુભવ કરે છે તે સમયે સિદ્ધ સમાન અમ્લાન આત્મતત્ત્વને અનુભવે છે. એક દેશ સ્વરૂપ અનુભવમાં સ્વરૂપ-અનુભવની સર્વસ્વ જાતિ પિછાણી છે. અનુભવ પૂજ્ય છે, પરમ છે, ધર્મ છે, સાર છે, અપાર છે, ઉદ્ધાર કરે છે, અવિકાર છે, ભવપાર કરે છે, મહિમાને ધરે છે, દોષને હરનાર છે, તેનાથી ચિદાનંદનો સુધાર છે.

## (સવૈયા)

દેવ જિનેન્દ્ર મુનીંદ્ર સબૈ અનુભૌ રસ પીયકૈં આનંદ પાયૌ;
કેવલજ્ઞાન વિરાજત હૈ નિત સો અનુભૌરસ સિદ્ધ લખાયૌ.
એક નિરંજન જ્ઞાયકરૂપ અનૂપ અખંડ સ્વસ્વાદ સુહાયૌ;
તે ધન્ય[૨] હૈં જગમાંહિ સદૈવ સદા અનુભૌ નિજ આપકૌ ભાયૌ. ૧

---

૧. ગુણ અનન્ત કે રસ સબૈ અનુભવ રસકે માંહિ;
યાતૈં અનુભૌ સારિખૌ ઔર દૂસરો નાહિ. ૧૫૩
પંચ પરમગુરુ જે ભયે જે હોંગે જગમાંહિ;
તે અનુભૌ પરસાદતૈં યામૈં ધોખો નાહિ. ૧૫૪ (જ્ઞાન દર્પણ)

૨. પાઠાન્તર-ધન્ય=ધનિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અડિલ્લ)

યહ 'અનુભવ પ્રકાશ' જ્ઞાન નિજ દાય હૈ;
કરિ યાકૌ અભ્યાસ સંત સુખ પાય હૈ.
યામૈં અર્થ અનૂપ સદા ભવિ સરદ હૈ;
કહૈ 'દીપ' અવિકાર આપ પદેકૌં લહૈં. ૧

ઈતિ શ્રી દીપચંદસાધર્મીકકૃત અનુભવપ્રકાશ નામનો ગ્રંથ સંપૂર્ણમ્.

ઈતિ શ્રી દીપચંદસાધર્મીકૃત અનુભવપ્રકાશગ્રંથનો હિંદી ઉપરથી ગુજરાતી અનુવાદ સમાપ્ત.

સંવત ૧૯૯૮ આસો શુદી ૧, રવિવાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com